# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

'ધક ધક ગર્લ' 'ફ્લોપ' એક્ટ્રેસમાંથી બની 'હિટ' એક્ટ્રેસ!



પેજ-09

સીરીઝ હાર્યા બાદ પણ જસપ્રિત બુમરાહે જીત્યો મોટો એવોર્ડ

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 24.00 | 13.00 |
| વડોદરા | 26.00 | 14.00 |
| સુરત | 27.00 | 15.00 |


પેજ 5



એજ્યુકેશન લોન મુશ્કેલ... 75% લોકો મિલકત ગીરવે મૂકવા મજબૂર


06 JANUARY-2025 MONDAY


ઈટાલીનાં PMમેલોનીએ મસ્કની પ્રશંસા કરી કહ્યું : અમારા મૈત્રી...



પેજ 10

**.....સુવિચાર.....**

દરેક કામમાં જોખમ હોય છે, પરંતુ કશું નહિ કરવામાં મોટું જોખમ હોય છે!


વર્ષ-14 । અંક-050 । વિક્રમ સંવત-2081 । પોષ સુદ- 07 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## કોરોના અને AAP-DAનો કાચો ચિઠ્ઠો,ચૂંટણી રેલીમાં PM મોદીના પ્રહાર

# દિલ્હીના સત્તાધીશો શીશમહેલ બનાવવામાં વ્યસ્ત

(એજન્સી) નવી દિલ્હી | તા.05

દિલ્હીમાં વિધાનસભા ચૂંટણીની જાહેરાત પહેલાં જ વડાપ્રધાન મોદીએ રૂ. 12 હજાર કરોડથી વધુ ભેટ દિલ્હીવાસીઓને આપી છે. 'નમો ભારત' નેટવર્કનું વિસ્તરણ અને નવી મેટ્રો લાઈનના ઉદ્ઘાટન સાથે ભારતને સૌથી મોટા મેટ્રો રેલ નેટવર્ક ધરાવતા દેશોની યાદીમાં ત્રીજું સ્થાન પણ અપાવ્યું છે. આ ઉદ્ઘાટન બાદ વડાપ્રધાન મોદી રોહિણીના જાપાની પાર્કમાં ભાજપની પરિવર્તન રેલીને સંબોધિત કરી રહ્યા હતા. જેમાં એકબાજુ આપ પર આકરા પ્રહારો કરતાં કહ્યું કે, 'કેન્દ્ર સરકારે દિલ્હીને ઝોળી ભરીને પૈસા આપ્યા છે, પરંતુ દિલ્હીના સત્તાધીશો શીશમહેલ બનાવવામાં વ્યસ્ત હતાં.' બીજી બાજુ અનેક વર્તમાન સરકારની ઉપલબ્ધ સ્કીમ્સને બંધ નહીં કરવાનું વચન પણ આપ્યું છે. અરવિંદ કેજરીવાલના પક્ષ તરફથી થઈ રહેલા પ્રચારોને ખોટા ઠેરવતાં કહ્યું છે કે, 'ભાજપની સરકાર બની તો મફત વીજ-પાણી જેવી કોઈ વર્તમાન સ્કીમ બંધ થશે નહીં.'



### 'આપ-દા સહન નહીં થાય'


21મી સદીના વળાંક પર, હું દિલ્હીના લોકોને ખાસ વિનંતી કરવા આવ્યો છું, હું દિલ્હીના ઉજ્જવળ ભવિષ્ય અને તમારા બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે ભાજપને તક આપવા વિનંતી કરવા આવ્યો છું. દિલ્હીનો વિકાસ ભાજપ જ કરી શકે છે. આમ આદમી પાર્ટી પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે છેલ્લા 10 વર્ષમાં દિલ્હીએ જે રાજ્ય સરકાર જોઈ છે તે કોઈ 'આપત્તિ'થી ઓછી નથી. દિલ્હીમાં એક જ અવાજ ગુંજી રહ્યો છે કે 'આપ-દા સહન નહીં થાય, અમે બદલાઈશું.'

### AAP-DA સરકાર પાસે દિલ્હી માટે કોઈ વિઝન નથી: PM મોદી

# પ્રિયંકા ગાંધીના ગાલ જેવા રસ્તા બનાવીશું

## ભાજપ નેતા બિધૂડીનું વિવાદિત નિવેદન

(એજન્સી) નવી દિલ્હી | તા.05



ભાજપ નેતા અને કાલકાજી વિધાનસભા બેઠકમાંથી ઉમેદવાર રમેશ બિધૂડીના વિવાદાસ્પદ નિવેદન સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યું છે. જેમાં તેમણે કહ્યું હતું કે, 'કાલકાજીના રસ્તાઓને પ્રિયંકા ગાંધીના ગાલ જેવા બનાવીશું.' રમેશ બિધૂડી હંમેશા પોતાના નિવેદનોના કારણે ચર્ચામાં રહેતા હોય છે. બિધૂડીનું આ વિવાદાસ્પદ નિવેદન વાયરલ થયા બાદ મીડિયા દ્વારા તેમની પાસેથી સ્પષ્ટીકરણ મગાવવામાં આવ્યું છે.

## મ્યાનમારમાં બળવાખોરોની સેના જીત તરફ

# ભારતની બાજુમાં જ એક નવો દેશ બનશે!

(એજન્સી) નવી દિલ્હી | તા.05

ભારતના પડોશી દેશ મ્યાનમારમાં બળવાખોરો ભારે ધમાસાણ મચાવી રહ્યા છે. સૌથી મોટી વાત એ છે કે, યુનાઈટેડ લીગ ઑફ અરાકાન (ULA) અને તેઓની લશ્કરી શાખા અરાકાન આર્મી એક સ્વતંત્ર દેશ બનાવવા માંગે છે, તેથી આ લક્ષ્ય સુધી પહોંચવાની તૈયારીમાં છે. આ જ ક્રમમાં અરાકાન આર્મીએ મ્યાનમાર યુનિયનના રખાઈન (અગાઉ અરાકાન) રાજ્યના 18માંથી 15 શહેરો પર કબજો કરી લીધો છે. આમ રખાઈન રાજ્યના 15 શહેરો પર કબજો કર્યા બાદ હવે માત્ર ત્રણ શહેરો અરાકાન આર્મીના હાથમાં આવવાના બાકી છે. હાલ આ ત્રણ શહેરો મ્યાનમાર (બર્મા)ની સેનાના હાથમાં છે. આ ત્રણ શહેરોની વાત કરીએ તો, આમાંથી એક સ્થળ બંગાળની ખાડી પાસેનું સિત્તેવ બંદર છે.

### ...તો ભારતના પડોશમાં નવા દેશનો જન્મ

જો બળવાખોર અરાકાન આર્મી રખાઈન શહેર પર કબજો કરવામાં અને સ્વતંત્રતની જાહેરાત કરવામાં સફળ થશે તો, બાંગ્લાદેશના જન્મ (1971) બાદ કોઈ અલગતાવાદી લશ્કરી અભિયાન પ્રથમવાર સફળ થયું હોવાનું ઈતિહાસમાં લખાશે. આ ઉપરાંત ભારતના પડોશમાં એક નવા દેશનો જન્મ થઈ શકે છે.

# છોકરીનો એકવાર પીછો કરવો એ ગુનો નથી : મુંબઇ હાઇકોર્ટ

(એજન્સી) મુંબઇ | તા.05

બોમ્બે હાઈકોર્ટે કહ્યું છે કે, IPCની કલમ 354(D) હેઠળ એક વખત છોકરીને ફોલો કરવી એ પીછો કરવા સમાન નથી. કાયદેસર રીતે કોઈને સતત અનુસરવું એ ગુનો ગણવામાં આવશે. જસ્ટિસ જીએ સનપે જાતીય સતામણીના બે 19 વર્ષના આરોપીઓની અરજી પર સુનાવણી કરતા આ નિર્ણય આપ્યો હતો. બંને પર 14 વર્ષની છોકરીનું યૌનશોષણ કરવાનો અને બળજબરીથી તેના ઘરમાં ઘૂસી જવાનો આરોપ હતો. જસ્ટિસ સનપે કહ્યું કે, છોકરીને અનુસરવાની એક પણ ઘટનાને IPC હેઠળ ગુનો ગણી શકાય નહીં. આરોપી જાન્યુઆરી 2020માં યુવતીના ઘરમાં બળજબરીથી ઘુસ્યો હતો.

# કાશ્મીરમાં ભારે હિમવર્ષા અને વરસાદ

## શ્રીનગર એરપોર્ટ પર તમામ ફ્લાઇટ્સ રદ



(એજન્સી) નવી દિલ્હી | કાશ્મીર ખીણમાં પહાડોમાં હિમવર્ષાના કારણે વિઝિબિલિટી ઘટી જવાને કારણે રવિવારે શ્રીનગર ઈન્ટરનેશનલ એરપોર્ટ પરની તમામ ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે વહેલી સવારે ઓછી વિઝિબિલિટીને કારણે ગાઢ ધુમ્મસને કારણે શ્રીનગર એરપોર્ટ પર હવાઈ ટ્રાફિક ખોરવાઈ ગયો હતો. શુક્રવારથી, ધુમ્મસના કારણે ઓછી વિઝિબિલિટીને કારણે એરપોર્ટ પર ફ્લાઈટ કામગીરીને અસર થઈ છે, હજારો સ્થાનિક અને બિન-સ્થાનિક મુસાફરોને અસર થઈ છે. 'ખરાબ હવામાનને કારણે તમામ ફ્લાઇટ્સ દિવસ માટે રદ કરવામાં આવી હતી. વિઝિબિલિટી 50 મીટર જેટલી ઓછી હતી,' એક એરપોર્ટ અધિકારીએ જણાવ્યું હતું. એરપોર્ટ પર પ્લેન લેન્ડ કરવા અને ટેક ઓફ કરવા માટે વિઝિબિલિટી 1000-1100 મીટરની આસપાસ હોવી જોઈએ. જેમ જેમ દિવસ આગળ વધતો ગયો તેમ તેમ પહાડોમાં હિમવર્ષા થઈ, જ્યારે મેદાનોમાં વરસાદ પડ્યો.

### પ્રવાસીઓ માટે હાઈ એલર્ટ જારી


વિકસિત ભારત માટે નવા પ્રાદેશિક વિકાસ કેન્દ્રોમાં વધારો કરતી ભારતીય રેલવે





નરેન્દ્ર મોદી
વડાપ્રધાન
ના વરદ્ હસ્તે
ઉત્તર રેલવેના નવા જમ્મુ રેલવે વિભાગ
તેમજ
ટ્વીન સિટી સિકંદરાબાદ-હૈદરાબાદ ખાતે ચર્લપલ્લી ન્યૂ ટર્મિનલ સ્ટેશનનું
ઉદ્ઘાટન
અને
ઓડિશામાં રાયગડા રેલવે ડિવિઝન બિલ્ડિંગનો
શિલાન્યાસ
(વિડીયો કોન્ફરન્સિંગના માધ્યમથી)

6 જાન્યુઆરી 2025 | સમય :- સવારે 11:00 વાગ્યે

વિશેષતાઓ

નવું જમ્મુ રેલવે વિભાગ
- ભારતના મુખ્ય શહેરો અને નગરોને જમ્મુ અને કાશ્મીર ક્ષેત્ર સાથે જોડશે, જે લોકોની લાંબા સમયથી ચાલતી માંગને પૂર્ણ કરશે.
- તે વેપાર, પ્રવાસન અને આર્થિક તકોને પ્રોત્સાહન આપીને પ્રદેશમાં વિકાસ માટે ગેમ-ચેન્જર સાબિત થશે.
- જમ્મુ અને કાશ્મીરના ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા અને દેહ-લદ્દાખ જેવા વિસ્તારોને ભારતના મુખ્ય સ્થળો સાથે જોડીને એકતા અને વિકાસને મજબૂત બનાવશે.

રાયગડા રેલ વિભાગ ભવન
- ડિવિઝનલ કંટ્રોલ ઓફિસ કોરાપુટ, રાયગડા અને કાલાહાંડી ખાતે ઈકો-ફ્રેન્ડલી સ્ટાફ આવાસ અને આધુનિક સુવિધાઓ સાથે રેલવે કામગીરીને મજબૂત બનાવશે.
- સુવ્યવસ્થિત રેલ્વે સંચાલન ઓડિશામાં રેલ્વે કામગીરીની કાર્યક્ષમતામાં વધારો કરશે.
- દક્ષિણ ઓડિશાના આદિવાસી વિસ્તારોમાં કનેક્ટિવિટી મજબૂત કરીને વિકાસ અને આર્થિક પ્રગતિને વેગ મળશે.

તેલંગણામાં ચર્લપલ્લી નવું ટર્મિનલ સ્ટેશન
- ટ્વીન સિટીમાં ચર્લપલ્લી ખાતે વિશ્વ-સ્તરીય, ઈકો-ફ્રેન્ડલી ટર્મિનલ જે ઉચ્ચ સ્તરની સુવિધાઓ પ્રદાન કરશે.
- આનાથી સિકંદરાબાદ, હૈદરાબાદ અને કાચીગુડાના હાલના ટર્મિનલ પર દબાણ ઘટશે.
- નવી ટ્રેનોના સંચાલનને સક્ષમ કરીને તેલંગાણા અને આસપાસના વિસ્તારોના લોકો માટે કનેક્ટિવિટી વધારશે.

પ્રતિષ્ઠિત હાજરી

ડો હરી બાબુ કંભમપતિ – રાજ્યપાલ, ઓડિશા
અશ્વિની વૈષ્ણવ – કેન્દ્રીય મંત્રી રેલ્વે, સુચના અને પ્રસારણ, ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી
ડો જીતેન્દ્ર સિંહ – કેન્દ્રીય વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો), પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય (સ્વતંત્ર હવાલો), પ્રધાનમંત્રી કાર્યાલયમાં રાજ્ય મંત્રી, કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલય, અણુ ઊર્જા વિભાગ અને અવકાશ વિભાગ.
મોહન ચરણ માંઝી – મુખ્યમંત્રી ઓડિશા
જી કિશન રેડ્ડી – કેન્દ્રીય મંત્રી, કોલસા અને ખાણ
વી સોમન્ના – કેન્દ્રીય રાજ્ય મંત્રી, રેલ્વે અને જલ શક્તિ
જિષ્ણુ દેવ વર્મા – રાજ્યપાલ, તેલંગાણા
મનોજ સિંન્હા – લેફ્ટનન્ટ ગવર્નર, જમ્મુ કાશ્મીર
બંડી સંજય કુમાર – કેન્દ્રીય રાજ્ય મંત્રી ગૃહ મંત્રાલય
એ રેવંત રેડ્ડી – મુખ્યમંત્રી તેલંગાણા
ઓમર અબ્દુલ્લા – મુખ્યમંત્રી, જમ્મુ કાશ્મીર
રવનીત સિંહ – રેલ્વે અને ફુડ પ્રોસેસિંગ ઉદ્યોગના કેન્દ્રીય રાજ્ય મંત્રી

DD NEWS પર જીવંત પ્રસારણ જૂઓ



હાજીપીર માર્ગમાં સત્યેશ કંપની તરફ જતું ખાલી ટ્રેલર એકાએક સળગી ઉઠ્યું હતું જોકે ડ્રાયવરની સમય સુચકતાથી જાનહાનિ ટળી હતી.
-મહેશ સોની. નખત્રાણા

# ગાંધીનગર | રાજ્યપાલ અને મુખ્યમંત્રીની પ્રેરક ઉપસ્થિતિમાં વૈશ્વિક કક્ષાના 'આંજણા ધામ'નો શિલાન્યાસ સમારોહ યોજાયો

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ આંજણાધામનો શિલાન્યાસ કર્યો હતો. અમદાવાદ-મહેસાણા હાઈવે પર, કલોલ નજીક, જમિયતપુરા ગામ પાસે 300 કરોડના ખર્ચે આકાર લેનારા ભવ્ય આંજણાધામના શિલાન્યાસ અવસરે મહાનુભાવોએ દાનવીર-દાતાઓનું સન્માન પણ કર્યું હતું.આ પ્રસંગે શિકારપૂરા આશ્રમ રાજસ્થાનના સંરક્ષક ૧૦૦૮ મહંત દયારામ મહારાજે આશીર્વચન આપ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત સંતો અને મહાનુભાવોના હસ્તે સોનાની શીલા-ઈંટનું શાસ્ત્રોક્ત વિધિથી પૂજન-મંત્રોચ્ચાર કરીને આંજણા ધામ ભવનનો શિલાન્યાસ કર્યો હતો. વિશ્વ આંજણા ફાઉન્ડેશન અને આંજણાધામ ટ્રસ્ટ દ્વારા નિર્માણ પામનારા આંજણાધામના શિલાન્યાસ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ કહ્યું કે, આંજણાધામ માત્ર વિદ્યાર્થીઓને અક્ષરજ્ઞાન આપવાનું કે સમાજના યુવાનોને આઈ.એ.એસ.-આઈ.પી.એસ. બનાવવાનું કેન્દ્ર માત્ર ન બને, આંજણાધામ એવા સંસ્કારવાન માનવ નિર્માણ માટેનું મિશન બને જે સમાજનું, માતા-પિતાનું અને રાષ્ટ્રનું ગૌરવ વધારે.



આંજણા-ચૌધરી સમાજ રાષ્ટ્રભક્ત સમાજ છે. આંજણા યુવાનો ભારતના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારત અને વિકસિત ભારત અભિયાનમાં સહયોગ આપે. એ જ દેશ અને સમાજ ઉન્નતિ કરે છે જ્યાં મહિલાઓનું પણ પુરુષો જેટલું જ યોગદાન હોય છે, એમ કહીને આચાર્ય દેવવ્રતએ કહ્યું હતું કે, આંજણા સમાજ બહેન-દીકરીઓના શિક્ષણ અને વિકાસ માટે વિશેષ ધ્યાન આપે. જે પોતાના સંતાનોને શિક્ષણ અને સંસ્કાર આપશે, વ્યસનોથી મુક્ત રાખશે એ જ સમાજ પ્રગતિ કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે જણાવ્યું હતું કે, વિશ્વના સૌથી લોકપ્રિય નેતા અને દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સમાજશક્તિને રાષ્ટ્રનિર્માણમાં જોડવાની આપેલી પ્રેરણાને અનુસરીને આંજણા ચૌધરી સમાજ એક ભવ્ય આંજણાધામનું નિર્માણ કરી રહ્યો છે.સમાજની ભાવિ પેઢીના ઉમદા ઘડતરના આ સેવા કાર્યમાં સહભાગી થવાની મને મળેલી તક એ મારું સૌભાગ્ય છે.

તેમણે ઉમેર્યું હતું કે, આ શિલાન્યાસ કે ભૂમિ પૂજન કોઈ સંકુલના નિર્માણની આધાર શીલા માત્ર નથી, પરંતુ સમૃદ્ધ અને શક્તિશાળી સમાજના ઘડતરની આગવી દિશા છે. આદરણીય વડાપ્રધાન મોદીએ સૌને સાથે રાખીને ચાલવાનો, સૌના સાથ, સૌના વિકાસનો મંત્ર આપ્યો છે.આંજણા સમાજ અને વિશ્વ આંજણા ફાઉન્ડેશને આ મંત્રને કાર્યમંત્ર બનાવ્યો છે તે અભિનંદનને પાત્ર છે.સમાજના યુવાઓને ઉચ્ચ શિક્ષણ, કારકીર્દી ઘડતર અને રમત-ગમત સહિતના સર્વાંગી ક્ષેત્રોમાં ખિલવાની પૂરતી તક આપવાનું આ આંજણા ધામ સંકુલ માધ્યમ બનશે. આશરે 300 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનારા આ સંકુલમાં યુવાનો માટે વર્ગોની વ્યવસ્થા, હોસ્ટેલની સુવિધા ઉપરાંત સ્વાસ્થ્ય અને વ્યસનમુક્તિ જેવી પ્રવૃત્તિઓ માટેના કેન્દ્ર પણ બનવાના છે તે યુવાશક્તિને સદાચાર-સદમાર્ગે લઈ જવાનું દિશાદર્શન કરશે,એમ મુખ્યમંત્રીશ્રી જણાવ્યું હતું. તેમણે સંકુલના નિર્માણ માટે માતબર રકમનું દાન આપનારા દાતાઓ, વિશ્વ આંજણા ફાઉન્ડેશન તથા આંજણાધામ ટ્રસ્ટને વિશેષ અભિનંદન પાઠવ્યા હતા. આંજણા ચૌધરી સમાજની વિશેષતા અંગે ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, આંજણા ચૌધરી સમાજ તો અર્બુદા માતાના વંશજો છે અને સમાજશક્તિનો પરિચય સમાજે દેશવિદેશમાં પણ આપ્યો છે.

### રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ રૂપિયા પાંચ લાખના દાનની ઘોષણા કરી

આંજણાધામ માટે દાન આપનાર સમાજના દાનવીર આગેવાનોનું રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સન્માન કરાયું હતું. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ સ્વયં પણ રૂપિયા પાંચ લાખના દાનની ઘોષણા કરી હતી અને કહ્યું હતું કે, પરિશ્રમ અને મહેનતનો પૈસો પવિત્ર હોય છે. દાતાઓએ પોતાના પવિત્ર ધનનો સદુપયોગ કર્યો છે. તેમણે 'કર્મ-ફળ વ્યવસ્થા'નું ઉદાહરણ આપતાં સમજાવ્યું હતું કે, દાન એ આગામી જન્મ માટે અત્યારે જ કરેલી આર.ટી.જી.એસ. વ્યવસ્થા છે.

## સામૂહિક આરોગ્ય કેન્દ્ર બોડેલી ખાતે ૭ જાન્યુઆરીના રોજ રક્તદાન શિબિર યોજાશે

કમલેશ પટેલ | સંખેડા

છોટાઉદેપુર જિલ્લા પંચાયત આરોગ્ય શાખા બોડેલી તાલુકા આરોગ્ય કચેરી અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી વડોદરાના સયુંક્ત ઉપક્રમે સામૂહિક આરોગ્ય કેન્દ્ર બોડેલી ખાતે રક્તદાન શિબિર યોજાશે. ૭ જાન્યુઆરીના રોજ સવારે ૧૦ થી ૪ વાગ્યા સુધી બ્લડ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. રક્તદાન કરવાથી રક્તની જરૂરિયાત વ્યક્તિઓની જિંદગી બચી શકે છે જરૂરિયાત સમયે સરળતાથી મેળવી શકાય છે. સમાજ પ્રત્યે ઋણ અદા કરી શકીએ છે. સગર્ભા માતા નાના બાળકો અને સિકલસેલ ડીસીઝના દર્દીઓને બચવવા માટે મદદરૂપ થશે.

## શ્રી અંબુભાઈ પુરાણી હાઈસ્કૂલ રાજપીપળા DLSS નો ખેલાડીએ... જુનીયર એસો.ની રાષ્ટ્રીય કક્ષાની ટ્રેમપોલિન જીમ્નાસ્ટીક સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવ્યો



ભરત શાહ | નર્મદા

શ્રી અંબુભાઈ પુરાણી હાઈસ્કૂલ, રાજપીપળા DLSS ના ખેલાડી એ જુનીયર એસો.ની રાષ્ટ્રીય કક્ષાની ટ્રેમપોલિન જીમ્નાસ્ટીક સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવ્યો હતો.

એસોસીએશન ની રાષ્ટ્રીય કક્ષા ની જીમ્નાસ્ટીક સ્પર્ધા સુરત ખાતે યોજવા મા આવી હતી જેમાં શ્રી અંબુભાઈ પુરાણી હાઈસ્કૂલ રાજપીપળા DLSS ખેલાડી વસાવા દેવિન એ એક સિલ્વર મેડલ ટીમ ચેમ્પિયન મા પ્રાપ્ત કરી જીલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી રાજપીપળા, તેમજ શ્રી અંબુભાઈ પુરાણી હાઈસ્કુલ રાજપીપળા તથા સમગ્ર નર્મદા જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. આ ખેલાડી ની સંપૂર્ણ ટ્રેનીંગ તેમના કોચ હિરલ વસાવા તેમજ ટ્રેનર ભાર્ગવ રાઠોડ ના માર્ગદર્શન હેઠળ કરવામા આવેલ છે. તે બદલ શ્રી અંબુભાઈ પુરાણી સ્કૂલ વતી શાળાના મેનેજીંગ ટ્રસ્ટી ગોહિલ સાહેબ તેમજ આચાર્ય જિગેશભાઈ અને તમામ સ્ટાફ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે. અને આગામી સ્પર્ધાઓમાં વિશેષ પરીણામ અપાવી SAG/DSDO કચેરી નર્મદા તેમજ શ્રી અંબુભાઈ પુરાણી હાઈસ્કૂલ સાથે સમગ્ર નર્મદા જીલ્લાનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## કાયદા વિભાગ દ્વારા ગુજરાતના તમામ આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર્સ માટે ગાંધીનગરમાં એક દિવસીય તાલીમનું આયોજન કરાયું

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી-ગાંધીનગર ખાતે રાજ્યના તમામ મદદનીશ સરકારી વકીલો (આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર્સ) માટે એક દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાયદા વિભાગ અને ડાયરેક્ટોરેટ ઓફ પ્રોસિક્યુશન કચેરી દ્વારા આયોજિત આ તાલીમ કાર્યક્રમનો કાયદા મંત્રી ઋષિકેશ પટેલે શુભારંભ કરાવ્યો હતો. ગુજરાતના મદદનીશ સરકારી વકીલોનો ઉત્સાહ વધારતા કાયદા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, વકીલનું પ્રોફેશન એ સમાજનું એક અમૂલ્ય ઘરેણું છે, જે નિર્દોષને ન્યાય અને દોષીને યોગ્ય સજા અપાવીને એક સુરક્ષિત સમાજનું નિર્માણ કરે છે. ગુજરાતના નાગરિકોનો લોકશાહી અને ન્યાય પ્રણાલી પર વિશ્વાસ વધુ દ્રઢ બને તે માટે એક નવતર પ્રયાસના ભાગરૂપે ગુજરાત હાઈકોર્ટમાં થતા ટ્રાયલ કે સુનાવણીને ટેકનોલોજીના માધ્યમથી લાઈવ અને પારદર્શી બનાવવામાં આવી છે. આગામી સમયમાં ગુજરાતની તમામ જિલ્લા કોર્ટમાં પણ ટેકનોલોજીના સુયોગ્ય ઉપયોગથી આ પ્રકારની સુવિધાઓ વિકસાવવામાં આવશે. મંત્રી પટેલે વધુમાં જણાવ્યું હતું કે, પ્રાચીન સમયમાં ભારતના



નાગરિકોમાં કાયદો આત્મસાત હતો. બ્રિટીશરો ભારતમાં આવ્યા બાદ તેમણે તેમની અનુકુળતા મુજબના ફોજદારી કાયદાઓ અમલમાં મૂક્યા હતા. ભારતની આઝાદીના ૭૫ વર્ષ સુધી આ કાયદાઓ અમલમાં રહ્યા. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગૃહ મંત્રી અમિત શાહના દિશાનિર્દેશ હેઠળ ભારતમાં લોકશાહીના રક્ષણ માટે આ કાયદામાં કેટલાક આમોલ પરિવર્તન કરાયા અને નવા નામ સાથે ભારતના આગવા નવા ત્રણ - ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩, ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ-૨૦૨૩ કાયદા અમલમાં મૂકાયા છે. આજની તાલીમથી તમામ મદદનીશ સરકારી વકીલોને આ ત્રણ નવા ફોજદારી કાયદા અંગે વિગતવાર માહિતી મળશે, જેથી અદાલતમાં ઝડપથી કેસ કેવી રીતે ચાલે તે માટે તૈયાર થઇ શકાશે. કાયદાની સુધરતી જોગવાઈઓ અને સુપ્રિમ કોર્ટના ચુકાદાઓથી સરકારી વકીલો સતત માહિતગાર થતા રહે તે માટે આ પ્રકારના આયોજન સતત કરતા રહેવા માટે મંત્રીએ કાયદા વિભાગને અનુરોધ કર્યો હતો. ગુજરાતમાં ન્યાયનું ધોરણ ઉંચું લાવવા માટે કાયદા મંત્રીએ આજના આધુનિક જમાનામાં સરકારી વકીલોને ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવા, તમામ બાબતોમાં અપ-ટુ-ડેટ રહેવા તેમજ રાજ્યમાં કન્વિક્શન રેટનો રેશિયો ઉંચો લઇ જવા માટે તત્પરતા બતાવવા માટે તાકીદ કરી હતી. આ કાર્યક્રમ દરમિયાન કાયદા મંત્રીશ્રીના હસ્તે મદદનીશ સરકારી વકીલશ્રીઓને ટેકનોલોજીથી સુસજ્જ કરીને ન્યાયિક પ્રક્રિયાને વધુ સુદ્રઢ બનાવવા માટે લેપટોપનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે ડાયરેક્ટોરેટ ઓફ પ્રોસિક્યુશન એ. આર.પટેલે સૌનું શાબ્દિક સ્વાગત કરીને આ એક દિવસીય તાલીમનો હેતુ અને મહત્વ સ્પષ્ટ કર્યો હતો. સાથે જ તેમણે રાજ્યના વિવિધ જિલ્લાઓ ખાતે યોજાઈ રહેલા તાલીમો અંગે પણ વિગતવાર માહિતી આપી હતી.

## સાંસદ ખેલ કરાટે સ્પર્ધામાં ઓક્ઝિલિયન કોન્વેન્ટ હાઈસ્કૂલની ઝીલ પાટીલ ગોલ્ડ મેડલ જીતી



ભરત શાહ | નર્મદા

વડોદરા વાઘોડિયા સ્પોર્ટ કોમ્પ્લેક્સ ખાતે તારીખ 05/01/2025 ના રોજ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા તથા કરાટે સ્પોર્ટ એસોસિએશન વડોદરા દ્વારા જીતશે વડોદરા ના થીમ સાથે સાંસદ ખેલ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કરાટે સ્પર્ધામાં ઓક્ઝિલયમ કોન્વેન્ટ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતી ઝીલ કલ્પેશ પાટીલ ઉંમર 15 વર્ષ નાઓએ અંડર 17 કેટેગરીમાં ભાગ લઈ ગોલ્ડ મેડલ વિજેતા બની, સ્પર્ધા પૂર્ણ થયા બાદ સાંસદસભ્યના હસ્તે મેડલ થતા સર્ટીફીકેટ એનાયત કરવામાં આવશે. આમ ઝીલ પાટીલે મેડલ જીતી પોતાના પાટીલ પરિવાર તથા ઓક્ઝિલયમ કોન્વેન્ટ હાઈસ્કૂલ ને સન્માન અપાવેલ છે, ઝીલ પાટીલ કરાટે ની તાલીમ પ્રતીક તથા અનુપ સર પાસે લે છે. ઝીલ પાટીલ એ કરાટેમાં બ્લેક બેલ્ટ ની ડીગ્રી પ્રાપ્ત કરેલ છે, કરાટેમાં તેને રાષ્ટ્રીય તથા રાજ્ય તથા જિલ્લા લેવલે 15 થી વધુ મેડલ પ્રાપ્ત કરેલ છે તેના પિતા પોલીસ ખાતામાં ફરજ બજાવે છે.

**પથરી સર્જરીથી જ કાઢી શકાય એ વાત હવે થઈ જુની!**

## અમદાવાદ સિવિલમાં ઓપરેશન વિના લિથોટ્રીપ્સીથી પથરીની પેઇનલેસ સારવાર

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

એક વાર અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં આવીને યુરોલોજી વિભાગમાં ડૉક્ટરને જરૂરથી બતાવજો.અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં પણ કોઈ વાઢકાપ વિના લિથોટ્રીપ્સી ટ્રીટમેન્ટ દ્વારા પથરી કાઢવામાં આવે છે.જે છે સંપૂર્ણપણે પેઇનલેસ.સિવિલ હોસ્પિટલમાં લિથોટ્રીપ્સીની સારવાર શરૂ થયાના ૪૭ દિવસમાં ઓપરેશન વિના જ ૧૦૦ જેટલા દર્દીઓની પથરીની સમસ્યા નિવારવામાં આવી. આમ, રોજના સરેરાશ બે પેશન્ટની સારવાર કરવામાં આવે છે.સિવિલ હોસ્પિટલના યુરોલોજી વિભાગ દ્વારા લિથોટ્રિપ્સીથી ઓપરેશન વગર ૧૦૦ દર્દીઓની કિડની તેમજ પેશાબની નળીમાં રહેલી પથરી દૂર કરવામાં આવી. તમામ દર્દીઓ પીડારહિત સામાન્ય જીવનશૈલીમાં પાછા ફર્યા છે.જેમાં પણ ૮૯% દર્દીઓમાં પ્રથમ પ્રયાસે જ સંપૂર્ણપણે પથરી દૂર થઈ. ૧૧% કિસ્સામાં બે વાર લીથોટ્રીપ્સી કરી પથરી દૂર કરવામાં આવી. સિવિલ યુરોલોજી વિભાગના વડા ડૉ.. શ્રેણીક શાહે જણાવ્યું હતું કે ,અમે અત્યાર સુધી કુલ ૧૦૦ દર્દીઓની પથરીની સારવાર આ પદ્ધતિથી કરી છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ૨૪ દર્દીઓમાં ૧૦mm સાઈઝની, ૫૨ દર્દીઓમાં પથરીની સાઈઝ ૧૦થી ૧૫ mm તેમજ ૧૬ દર્દીઓ એવા હતા જેમની પથરીની સાઈઝ ૧૫ mm કરતાં પણ વધારે હતી. કુલ ૧૦૦ દર્દીઓમાંથી ૩૯ દર્દીઓમાં પથરી કીડનીમાં હતી, જ્યારે ૩૨ દર્દીમાં મૂત્રવાહિનીના શરૂઆતના ઉપરના પેલ્વીસના ભાગમાં તથા ૨૭ દર્દીઓમાં પથરી મૂત્રવાહિનીના ઉપરના ભાગમાં હતી. આ તમામ ૧૦૦ દર્દીઓની સંપૂર્ણપણે પથરી દૂર થઈ છે, તેમ તેમણે જણાવ્યું હતું.

### ડૉ. શ્રેણીક શાહે જણાવ્યું હતું કે આ પદ્ધતિથી સારવારના દર્દીઓ માટે મુખ્ય ફાયદામાં

■ કોઈ કાપાની જરૂર નથી. ■ દર્દીની તકલીફમાં ઝડપી સુધારો થાય છે અને દર્દીઓ ૧થી ૨ કલાકમાં પોતાની રોજિંદા સામાન્ય ક્રિયાઓ પર પાછા ફરી શકે છે. ■ સારવારનું ઓછું જોખમ હોય છે. ઓછો દુખાવો, ચેપનું ઓછું જોખમ અને કોઈ મોટી તકલીફ હોતી નથી.

## વાડિયાવન ગામમાં ભારતીય બંધારણીય લોક જાગૃતિ અભિયાન ડાંગ સમિતિ દ્વારા જનજાગૃતિ મીટિંગનું આયોજન

ડાંગ | તા.05

ડાંગ જિલ્લાના આહવા તાલુકાના વાડિયાવન ગામમાં તા. 04/01/2025ના રોજ કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરેલ ઈકો સેન્સિટિવ ઝોન નોટિફિકેશનને લઈને ભારતીય બંધારણીય લોક જાગૃતિ અભિયાન ડાંગ સમિતિ દ્વારા એક જનજાગૃતિ મીટિંગનું આયોજન કરવામાં આવ્યુ હતુ.આ મીટિંગમાં સામાજિક કાર્યકરો અને એડવોકેટો દ્વારા ગ્રામજનોને આ નોટિફિકેશનની વિગતો અને તેની સંભવિત અસરો વિશે જાણકારી આપવામાં આવી હતી.ઈકો સેન્સિટિવ ઝોન એટલે કે પર્યાવરણ



સંવેદનશીલ વિસ્તાર આ વિસ્તારોને પર્યાવરણની સુરક્ષા માટે નિર્ધારિત કરવામાં આવે છે.જોકે, ગ્રામજનોનું કહેવું છે કે, ડાંગ જિલ્લાના 42 ગામોને આ ઝોનમાં સામેલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે,જેમાંના ઘણા ગામો અભ્યારણ્ય વિસ્તારથી દૂર છે.આ નિર્ણયથી ગ્રામજનોની રોજીરોટી અને જીવનશૈલી પર પ્રતિકૂળ અસર પડી શકે છે. ગ્રામજનોએ મીટિંગમાં આ નોટિફિકેશનને લઈને અનેક ચિંતાઓ વ્યક્ત કરી હતી. તેમનું કહેવું છે કે, આ નિર્ણયથી તેમના વન અધિકારો કાયદા હેઠળ મળેલા હક્કો પર અંકુશ આવી શકે છે.

## મિલેટ વાનગી હરીફાઈમાં જૂનાગઢના શીલા બારમેડા પ્રથમ



મહેશ એલ .સોની | નખત્રાણા

'લેડીઝ ક્લબ, જૂનાગઢ'દ્વારા મનોરંજન સર્કિટ હાઉસ ખાતે આજે યોજાયેલ 'મિલેટ વાનગી હરીફાઈ'.માં જૂનાગઢ ની મોટી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો જેમાં જૂનાગઢના જાણિતા સર્જન શૈલેષભાઈ બારમેડાના ધર્મપત્નિ શીલા બારમેડાએ ભાગ લઈ કોદરી ની ચિક્કી/ચાટ નામની સ્વાદિષ્ટ અને પૌષ્ટિક વાનગી બનાવી પ્રથમ નંબર મેળવ્યો.

## ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નોટિસ બાદ પણ ભાડું ન ચુકવનાર દુકાનદારો સામે કડક કાર્યવાહી

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ગાંધીનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકા હસ્તકની મિલકતોના ભાડુઆતો પાસેથી ભાડુ વસૂલવા નક્કર પગલાં લેવામાં આવી રહ્યા છે. આ અંતર્ગત, સેક્ટર-21 ખાતે લાંબા સમયથી ભાડું ન ભરતા મિલકતોના ભાડુઆતો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મહાનગરપાલિકા દ્વારા આવા ભાડુઆતોને વારંવાર નોટિસ આપવા છતાં પણ ભાડુ ભરવામાં ન આવતાં કુલ 20 મિલકતો કે જેનું કુલ ભાડું રૂ. 25,00,000/- જેવુ



બાકી હતું તેમાંથી પ્રથમ તબક્કે કુલ 3 મિલકતોને સીલ કરવામાં આવી હતી. આ કડક કાર્યવાહીના પરિણામે બાકીના ભાડુઆતો દ્વારા તાત્કાલિક ચેક દ્વારા ભાડાની ભરપાઈ કરવામાં આવી. આ કાર્યવાહી દ્વારા એસ્ટેટ શાખા દ્વારા કુલ રૂ. 21,00,000/-ની વસૂલાત કરવામાં આવી છે. ગાંધીનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા આગામી દિવસોમાં પણ આવી જ કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે અને જે ભાડુઆતો ભાડું ભરવામાં નહીં આવે તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## રવાપર ખાતે જવેલર્સને લગતા પ્રશ્નો અંગે જરૂરી માર્ગદર્શન અપાયું



મહેશ સોની | નખત્રાણા

આજે રવાપર ખાતે કચ્છ જિલ્લા સોના ચાંદી મહામંડળ ના પ્રમુખ શ્રી હિરાલાલ ભાઈ સોનીની અધ્યક્ષતામાં રવાપરના જવેલર્સ ભાઈઓની મિટિંગ યોજાઈ હતી જેમાં શ્રી હિરાલાલભાઈ સોની એ જવેલર્સને લગતા પ્રશ્નો વિશે ચર્ચા વિચારણા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે નખત્રાણા સોની સમાજના અગ્રણીઓ શ્રી ઘનશ્યામભાઈ સોની ,શ્રી ગંગારામભાઈ સોની રવાપર સોની સમાજના પ્રમુખ અશ્વિનભાઈ સાકરિયા, દિલીપભાઈ બારમેડા, દિપક ભાઈ સોલંકી, રાજેશભાઈ પોમલ, ઉમેશ ભાઈ કટ્ટા , વિપુલભાઈ બારમેડા, રવજીભાઈ સોની, પ્રવિણભાઈ સોની, વિશાલ સોની, રાજા સોની શિવમ્ સોની, સહિત મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા.

## રાજપીપળાના નીરજ પટેલ ત્રણ વર્ષથી લોકોને બાઈક પર નિશુલ્ક સુરક્ષા ગાર્ડ લગાવી સુરક્ષા આપે છે

ભરત શાહ | નર્મદા

ઉત્તરાયણ ના પર્વ ને હવે ગણતરી ના દિવસો બાકી રહ્યા છે ત્યારે પતંગ રસિયાઓ અત્યારથી જ પતંગ ના દોરા સુતાવવા અને અવનવી પતંગો ની ખરીદી માં લાગી ગયા છે અને કેટલાક તો હાલ માં પણ પતંગ ઉડાવી રહ્યા છે જેમાં અનેક શહેરો માં હાલ માં કેટલાક લોકો ના પતંગ ના દોરા થી ગળા કપાયા ની ઘટના બની છે અને દર વર્ષે આ પર્વ માં કેટલાય લોકો ઈજા પામે છે જ્યારે કેટલાક ના મોત પણ થાય છે માટે આ મુદ્દે સુરક્ષા જરૂરી છે.

નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપળા ના એક યુવા વેપારી નીરજ પટેલ સેવાકીય કાર્યો



માટે હંમેશા આગળ હોય છે અને છેલ્લા ત્રણેક વર્ષથી તેઓ ઉતરાયણ પર્વ માં ખાસ લોકો ની સુરક્ષા ની ચિંતા કરી તેમના ટુ વ્હીલર પર સુરક્ષા ગાર્ડ વિનામૂલ્યે લગાવવાની સેવા આપી રહ્યા છે અને આ વર્ષે પણ આ સેવા ચાલુ છે ત્યારે હાલમાં ઉત્તરાયણ નજીક હોય નીરજ પટેલ ના શોરૂમ બહાર બાઈક ચાલકો ની સુરક્ષા ગાર્ડ લગાવવા લાઈન લાગે છે ત્યાં તેમની ટીમ દ્વારા લોકો ને વિનામૂલ્યે આ ગાર્ડ લગાવી આપવામાં આવે છે જેના કારણે લોકો ના ગળા પતંગ ના દોરા થી કપાઈ નહી અને કોઈનો જીવ જાય નહી કે ઈજા થાય નહી. આ સેવાકાર્ય કરતા યુવા વેપારી નીરજ પટેલ એ જણાવ્યું કે મારા એક મિત્ર નો પતંગ ના દોરા ના કારણે જીવ ગયો હતો જેમાં મે આ નજારો જોયા બાદ મને પ્રેરણા મળી કે આ રીતે બીજા ના જીવ ના જાય તેના માટે હું કંઈક કરું અને ત્રણ વર્ષથી સુરક્ષા ગાર્ડ લગાવી લોકો ના જીવ બચે તેવા પ્રયત્ન કરી રહ્યો છું.

## જૂનાગઢ જિલ્લાના કેશોદ ખાતે જળ સંચય-જન ભાગીદારી-જન આંદોલન – કેચ ધ રેઈન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રીય જળશક્તિ વિભાગના કેબિનેટ મંત્રી સી.આર.પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં જૂનાગઢ જિલ્લાના કેશોદ ખાતે વિવિધ સહકારી સંસ્થાના સંયુકત ઉપક્રમે જળ સંચય-જન ભાગીદારી-જન આંદોલન - કેચ ધ રેઈન કાર્યક્રમ યોજાયો.

આ કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય જળશક્તિમંત્રી સી. આર.પાટીલએ સંબોધન કરતા જણાવ્યું કે, પાણી માટે ભેગા થવુ પડે તેવી સ્થિતિ સર્જાય એટલે ચોક્કસ માનવુ કે ભયની સ્થિતિ તરફ આગળ વધી રહ્યા છીએ. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે સરદાર સરોવર ડેમનુ જે કામ તેમના માર્ગદર્શનમા પુર્ણ થયુ તેના કારણે સૌરાષ્ટ્રની ધરતી પર પાણીની અછત ની મુશ્કેલી થોડી દુર કરી. વડાપ્રધાને કેચ ધ રેઈન યોજના જાહેર કરી આ યોજનામાં વરસાદી પાણીને જમીનમા ઉતારવાની પ્રક્રિયાની યોજના છે. પાણીના ડેમ કરતા પણ વરસાદી પાણી જો જમીનમા ઉતરે તો આપણને ખૂબ લાંબા ગાળે પણ પાણી મળી રહે છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## ALH ધ્રુવ હેલિકોપ્ટરમાં સવાર બે પાઇલટ સહિત 3નાં મોત, 4 મહિનામાં બીજી દુર્ઘટના

# પોરબંદરમાં એરસ્ટ્રીપ પર લેન્ડિગ સમયે કોસ્ટગાર્ડનું હેલિકોપ્ટર ક્રેશ

(એજન્સી) પોરબંદર | તા. 05

પોરબંદરના કોસ્ટગાર્ડના એર એન્કલી ખાતે હેલિકોપ્ટર ક્રેશ થવાની ઘટનામાં કોસ્ટગાર્ડના ત્રણ જવાનો શહિદ થયા હતા. એર એન્કલી ખાતે ALH ધ્રુવ હેલિકોપ્ટર લેન્ડ થતી વેળાએ ક્રેશ થતાં 3 લોકોના મોત થયા છે. જેમાં બે પાઇલટ અને 1 અન્ય વ્યક્તિનો સમાવેશ થાય છે. તેમના મૃતદેહને પીએમ માટે પોરબંદરની ભાવસિંહજી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવને લઇ ભારે ગમગીની છવાઇ ગઇ હતી.

પોરબંદર ખાતે કોસ્ટગાર્ડનું હેડકવાર્ટર આવેલું છે. અહીં એરપોર્ટ નજીક કોસ્ટગાર્ડનું એર એન્કલીવ આવેલું છે. આજે બપોરના 12 વાગ્યા આસપાસ કોસ્ટગાર્ડનું હેલિકોપ્ટર લેન્ડ થઈ રહ્યું હતું તે દરમિયાન તે એકાએક થતાં મોટો ધડકો થયો હતો. જે આસપાસના વિસ્તારો સુધી સંભળાયો હતો. હેલિકોપ્ટર ક્રેશ થયા બાદ તેમાં આગ લાગી હતી. જેના કારણે પાયલોટ સહિતના ત્રણ જવાનો સુધીરકુમાર યાદવ, મનોજકુમાર અને સૌરભ નામના ત્રણ જવાનો પણ શહિદ થયા હતા. હેલિકોપ્ટર ક્રેશ થતાં એર એન્કલી ખાતે રહેલા ફાયર બ્રિગેડ તાત્કાલીક દોડી ગયું હતું અને પાણીનો મારો ચલવી આગને કાબૂમાં કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તો પોરબંદર ફાયરબ્રિગેડની પણ મદદ લેવામાં આવી હતી. તેમના મૃતદેહને બહાર કાઢી અને પીએમ માટે પોરબંદરની ભાવસિંહજી સરકારી હોસ્પિટલ ખાતે લાવામાં આવ્યા હતા. આ ઘટનાને પગલે કોસ્ટગાર્ડના ડીઆઇજી પંકજ અગ્રવાલ તેમજ જિલ્લા પોલીસવડા ભગીરથસિંહ જાડેજા સહિતના પોલીસ અધિકારીઓ પણ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. આ બનવાને લઇ સુરક્ષા એજન્સીમાં ભારે ગમગીની જોવા મળી હતી.



**પોરબંદરમાં 4 મહિનામાં હેલિકોપ્ટર ક્રેશ થવાની બીજી ઘટના, 6 જવાનો શહિદ:** આજથી 4 માસ પૂર્વે 2 સપ્ટેમ્બર, 2024ના રોજ દરિયામાં બોટના ખલાસીના રેસ્કયૂ કરતી વેળાએ ભારતીય કોસ્ટ ગાર્ડ (ICG)નું એડવાન્સ લાઇટ હેલિકોપ્ટર (ધ્રુવ) ક્રેશ થવાની ઘટના બની હતી. તેમાં પણ ત્રણ જવાનો શહિદ થયા હતા. આજે પણ હેલિકોપ્ટર ક્રેશ થવાની ઘટનામાં ત્રણ જવાનો શહિદ થયા છે. છેલ્લા ચાર માસમાં હેલિકોપ્ટર ક્રેશ થવાની બે ઘટનામાં છ જવાનો શહીદ થયા છે.

### દિલ્હીથી તપાસ કમિટિ આવે તેવી શકયતા

પોરબંદર કોસ્ટગાર્ડના એર એન્કલીવ ખાતે હેલિકોપ્ટર ક્રેશ થવાની ઘટનામાં ત્રણ જવાનો શહિદ થય છે. આ બનાવને પગલે સુરક્ષા એજન્સીની કમિટી તપાસ આર્થે પોરબંદર આવે તેવી શકયતા જોવા મળી રહી છે. આ ઘટના કયા કારણોસર બની તે અંગની ઉંડાણપૂર્વકની તપાસ કરશે તેવું જાણવા મળી રહ્યુ છે. પોરબંદર કોસ્ટગાર્ડના હેલિકોપ્ટર ક્રેશ થવાની ઘટનામાં પ્રાથમિક વિગત આપતા જિલ્લા પોલીસવડા ભગીરથસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે કોસ્ટગાર્ડની રૂટીન કામગીરીના ભાગરૂપે હેલિકોપ્ટરે ઉડાન ભરી અને પરત ફરી રહ્યું હતું તે દરમ્યાન બપોરના 12:10 મિનિટે ક્રેશ થવાની ઘટના બની હતી. આ બનાવને લઇ વધુ તપાસ ચાલી રહી છે.

### દરિયામાંથી મૃતકના અવશેષો મળી આવ્યા

પોરબંદરથી 45 નોટિકલ માઇલ દૂર દરિયામાં 02 સપ્ટેમ્બર, 2023ની મોડી રાત્રિના હરિલીલા જહાજમાં બચાવ રાહત કામગીરી માટે ગયેલું કોસ્ટગાર્ડનું હેલિકોપ્ટર ક્રેશ થતાં ત્રણ જવાનો શહીદ થયા હતા. એક ક્રૂને બચવા માટે કોસ્ટગાર્ડનું હેલિકોપ્ટર મદદે પહોંચ્યું હતું. તે દરમિયાન કોસ્ટગાર્ડનું હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. જેમાં કોસ્ટગાર્ડના કમાન્ડન્ટ વિપિન બાબુ અને કરણસિંહ, પ્રધાન નાવિકના નશ્વર અવશેષો 03 સપ્ટેમ્બર 2024ના રોજ સમુદ્રમાંથી મળી આવ્યા હતા. જ્યારે કમાન્ડન્ટ રાકેશ કુમાર રાણાનો મૃતદેહ 38 દિવસ બાદ મળી આવ્યો. હેલિકોપ્ટર દુર્ઘટનામાં શહીદ થયેલા જવાનોને પોરબંદર માછીમાર બોટ એશો દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

---

**પત્ની સાથેના ઝઘડામાં પતિ આપઘાત કરવા નીકળ્યો**

## સુરતમાં ઝઘડાથી કંટાળી બ્રિજ પરથી કૂદે તે પહેલાં પોલીસે બચાવ્યો

(એજન્સી) સુરત | તા.05

સુરતમાં દિલ્હીગેટ પાસે બ્રીજ પર ચડીને યુવકે આત્મહત્યાની કોશિશ કરી રહ્યો હતો. દરમિયાન લોકોએ અને પોલીસે યુવકને બચાવી લીધો હતો. પોલીસે યુવકને પોલીસ મથકે લઈને તેનું કાઉન્સલિંગ કર્યું હતું. આર્થિક સંકડામણના કારણે પત્ની સાથે રોજ ઝઘડા થતા હતા, જેથી યુવક આપઘાત કરવા બ્રિજ પર પહોંચી ગયો હતો.

સુરતમાં દિલ્હીગેટ પાસે બ્રિજ પર એક યુવક ચડી ગયો હતો અને બ્રિજની પાળી પરથી તે આત્મહત્યાની કોશિશ કરતો હતો. દરમિયાન આ અંગેની જાણ પોલીસ કંટ્રોલ રૂમમાં કરવામાં આવી હતી. જેથી મહિધરપુરા પોલીસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને પોલીસે લોકોની મદદથી યુવકને બચાવી લીધો હતો. પોલીસે યુવકના પગ પકડી લેતા તે કૂદી શક્યો ન હતો. પોલીસ યુવકને પોલીસ મથકે લઇ ગઇ હતી અને તેનું કાઉન્સલિંગ કર્યું હતું મહિધરપુરા પોલીસે તેની પૂછપરછ કરતા યુવકે પોતાની ઉંમર 25 વર્ષની હોવાનું જણાવ્યું હતું અને તે છૂટક મજુરી કામ કરે છે. તેને સંતાનનો પણ છે. કેટલાક સમયથી કોઈ કામ મળતું ના હોવાથી આર્થિક રીતે તકલીફ પડતી હતી, જેથી પત્ની સાથે ઝઘડા થતા હતા. જેથી તેણે આત્મહત્યાની કોશિશ કરી હોવાનું પોલીસને જણાવ્યું હતું. પોલીસે યુવકની પત્નીને બોલાવીને જરૂરી કાઉન્સલિંગ કરી યુવકને સહી સલામત પત્ની સાથે પરત મોકલ્યો હતો.

## પંચમહોત્સવ જોવા આવતા 3 મિત્રોને નડ્યો અકસ્માત: બાઈક ઝાડ સાથે ભટકાતા એકનું ઘટના સ્થળે અને બીજાનું સારવાર મળે તે પહેલાં મોત

હાલોલ | ઘોઘંબાથી બાઈક ઉપર પંચમહોત્સવ જોવા પાવાગઢ આવી રહેલા ત્રણ મિત્રોની બાઈક કંકોડાકોઈ પાસે ઝાડ સાથે અથડાતા થયેલા અકસ્માતમાં બાઈક ચાલકનું ઘટના સ્થળે કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય બે સવારને 108 એમ્બ્યુલન્સમાં સારવાર માટે ઘોઘંબા રેફરલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં સારવાર મળે તે પહેલા જ અન્ય એક સવારનું મોત નીપજ્યું હતું. તો ત્રીજા ઈજાગ્રસ્ત અને સારવાર આપી વધુ સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.

પાવાગઢના વડા તળાવ ખાતે યોજ્યેલ પંચમહોત્સવની મજા માણવા રાત્રે ઘોઘંબાથી પાવાગઢ આવવા નીકળેલા 3 મિત્રોની બાઈક કંકોડાકોઈ પાસે ઝાડ સાથે ભટકાતા સર્જાયેલા અકસ્માતમાં બે મિત્રોના મોત નિપજ્યા હતા. ઘોઘંબાના નિકોલ ફળિયામાં રહેતો પ્રકાશ સાવકુણભાઈ બારીઆ તેની મોટરસાયકલ ઉપર તેના બે મિત્રો સંજય લક્ષ્મણભાઈ બારીઆ અને સંજય માધુભાઈ બારીઆ સાથે રાત્રે પંમહોત્સવમાં આવી રહ્યો હતો. બે ફિકરાઈ અને ઓવરસ્પીડમાં બાઈક હંકારતા તેઓની બાઈક રોડ છોડી બાજુમાં આવેલા ઝાડ સાથે ભટકાતા અકસ્માતમાં ત્રણેય ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.

**ગુજરાત પોલીસ ભવનના નકલી ક્લાર્કે આંતર જિલ્લા બદલીના નામે પોલીસનું ફુલેકું ફેરવ્યું, ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચે ભેજાબાજને દબોચ્યો**

## 12 પાસ ઠગે બદલીને નામે પોલીસને ટોપી પહેરાવી

ગાંધીનગર | ગુજરાત પોલીસ ભવનના ક્લાર્ક તરીકેની ઓળખ ઊભી કરી ઠગ દ્વારા પોલીસકર્મીઓને છેતરવામાં આવ્યા છે. અલગ અલગ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓની આંતર જિલ્લા બદલી કરાવી આપવાનો તેણે કારસો રચ્યો હતો. જેમાં પોલીસનું જ ફુલેકું ફેરવવાનાં ષડ્યંત્રનો ગાંધીનગર લોકલ ક્રાઇમ બ્રાન્ચે પર્દાફાશ કરી ગાંધીનગર સેક્ટર-26ના ભેજાબાજની ધરપકડ કરી ઘનિષ્ઠ તપાસનો દોર શરૂ કર્યો છે.

ગુજરાત પોલીસમાં અલગ અલગ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓની ઈચ્છા મુજબ આંતર જિલ્લા બદલી કરાવી આપવાનો દાવો કરી પોલીસનું જ ફુલેકું ફેરવનાર ભેજાબાજ એલસીબી પીઆઈ ડી. બી. વાળાના હાથમાં આવી ગયો છે. છેલ્લા બે મહિનાથી પોલીસ કર્મચારીઓનું આંતર જિલ્લા બદલીના નામે ફુલેકું ફેરવનાર ઠગનો એલસીબીએ પર્દાફાશ કર્યો છે.

ગુજરાત રાજ્યના અલગ અલગ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓની આંતર જિલ્લા બદલીની કાર્યવાહી પોલીસ ભવન કચેરી ગાંધીનગર મુકામેથી કરવામાં આવતી હોય છે. ત્યારે બદલી કરાવવા ઈચ્છુક પોલીસ કર્મચારીઓની માહિતી મેળવીને જન્મેજયસિંહ પ્રવિણસિંહ ઝાલા(રહે. સેક્ટર-26 ગાંધીનગર) સામેથી સંપર્ક કરી પોતાની ઓળખ ગાંધીનગર પોલીસ ભવનની બી બ્રાન્ચના ક્લાર્ક તરીકે આપી ઠગાઈ કરતો હોવાની બાતમી મળી હતી. બાતમીનાં પગલે એલસીબીએ ગાંધીનગર સચિવાલય ગેટ- 4થી પોલીસ ભવન તરફ રોડ ઉપર વોચ ગોઠવીને ઠગ જન્મેજયસિંહને ઉઠાવી લીધો હતો.

જેની પ્રાથમિક પૂછતાછમાં પોતે ધોરણ-12 પાસ તેમજ પોલીસ ભવનમાં નોકરી નહીં કરતો હોવાનું સામે આવ્યું હતું. જેનાં મોબાઈલમાં વોટ્સએપમાં અલગ અલગ પોલીસ કર્મચારીઓ સાથે બદલી કરાવી આપવા અંગેની ચેટ તેમજ અલગ અલગ પોલીસ કર્મચારીઓ પાસેથી રોકડ, ફોન પે, ગૂગલ પે જેવી એપ્લિકેશન માધ્યમથી બદલી કરાવવાના નામે રૂપિયા મેળવવામાં આવ્યા હોવાની પણ વિગતો તપાસમાં બહાર આવી છે.



### અગાઉ ઠગ સ્પીકિંગ ઈંગ્લિશ એકેડેમીમાં ભાગીદાર પણ હતો

ઉલ્લેખનીય છે કે, આ ઈસમ ભૂતકાળમાં ગાંધીનગરની જાણીતી સ્પીકિંગ ઈંગ્લિશ એકેડેમીમાં ભાગીદાર તરીકે પણ રહી ચૂક્યો હતો.

જેનાં પિતાને સેક્ટર - 16 ગોકુલ હોટલની પાછળ લગ્ન કંકોત્રી છાપવા માટેનું પ્રિન્ટિંગ પ્રેસ હતું. ભૂતકાળમાં જન્મેજય ડુપ્લિકેટ માર્કશીટ બનાવવાના ગુનામાં પણ પકડાઈ ચૂક્યો છે.

### હિંમતનગરનો ઠગ 2 મહિનાથી PSOને સીધા ફોન કરી બદલીનું કહેતો

આ અંગે એલસીબી પીઆઈ ડી. બી. વાળાએ જણાવ્યું કે, જન્મેજયસિંહ ઝાલા સેક્ટર - 26, ફ્લેટ નંબર એ-1/2, ગ્રીન સિટીમાં રહે છે. મૂળ હિંમતનગરનાં દેજરોટા ગામનો જન્મેજયસિંહ છેલ્લા બે મહિનાથી અલગ અલગ જિલ્લાના પોલીસ મથકમાં સરકારી નંબર ઉપર પોલીસ સ્ટેશન ઓફિસર (પીએસઓ)ને સીધો ફોન કરીને પોતાની ઓળખ પોલીસ ભવનનાં ક્લાર્ક તરીકે આપતો હતો અને પોલીસ કર્મચારીની બદલી કરાવી આપવાનો દાવો કરતો હતો.

### પોલીસકર્મીનો નંબર લઈ નાણાકીય ઠગાઈ આચરતો

બાદમાં જે તે પોલીસ કર્મચારીનો નંબર મેળવી લઈને સામેથી ફોન કરીને બદલી કરાવી આપવાનો વિશ્વાસ સંપાદન કરી નાણાકીય ઠગાઈ કરતો હતો. પ્રાથમિક તપાસમાં કેટલાક પોલીસ કર્મચારીઓની બદલી માટેની વોટ્સએપ ચેટ તેમજ પૈસા લીધાની વિગતો મળી આવી છે. હાલમાં રિમાન્ડ મેળવવા સહિતની જરૂરી કાનૂની પ્રક્રિયા ચાલી રહી છે. રિમાન્ડ દરમિયાન તેની સાથે કોઈ સંડોવાયેલું છે કે નહીં વગેરે વિગતો બહાર આવશે.

## વેરાવળમાં વાંદરીગેંગ વિરુદ્ધ ગુજસીટોક હેઠળ કાર્યવાહી

(એજન્સી) ગીર સોમનાથ | તા. 05

વેરાવળ સોમનાથ શહેર પંથકમાં આંતક મચાવનાર સામાજીક આગેવાનની વાંદરી ગેંગ સામે ગુજસીટોકનો ગુનો નોંધી ગેંગના લીડર સહિત 14 સાગરીતની એલસીબીએ ધરપકડ કરી છે. આ ગેંગ સામે હત્યાના પ્રયાસ, ગૌતસ્કરી-કતલ, રાયોટીંગ, મારામારી, લૂંટ, ફરજ રૂકાવટ, મહિલા અત્યાચારના 196 જેટલા ગુના નોંધાયેલા છે. જિલ્લા પોલીસની એરસ્ટ્રાઈક સમાન કડક કાર્યવાહીના પગલે અન્ય અસામાજીક તત્વોમાં ફફડાટની લાગણી પ્રસરી છે.

વેરાવળમાં આંતક મચાવનાર ગેંગને નાસીપાસ કરવા પોલીસે કરેલી કામગીરી અંગે પત્રકાર પરિષદમાં માહિતી આપતાં જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજાએ જણાવેલું કે, વેરાવળ સોમનાથ શહેર પંથક અને આસપાસના વિસ્તારોમાં છેલ્લા ઘણા વર્ષોથી વસીમ ઉર્ફે ભુરો ઉર્ફે બાબા ગુલાબશા શાહમદાર ફકીર અને શરીફ ઉર્ફે ભુરો ઉર્ફે માયો ઈકબાલ ચિનાઇ પટણીએ સાગરીતો સાથે મળીને ગુનાઓ આચરવા માટે વાંદરી ગેંગ નામની ટોળકી બનાવીને અનેક પ્રકારના ગુનાઓ આચરીને ભયનું વાતાવરણ ફેલાવ્યું હતું. આ ગેરકાયદેસર ગતિવિધિઓ વાંદરી ગેંગ માટે આજીવિકાનું સાધન બની ગઇ હોવાથી ટોળકીના સાગરીતો વિરૂદ્ધ કડક કાર્યવાહી કરી અટકાવવાની પરિસ્થિતિ ઉદભવી હતી.

ગેંગના લીડર વસીમ ઉર્ફે ભુરો અને શરીફ ઉર્ફે ભુરો ઉર્ફે માયો સહિત કુલ 14 સાગરીત વિરૂદ્ધ ગુજસીટોક એક્ટ-2015ની કલમ 3(1)ની પેટા (2), કલમ-3(2), કલમ-3(4) હેઠળ વેરાવળ પોલીસમાં ગુનો દાખલ કર્યો છે. આ વાંદરી ગેંગના લીડર સહિત તમામ 14 સાગરીતને એલસીબી પીઆઈ એ.બી.જાડેજાના નેતૃત્વમાં પીએસઆઈ એ.સી. સિંધવ, પીઠરામ જેઠવા, રામદેવસિંહ જાડેજા, નરવણસિંહ ગોહીલ, ગોવિંદ વંશ, રેન્જ સાયબર સેલના કનકસિંહ કાગડા, એસઓજીના દેવદાન કુંભારવાડીયા, નટુભા બસીયા, નરેન્દ્ર પટાટ, લલીત ચુડાસમા, નરેન્દ્ર કછોટ, ભુપેન્દ્રસિહ ચાવડા સહિતના સ્ટાફની જુદી જુદી ટીમો બનાવીને ટેકનીકલ સર્વેલન્સની મદદથી ઝડપી લેવામાં આવ્યા છે.

વધુમાં એસપી મનોહરસિંહ જાડેજાએ જણાવેલું કે, વાંદરી ગેંગના સાગરીતોએ છેલ્લા દસ વર્ષ દરમિયાન પ્રાણઘાતક હથિયારો સાથે રાયોટીંગ, મારામારી, જાનમાલ મિલકત સબંધીમાં લૂંટ, પશુ તસ્કરી, ગૌવંશ હત્યા, પ્રોહીબીશન, હથિયાર ધારા, સરકારી અધિકારી/કર્મચારીઓની ફરજ રૂકાવટ, ખંડણી, હદપારી ભંગ, સ્ત્રી અત્યાચારના, મોબાઇલ ફોન ઉપર ધાકધમકી આપવાના કુલ-196 ગુના આચારેલા છે. આ ગુનાઓમાંથી ટોળકીના ગેંગલીડરો તથા સાગરીતોએ એકબીજા સાથે મળીને સમાન ઈરાદો પાર પાડવા 53 જેટલા ગુના આચરેલા હોવાનું જાણવા મળ્યું હતું. જેના આધારે ગેંગ સામે ગુજસીટોકનો ગુનો નોંધવામાં આવ્યો છે.

**કબડ્ડી-જિમ કરીને ઘરે આવ્યા બાદ ચાનો કપ લઈ સોફા પર બેઠો અને પ્રાણપંખેરું ઊડી ગયું...**

## સ્ટેટ લેવલના કબડ્ડીના ખેલાડીનું મોત

(એજન્સી) સુરત | તા. 05

રાજકોટમાં રાજ્યકક્ષાના ખેલ મહાકુંભ 3.0નો ગતરોજ (4 જાન્યુઆરી)ના મુખ્યમંત્રીએ પ્રારંભ કરાવ્યો હતો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના એથ્લેટિક્સ મેદાન પરથી ખેલ મહાકુંભનો શુભારંભ કરવામાં આવ્યો હતો. તે વચ્ચે સુરત પાલના સિદ્ધિ વિનાયક એપાર્ટમેન્ટના ફ્લેટમાંથી સ્ટેટ લેવલના કબડ્ડીના ખેલાડીનું અચાનક મોત થતા પરિવાર આઘાતમાં સરી ગયો છે. હાલ હાર્ટ એટેકથી મોતની આશંકા સેવવામાં આવી રહી છે.

સુરતનો સ્ટેટ લેવલ ખેલાડી જય પ્રજાપતિ સવારે કબડ્ડી રમી અને જિમ કરીને ઘરે આવ્યા બાદ યુવક ચાનો કપ લઈ હોલમાં સોફા પર બેઠો હતો અને ઢળી પડ્યો હતો. જ્યારે રાત્રે પરિવારના સભ્યો ઘરે આવ્યા તો મૃત હાલતમાં મળી આવ્યો હતો. પોલીસે પોસ્ટમોર્ટમની દિશામાં કાર્યવાહી કરી આગળની તપાસ હાથ ધરી છે.

પિતરાઈ ભાઈ સોલવીને જણાવ્યું હતું કે, જય મુકુંદભાઈ પ્રજાપતિ ઉ.વ.25 (રહે પાલ સિદ્ધિ વિનાયક એપાર્ટમેન્ટ) ટ્રેડ માર્ક રજિસ્ટ્રેશનના કામકાજ સાથે સંકળાયેલો હતો. પરિવારમાં માતા ડાયમંડમાં કામ કરે છે અને પિતા ફર્નિચરના કામકાજ સાથે સંકળાયેલા છે. ગત રોજ સવારે રોજિંદાની જેમ જય કબડ્ડી રમી અને જિમ કરીને આવ્યા બાદ નહાવા માટે પાણી મૂકી ચા લઈને હોલમાં સોફા પર બેઠો હતો. ત્યારે પરિવાર પોતાના કામે નીકળી ગયો હતો.



### પરિવાર રાત્રે આવ્યો તો જય બેભાન હાલતમાં મળ્યો

રાત્રે પરિવાર ઘરે આવતા દરવાજો ખોલતાં જ જય સોફા ઉપર જ બેભાન હાલતમાં મળી આવ્યો હતો. જેને લઈ પરિવાર 108ની મદદથી જયને સિવિલ લઈ આવતા ડોક્ટરોએ મૃત જાહેર કર્યો હતો. જયના મોતને લઈ પરિવાર પણ આશ્ચર્યમાં મુકાઈ ગયો છે. જય તંદુરસ્ત અને કબડ્ડીનો ખેલાડી હતો. સુરતની ટીમમાંથી રાજ્યકક્ષાની મેચ રમતો હતો. રસોડામાં પાણી ગરમ કરવાનું તપેલું પણ બળી ગયું હતું. સોફા પર ચાનો કપ પણ એવો જ એટલે કે અડધો ભરેલો મળી આવ્યો હતો. હાલ પાલ પોલીસ તપાસ કરી રહી છે.

**ટ્રેક ઓળંગતી વખતે ટ્રેનની ઝપટે ચડતા પતિની નજર સામે પત્ની અને બે પુત્રનાં મોત**


## કચ્છ એક્સપ્રેસ ટ્રેનની અડફેટે પરિવાર કચડાયો

(એજન્સી) કચ્છ (ભુજ) | તા. 05

અંજાર તાલુકાના ભીમાસર રેલવે સ્ટેશન ખાતે રાત્રે શ્રમજીવી પરિવાર પસાર થઈ રહ્યો હતો. ત્યારે પરિવારના સભ્યો અચાનક કચ્છ એક્સપ્રેસ ટ્રેનની હડફેટે ચડી જતા અકસ્માતનો ભોગ બન્યો હતો. જેથી પતિની નજર સામે પત્ની અને બે પુત્રોના મોત થયાં હતાં. ઘટનાને પગલે રેલવે સ્ટાફ સહિતનાઓ મદદે દોડી ગયા હતા.

આ ઘટનાની વિગત જોઈએ તો ગાંધીધામથી નીકળેલી મુંબઈ જતી કચ્છ એક્સપ્રેસ ટ્રેન ભચાઉ તરફ આગળ વધી રહી હતી. તે જ સમયે રેલવે ટ્રેકને ઓળંગી રહેલા પરિવારના સભ્યો ધસમસતી ટ્રેનની હડફેટે ચડી જતા ગંભીર ઈજા પહોંચી હતી. જેમાં પતિની નજર સામે જ પત્ની અને બે પુત્રોનાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતાં. બનાવના પગલે રેલવે સ્ટાફ સહિતના લોકો પરિવારની મદદે દોડી ગયા હતા અને ગાંધીધામ પોલીસને જાણ કરી હતી.

બનાવ અંગે ગાંધીધામ રેલવે પોલીસનો સંપર્ક સાધતાં તેમણે કહ્યું હતું કે, અંજાર પાસેની વેલસ્પન કંપનીમાં શ્રમકાર્ય કરતું દંપતી ગત રાત્રે બનાસકાંઠાના દિયોદર તાલુકાના લવાણા ગામેથી પાલનપુરવાળી ટ્રેનથી પરત ફર્યું હતું અને ભીમાસર રેલવે સ્ટેશન પર ઊતર્યું હતું. પ્લેટફોર્મ ઊતરી શ્રમજીવી પરિવાર સામે તરફ જવા ટ્રેક ઓળંગતો



હતો, ત્યારે રાત્રે 11.30 વાગ્યાની આસપાસ ઘટના બની હતી. અહિંથી પસાર થઈ રહેલી કચ્છ ઈએમએસ ટ્રેનની ઠોકરે પરિવાર ચડી જતા 30 વર્ષીય જનતાબેન જગતાભાઈ વાલ્મિકી, 9 વર્ષનો પુત્ર મહેશ અને માતા પાસે રહેલા બે માસના પુત્ર પ્રિન્સનું ઘટનાસ્થળે જ ગંભીર ઈજાઓના કારણે મૃત્યુ થયું હતું, જ્યારે આગળ ચાલતા પતિનો ચમત્કારિક બચાવ થયો હતો. મૃતદેહોને પીએમ વિધિ બાદ તેમના પરિવારને સોંપવામાં આવ્યા હોવાનું તપાસ કરતા રેલવે પોલીસના હેડ કોન્સ્ટેબલ વડાભાઈ રબારીએ જણાવ્યું હતું.

## જાહેરનામાં ભંગ બદલ ગુનો: ચાઈનીઝ દોરીનું વેચાણ કરતા બે શખ્સોને પોલીસે ઝડપી પાડ્યાં

(એજન્સી) નવસારી | તા. 05

ઉતરાયણના તહેવારને લઈને પક્ષીઓ ધારદાર દોરાથી ઘાયલ થઈ મોતને ભેટે છે, જેથી દર વર્ષે નવસારી જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા આ તહેવારને લઈને જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવે છે. જેમાં ચાઈનીઝ દોરી, પ્લાસ્ટિક ઘેરી, કાચ પાયેલી નાયલોન દોરી, આકાશી ફાનસ, ચાઈનીઝ તુક્કલના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ, ચગાવવા તથા ઉપયોગ કરવાનો પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રતિબંધિત કરવામાં આવે છે. આ જાહેરનામાને અવગણી કેટલાક લોકો ચાઈનીઝ દોરાનું વેચાણ અને ઉપયોગ કરે છે. જેથી તેમની સામે કાયદેસરના પગલાં લેવામાં આવે છે આ વર્ષે પણ નવસારી SOG 1, અને 1 બીલીમોરા આરોપીને ચાઈનીઝ દોરાનો જથ્થો રાખવા બદલ ઝડપી પાડ્યો છે તો બીલીમોરા પોલીસે માલ ઉપલબ્ધ કરાવનાર અન્ય એકને ઝડપી પાડી કુલ બે ની ધરપકડ કરવામાં આવી છે. બીલીમોરા પાસેના વલોટીમાં રહેતો મીત પટેલે ઓનલાઈન 36,400 ની કિંમત ના 91 નંગ રીલ મંગાવ્યા હતા અને તેનું છૂટક વેચાણ કરવા માટે હર્ષ પટેલ નામના યુવાનને આપ્યા હતા. જેથી નવસારી SOG ને બાતમી મળી હતી કે બીલીમોરા પાસેના વલોટી ગામના ટેકરા ફળિયામાં રહેતો હર્ષ પટેલ પાસે 91 નંગ ચાઈનીઝ દોરાના રીલ છે.

## ગોડાઉનનું તાળું તૂટ્યું: વલસાડમાં પ્રભાત ટ્રેડર્સના ગોડાઉનમાંથી તસ્કરે 2670 KG કઠોળની ચોરી કરી

(એજન્સી) વલસાડ | તા. 05

વલસાડના છીપવાડ દાણાબજારમાં પ્રભાત ટ્રેડર્સ નામની દુકાનમાં ગત 23 ડિસેમ્બરની રાત્રીએ અજાણ્યા તસ્કર દ્વારા ગોડાઉનનું તાળું તોડી ગોડાઉનમાં મુકેલા કઠોળના જથ્થામાંથી 2,670 KGના જથ્થાની ચોરી કરી ફરાર થઇ ગયો હતો. બીજા દિવસે ઘટનાની જાણ ગોડાઉન પાસે રહેતા સ્થાનિક લોકોને થતા તાત્કાલિક ઘટનાની જાણ ગોડાઉન સંચાલકને કરી હતી. ઘટના અંગે ગોડાઉન સંચાલકે ઘટનાનની તપાસ કરીને ઘટનાની જાણ વલસાડ રૂરલ પોલીસની ટીમને કરી હતી. જેથી પોલીસે તપાસ હાથ ધરી છે.

વલસાડના તિથલ રોડ કંચનગંગા બંગલામાં રહેતા મોહિત વસંતભાઈ ભાનુશાલી નીલકંઠ રેસિડન્સીમાં રહેતા જગદીશ શંકરલાલ ભાનુશાલી સાથે ભાગીદારીમાં છીપવાડ અનાજ બજારમાં પ્રભાત ટ્રેડર્સ નામે કઠોળનો હોલસેલ વેપાર કરે છે. ગુંદલાવ ચોકડી નજીક દિયા કોમ્લેક્ષમાં દૂકાન નં.13,14,15 અને 16 નંબરની દુકાન ભાડેથી રાખી હતી. માલની ડીલીવરી ગુંદલાવ ગોડાઉનથી કરવામાં આવે છે અને વેચાણના માલની ડિલીવરી માટે પોતાનો ટેમ્પો છે. જેના ચાલક પ્રશાંત પ્રભાત ટ્રેડર્સની માલની ડિલિવરી કરવાની સંપૂર્ણ કામગીરી કરે છે.

## ભીમાસર પાસે બનાસકાંઠાનો શ્રમિક પરિવાર ટ્રેન નીચે કચડાયો : માતા અને બે પુત્રોના મોત

(એજન્સી) ભુજ । તા. 05

અંજાર તાલુકાના ભીમાસર પાસે કચ્છ એક્સપ્રેસ ટ્રેન નીચે પતિની નજર સામે જ પત્ની અને બે પુત્રના કપાઈ જવાની કરૂણ ઘટના ઘટી છે. ગત રાત્રીના શુક્રવારે ૧૧.૩૦ કલાકના અરસામાં આ બનાવ બન્યો હતો. રેલવે પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર, બનાસકાંઠાનો શ્રમજીવી પરિવાર ટ્રેનના પાટા ઉપરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે પાટા ઓળંગી વખતે શ્રમિક પરિવાર ત્યાંથી પસાર થયેલી કચ્છ એક્સપ્રેસ નીચે આવી જતા મૃત્યુને ભેટયા હતા. હતભાગીમાં જનતાબેન વાલ્મિકી(૩૦), મહેશ(૯) અને અઢી માસના પ્રિન્સ નામના બાળકનો સમાવેશ થાય છે. મૂળ બનાસકાંઠાના દિયોદર તાલુકાના લવાણા ગામનો પરિવાર અંજારમાં વેલ્સ્પન કંપનીમાં મજુરી કામ કરે છે. હાલમાં તેઓ વતન ગયા હતા અને પાલનપુર- ગાંધીધામવાળી ટ્રેનમાં બેસી પરત ફર્યા હતા. ભીમાસર ગામે કૌટુંબિક મામા રહેતા હોઈ તેમને મળવા જવાનું હોઈ ભીમાસર ઉતર્યા હતા ત્યારે રાત્રીના અંધકારમાં પતિ સાથે પત્ની અને બાળકો એકબીજાના હાથ પકડીને પાટા ક્રોસ કરતા હતા ત્યારે ધસમસતી આવેલી ટ્રેન તળે માતા અને બે માસુમ દિકરાઓ કપાઈ ગયા હતા.

**પોલીસ પૂછપરછમાં વધુ ચારનાં નામ ખુલ્યા, લૂંટ કરેલા સોના - ચાંદીનાં ઘરેણાં અને ઈક્કો કાર સહીત કુલ ૩.૨૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરાયો**

# વેપારીને બંધક બનાવી લૂંટને અંજામ આપનાર ગેંગનાં ચાર ઝડપાયા

(એજન્સી) ગાંધીધામ । તા. 05



અંજાર શહેરમાં રહેણાંક મકાનમાં અજાણ્યા ચાર શખ્સો મકાનમાં અપપ્રવેશ કરી યુવાનને બંધક બનાવી અને ઘરમાં યુવાનની માતા અને વેવણને છરી અને ધારીયા બતાડી મારી નાખવાની ધમકી આપી તેમણે પહેરેલા ૭૭ હજારની કિંમતનાં સોના - ચાંદીનાં અલગ અલગ દાગીનાની લૂંટીને અંજામ આપનાર ૮ શખ્સો માંથી ચાર શખ્સોને પોલીસે ગણતરીનાં દિવસોમાં અંજાર - ભચાઉ કેનાલ વાળા રસ્તેથી ઝડપી લીધા હતા અને તેમના પાસેથી લૂંટ કરેલા સોના - ચાંદીનાં દાગીના અને ઈક્કો કાર સહીત કુલ ૩.૨૧ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. મૂળ રાપર સુરબાવાંઢ હાલે મિથીલા સોસાયટીની બાજુમાં સાંગનદીના કાંઠે પતરા વાળા મકાનમાં રહેતા અને કરિયાણાની દુકાન ચાલાવતા હિતેશભાઈ સોડાભાઈ કોળીનાં મકાનમાં ગત ૨૩ ડિસેમ્બરનાં રાત્રે એક વાગ્યાનાં અરસામાં લૂંટનો બનાવ બન્યો હતો. જેમાં કોઈ અજાણ્યા ચાર શખ્સો ફરિયાદીનાં મકાનમાં રાત્રે અપપ્રવેશ કરી ફરિયાદીની આંખો અને મોઢા પર રૂમાલ બાંધી તેને ખાટલામાં બાંધી દઈ બંધક બનાવી ફરિયાદીની માતા મીઠીબેન અને વેવણ જમુબેનને છરી અને ધારિયા બતાવી મારી નાખવાની ધમકી આપી તેમણે પહેરેલા અલગ અલગ સોના - ચાંદીનાં દાગીના સહીત કુલ ૭૭ હજારનાં માલમત્તાની લૂંટ કરી નાસી જતા અજાણ્યા શખ્સો વિરુદ્ધ અંજાર પોલીસ મથકે ગુનો નોંધાયો હતો.જે બનાવમાં પોલીસે ઘરમાં લૂંટ કરનાર શખ્સો ૩૦ વર્ષીય અલ્પેશ બાબુભાઈ કોળી (મૂળ આડેસર રાપર હાલે રહે. મેઘપર બોરીચી અંજાર), ૨૪ વર્ષીય રમેશ ઉર્ફે ગરીબ પરબતભાઈ કોળી (રહે. મૂળ ખાનપર રાપર હાલે મુન્દ્રા), ૨૮ વર્ષીય વિજય ઉર્ફે બંટી નાગજીભાઈ કોળી (મૂળ માંડવી હાલે રહે. અંજાર) અને ૨૫ વર્ષીય ખેતો ઉર્ફે ધર્મેશ જવાહરભાઈ કોળી (રહે. ભચાઉ)ને ભચાઉ - અંજારનાં કેનાલ વાળા રસ્તેથી ઈક્કો કાર નં જીજે ૧૨ એફડી ૫૯૨૪ સાથે ઝડપી લીધા હતા. જેમાં પોલીસે તમામ આરોપીઓ પાસેથી લૂંટ કરેલા સોના - ચાંદીનાં દાગીના અને ઈક્કો કાર સહીત કુલ રૂ. ૩,૨૧,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પકડાયરેલા આરોપીઓને વધુ પૂછપરછ કરતા આરોપી વિનોદ ઉર્ફે કાળો કોળી, હરેશ ઉર્ફે હરી નારણભાઇ કોળી, જીગર ધીંગાભાઈ કોળી અને સુરેશ મોતી કોળીનાં નામ ખુલ્યા હતા. જેથી પોલીસે બાકી ચારેય આરોપીને ઝડપી પાડવા વધુ તપાસ હાથ ધરી હતી.

## ભીમદાડના શખ્સ સામે પ્રેમિકાને મરવા મજબૂર કર્યાનો ગુનો દાખલ

(એજન્સી) ભાવનગર । તા. 05

ધોળકા તાલુકાના લીલિયા ગામના વતની અને ભાવનગર શહેરના કુંભારવાડા, નારી રોડ, અવેડા પાસે રહેતા ૬૦ વર્ષીય વૃદ્ધા નંદાબેન ડોડિયાના પુત્રી નીકિતાબેનના લગ્ન ૧૭ વર્ષ પહેલા રોહિશાળા ગામે કનુભાઈ વઘાસિયા સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન તેણીને ત્રણ પુત્રી અને એક પુત્રના જન્મ થયા હતા. જ્યારે નીકિતાબેને પોતાની સાથે કાયદેસર લગ્ન કરવા અંગે વાત કરતા મેહુલે કહેલ કે, હવે મારી ઘરવાળી આવી ગઈ છે, એટલે તારે જ્યાં જવું હોય ત્યાં જા, જીવવું હોય તો જીવ અને મરવું હોય તો મર.. તેમ કહીં તેણીને મરવા મજબૂર કરતા નિકીતાબેને ગઇ તા.૧૪-૭-૨૦૨૪ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે બોટાદ-લાઠીદડ રેલવે સ્ટેશન વચ્ચેના ખુંટા નં.૭૯/૯ તથા ૮૦/૦ની વચ્ચેના રેલવે ટ્રેકમાં ટ્રેન નીચે પડતું મુકી દેતા તેણીનું કપાઈ જવાથી કમકમાટીભર્યું મૃત્યુ થયું હતું.રાત્રિના સમયે મેહુલ ચેખલિયા નામના શખ્સ સામે ગુનો દાખલ કરાવતા બોટાદ પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૮, ૩૫૨, ૩૫૧ (૩) મુજબ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**ગૃહ રાજ્ય મંત્રીને વડગામના ધારાસભ્યનો પડકાર**

## સુરત સહિતના શહેરોમાં દારૂના અડ્ડા ચલાવતા લોકોનું સરઘસ કાઢી બતાવો

(એજન્સી) ગઢડા । તા. 05



તાજેતરમાં નજીકના સમયમાં યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની તાલુકા પંચાયત, નગર પંચાયત અને ગ્રામ પંચાયતોની ચૂંટણી પૂર્વે ભાજપના અને આમ આદમી પાર્ટીના કાર્યકરો કોંગ્રેસમાં ભળતા આજે બોટાદ જિલ્લાના ગઢડા ખાતે ગઢડા શહેર અને તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા ખાસ સભાનું આયોજન કરાયું હતું.

આ સભામાં વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ સભાને સંબોધન કરતા જણાવ્યું હતું કે, તાજેતરમાં બનેલી અમરેલીની ઘટનામાં પાટીદાર સમાજની દિકરીને ભરબજારમાં વરઘોડો કાઢી અપમાનિત કરવામાં આવી હતી. આ બાબતનો ઉલ્લેખ કરીને તેમણે રાજ્યના આઠ ચોપડી પાસ ગૃહ રાજ્ય મંત્રીને પડકાર ફેંક્યો હતો કે, સુરત વિગેરે શહેરોમાં દારૂના અડ્ડા ચલાવતા લોકોનું સરઘસ કાઢે તો માનીએ. તેમણે બંધારણ સર્વોપરી હોવાનું અને ન્યાયની લડત માટે સંઘર્ષ કરતા રહેવા કાર્યકરોને જણાવ્યું હતુ. સભાને સંબોધતા પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અને સાંસદ શક્તિસિંહ ગોહિલે ભાજપ સરકારની નીતિ રીતી ઉપર પ્રહારો કરતા જણાવ્યું હતું કે, મત માટે હિન્દુ - મુસ્લિમ કરતી ભાજપ સરકાર જૂઠાણાનો વેપાર ચલાવે છે. વીસ વર્ષ પહેલા કપાસ ચૌદસો રૂપિયામાં વેંચાતો ત્યારે ભાજપના લોકો કિસાનોની આવક બમણી કરી દેવાની વાત કરતા હતા. બાદમાં, ડિઝલ, દવા, ખાતરનો ભાવ વધતા ખર્ચ અનેકગણો વધ્યો હોવા છતાં કપાસના ભાવ વધ્યા નથી, ઉલ્ટાનું જી.એસ.ટી.ના મારથી ખેડૂતોની કમર તૂટી છે. ઉદ્યોગ જરૂરી છે પરંતુ ખેતી પ્રધાન દેશમાં ખેતીના ભોગે ઉદ્યોગો ન હોવા જોઈએ તેમ જણાવ્યું હતું.

સાંપ્રત રાજ્યમાં બનેલી સાંપ્રત ઘટનાઓનો ઉલ્લેખ કરી પેપર ફોડનારા, ડ્રગ્સની હેરાફેરી કરનાર, બળાત્કાર કરનારા ભાજપના કાર્યકરો નિકળ્યા હોવાનું જણાવી રામના નામે ચરી ખાતા રાવણોને પ્રજાએ ઓળખી લેવા અને સત્યને ઉજાગર કરવા ટકોર કરી હતી. આ સભામાં ભાજપમાંથી કોંગ્રેસમાં જોડાયેલા કાર્યકરોને આવકાર અપાયો હતો. ઢસા રોડ ખાતે આમ આદમી પાર્ટીના કાર્યકરોના કોંગ્રેસ પ્રવેશ માટે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

**આરોપીને કડક સજાની માંગ સાથે સૌની એક જ માંગ**

# 'ગૌરીના હત્યારાને ફાંસી આપો' : ભુજમાં સર્વ સમાજની મૌન રેલી



### મૃતક યુવતીના ગોધરા ગામે મૃતક ગૌરીના માનમાં સજજડ બંધ રાખ્યો

આ મૌન રેલીમાં ગોધરા વિષ્ણુ સમાજના આગેવાનો, ગોધરા સરપંચ , સામાજિક અગ્રણીઓ સહિત સમગ્ર કચ્છ જિલ્લાના તમામ સમાજના આગેવાનો કાર્યકરો, મહિલા મંડળના સભ્યો મોટી સંખ્યામાં જોડાયા હતા.કચ્છ જિલ્લા મહિલા વિકાસ સંગઠનની સોથી વધુ બહેનો મૌન રેલીમાં ઉપસ્થિત રહી કલેકટરને મૃતક ગૌરીબેનના કિસ્સામાં તાકિદે આરોપીને કડક સજા અને જિલ્લામા મહિલા સુરક્ષા વધુ મજબૂત બનાવવા માંગ કરી હતી. આ હત્યા કાંડની તપાસ સમિતિ નિમી આરોપીને કડકમાં કડક સજા થાય તે માટે રાજયના ગૃહમંત્રીને કોંગ્રેસ પ્રમુખ યજુવેન્દ્રસિંહ જાડેજા, વી.કે.હુંબલ, આદમભાઈ ચાકી સહિતનાઓ દ્વારા પણ રજુઆત કરાઈ છે. કચ્છ માટે કલંકરૂપ આ ઘટના ગણાવી આવા બનાવોથી વધુ દિકરીઓ પોતાના જીવ ન ગુમાવે તે પહેલા આવા કેસોનું ઝડપી નિકાલ કરવા રજુઆત કરી છે.

(એજન્સી) ભુજ । તા. 05

માંડવી તાલુકાના ગોધરા ગામે ગત ૩૦ તારીખે તલવાર અને ગુપ્તીના અસંખ્ય ઘા મારી ને આરોગ્ય વિભાગની કર્મી ગૌરીબેન તુલસીભાઇ ગરવા નામની ૨૭ વર્ષિય યુવતીની ક્રુર હત્યાના સમગ્ર કચ્છ જિલ્લા અને ગુજરાતમા ઘેરા પડઘા પડયા છે. આ ક્રુર હત્યાના આરોપીને ફાંસીની સજાની માંગ સાથે જિલ્લાના પાટનગર ભુજ ખાતે સર્વ સમાજ દ્વારા બિનરાજકીય મૌન રેલી કાઢી જિલ્લા કલેક્ટર અને પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષકને વિસ્તૃત માંગ સાથે આવેદનપત્ર પાઠવી રજુઆત કરવામાં આવી હતી.તાજેતરમાં ગોધરા ગામની ગૌરીબેન ગરવા વહેલી પરોઢે નોકરીએ જવા નીકળી હતી ત્યારે તેના ઘરની નજીક જ આરોપીએ તેને ગુપ્તી અને તલવારના અસંખ્ય ઘા મારી હત્યા નીપજાવી હતી. બનાવના દિવસે આરોપીની પોલીસે હોસ્પિટલમાંથી ધરપકડ કરી હતી. પરંતુ, હત્યાના આ બનાવે અમુક ઘેરા રહસ્યો સર્જ્યા હોવાથી આજરોજ આરોપીને ફાંસીની સજાની માંગ સાથે ભુજમાં મૌન રેલી યોજવામાં આવી હતી. જેમાં, મોટી સંખ્યામાં બહેનો પણ જોડાઈ હતી. 'ગૌરીના હત્યારાને ફાંસી આપો' તેવા બેનરો સાથે પોતાની લાગણી વ્યક્ત કરી હતી. પ્રતિનિધી મંડળ દ્વારા આપેલ આવેદન પત્રમાં આ ક્રુર હત્યાના કેસને ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવવા, ખાસ સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટરની નિયુક્તિ કરવા, મૃતક યુંવતીના પરિવારને આર્થિક વળતર તથા પરિવારના એક સભ્યને નોકરી આપવા સ્પેશિયલ ઈન્વેસ્ટેગેસન ટીમ દ્વારા તપાસ કરવા, તેમજ પ્રારંભિક તપાસમાં પોલીસની બેદરકારી તથા માંડવી સરકારી હોસ્પિટલના તબીબો દ્વારા આરોપીને છાવરવાની સહિતના મુદે તપાસની માંગ સાથે વિસ્તૃત આવેદન આવેદનપત્ર પાઠવી, અગ્રણીઓ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા , ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીએ આરોપીને ત્વરિત સજા મળે અને ભવિષ્યમાં કચ્છ જિલ્લામા આવા ક્રુર બનાવો ન બને એ સહિતની તમામ માંગણીની સરકારમા તાત્કાલિક રજૂઆત કરવાની સૌને હૈયાધારણ આપી હતી. શરુઆતમાં ડો. આંબેડકરની પ્રતિમા પાસે સમગ્ર કચ્છ માંથી ઉપસ્થિત લોકો વચ્ચે મરણ જનાર ગૌરીબેન ગરવાના પરિવારજનો બાબાસાહેબની પ્રતિમાને હારારોપણ વંદના કરી મૃતક ગૌરી ગરવાને શ્રધ્ધાંજલિ આપી બે મિનિટનું મૌન પાડી વિશાળ સંખ્યામાં રેલી સ્વરૂપે નીકળી ન્યાય કોર્ટ, જ્યુબીલી ગ્રાઉન્ડ થી કલેકટર કચેરી સુધી હજારોની સંખ્યામાં મૌનરેલી માં બેનર,પ્લે કાર્ડના સુત્રો દ્વારા આક્રોશ વ્યક્ત કર્યો હતો.

**પાલિતાણા પોલીસ મથકમાં ગુનો નોંધાયો**

## પાલિતાણા પંથકમાં 12 વર્ષની બાળકી સાથે સામૂહિક દુષ્કર્મ



(એજન્સી) ભાવનગર । તા. 05

પાલિતાણા પંથકની ૧૨ વર્ષની બાળકી સાથે સોનગઢ રોડ પર રેલવે ફાટક પાસે ત્રણ શખ્સોએ દુષ્કર્મ આચર્યાં અંગેની ફરિયાદ પાલિતાણા ટાઉન પોલીસ મથકમાં નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે. પાલિતાણા પંથકની એક ૧૨ વર્ષ ૯ માસ ૩૦ દિવસની ઉંમરની બાળકીને ગત તા.૨૯-૧૨ના મોડી રાત્રિના જયપાલ સિંધી નામનો શખ્સ કાયદેસરના વાલીપણામાંથી પોતાની બાઈક પર બેસાડીને પાલિતાણાના સોનગઢ રોડ રેલવે ફાટક પાસે લઈ ગયો હતો. જ્યાં બાળકી સાથે જયપાલ તથા અજાણ્યા બે શખ્સો દ્વારા બાળકીની મરજી વિરૂદ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. બનાવ અંગે બાળકીની માતાએ પાલિતાણા ટાઉન પોલીસ મથકમાં જયપાલ સિંધી તથા બે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પાલિતાણા ટાઉન પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. આ અંગે પોલીસ સુત્રોએ વધુમાં વિગત આપતા જણાવ્યું હતું કે, બાળકી પાંચમાં ધોરણમાં અભ્યાસ કરે છે અને આરોપી જયપાલ અવારનવાર તેના ઘર પાસેથી પસાર થતો હોય અને બાળકીને ભાગ લઈ દેતો અને પૈસા વાપરવા આપતો અને ક્યારેક સ્કુલેથી બાળકી છૂટે ત્યારે બાઈકમાં મુકી જતો અને આવી રીતે બાળકીનો વિશ્વાસ કેળવી પરિચયમાં આવ્યો હતો, ત્યારે દુષ્કર્મના બનાવને લઈને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**ઈજા થતાં હોસ્પિટલ ખસેડાયા**

## બોટાદમાં બે પાડોશી વચ્ચે સામાન્ય બાબતે બબાલ થઈ

(એજન્સી) ભાવનગર । તા. 05

બોટાદના અવળ રોડ જ્યાનગર ખાતે રહેતા ભાવનાબેન પ્રભાતભાઈ ઈટાલિયા પુત્ર વધુ જશોદાબેન તથા શીતલબેન ઘરે હાજર હતા. ત્યારે બાજુમાં રહેતા દક્ષાબેન અને તેના પતિ હરેશભાઈ બંને ઝઘડો કરતા હતા. અને ખૂબ જ ગંદી ગાળો બોલતા હોય જેથી સાસુ વહુ પાડોશી દંપતિને સમજાવવા માટે ગયા ત્યારે દક્ષાબેન તથા તેના સાસુ હીરાબેન તથા હરેશએ કહેવા લાગેલ કે ગાળો તો બોલાશે તમારે અમારી બાજુમાં રહેવું હોય તો રહેશો અમે તો ગાળો બોલીશું તેવું કહીને દક્ષાબેનનાં હાથમાં રહેલી લાકડી વડે ભાવનાબેનને જમણા હાથના પોચા ઉપર એક ઘા ઝીંકી દીધો હતો .અને હીરાબેન તથા હરેશ ઢીકાપાટુનો માર મારવા લાગેલ અને કહેવા લાગેલ કે જો હવે તમે અમને સમજાવવા માટે ફરીથી ઘરે અવશો તો તમને જાનથી મારી નાખીશું તેવું કહીને ઢીકા પાટુનો માર મારવા લાગ્યા હતા. દરમિયાનમાં આજુબાજુના માણસો ભેગા થઈ જતા વધુ મારથી બચાવેલ અને દક્ષાબેન તથા તેના પતિ હરેશ તથા હીરાબેન ધમકી આપેલ કે જો હવે અમારા ઘરે પગ મૂક્યો તો આખા ઘરના સભ્યોને જાનથી મારી નાખીશુ તેવી ધમકી હતી. ભાવનાબેન ને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા.આ બનાવ સંદર્ભે ભાવના બેને બોટાદ પોલીસ મથકમાં દંપતિ સહિત ત્રણ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે.જ્યારે બોટાદના અવળ રોડ જ્યાનગર ખાતે રહેતા દક્ષાબેન હરેશભાઈ તલસાણીયા અને પતિ હરેશભાઈ ઘરે હતા.તેવામાં પતિ મોડા ઘરે આવ્યા હોવાના કારણે પતિ પત્ની બંને વચ્ચે ઝઘડો થતો હતો. પતિ હરેશભાઈ જોર જોર થી ગાળો બોલતા હતા. અને દક્ષાબેન પતિને સમજાવતા હતા. ત્યારે બાજુમાં રહેતા ભાવનાબેન પ્રભાતભાઈ ઈટોલિયા તથા જશોદાબેન મનોજભાઈ ઈટોલીયા તથા શીતલબેન ઘરે આવી પતિ પત્નીને ગાળો આપવા લાગ્યા હતા. .આ બનાવ સંદર્ભે દક્ષાબેન બોટાદ પોલીસ મથકમાં સાસુ વહુ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**ત્રણ બનાવમાં ત્રણ યુવાનોનાં જીવન દિપ બુઝાઇ ગયા**

## નાના કપાયામાં બહાર જવા મુદે પત્ની સાથે ઝઘડો થતાં પતિનો ફાંસો ખાઇ આપઘાત

(એજન્સી) ભુજ । તા. 05

પશ્ચિમ કચ્છમાં અપમૃત્યુના અલગ અલગ ત્રણ બનાવમાં ત્રણ યુવાનોનાં જીવન દિપ બુઝાઇ ગયા હતા. નાના કપાયામાં બહાર જવા મુદે પત્ની સાથે ઝઘડો થતાં પતિએ રૂમ બંધ કરીને ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જ્યારે કુંદરોડી ગામે વેલ્ડીંગનું કામ કરતી વખતે મોટું ઢાંકણું માથા પર પડતાં શ્રમજીવી યુવાનનું ઈજાઓ થવાને કારણે મોત નીપજ્યું હતું. જ્યારે ભુજ ખાવડા રોડ પર ખાલારા નજીક ગતી ભેર આવતા ટ્રેઈલરના ચાલકે બાઈકને અડફેટે લેતાં સરસરપરના યુવકનું મોત નીપજ્યું હતું. જેમાં શુક્રવારની મોડી રાત્રે પત્નીને રૂમમાંથી બહાર કાઢીને રૂમ બંધ કરીને અનિલકુમારે છતની હુંકમાં સાડી બાંધીને આત્મહત્યા કરી લીધી હતી. મુંદરા પોલીસે બનાવની નોંધ લઈ આગળની તપાસ કરી છે. તો, તાલુકાના કુંદરોડી ગામે આવેલી આદિશક્તિ ગ્રીન રીસાયકલીંગ કંપનીમાં કામ કરતા અને મુળ બીહારના ૩૨ વર્ષીય દિવાકર મુખ્તાર યાદવ નામના શ્રમજીવી ગુરૂવારે સાંજે કંપનીમાં વેલ્ડીંગનું કામ કરતો હતો. ત્યારે અચાનક ઉપરથી મોટું ઢાંકણું તેના માથા પર પડતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેનું સારવાર દરમિયાન મોડી રાત્રે મૃત્યુ થયું હતું. પ્રાગપર પોલીસે બનાવની નોંધ લઈ તપાસ કરી છે. ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

**મોનિટર સહિતનો મુદ્દામાલ કબજે લીધો**

## સથરા પાસે ઓઇલ પ્લોટમાંથી ચોરી કરનાર શખ્સની ધરપકડ

(એજન્સી) ભાવનગર । તા. 05

ચોરી કરેલા મુદ્દામાલ સાથે એક ઈસમને રામ સરોવરથી ભારાપરા જવાના રસ્તે સ્મશાન પાસેથી લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.આ બનાવની જાણવા મળતી વિગત અનુસાર ભાવનગર,લોકલ ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફ ભાવનગર ગ્રામ્ય વિસ્તારમાં વણશોધાયેલ ગુન્હાઓ શોધી કાઢવા માટે શકદારોની તપાસમાં હતાં.તે દરમિયાન બાતમી મળેલ કે, રામ સરોવરથી ભારાપરા જવાના રસ્તે સ્મશાન પાસે કાળા કલરનું પેન્ટ તથા સફેદ-બ્લુ કલરનું ટીશર્ટ પહેરેલ એક માણસ શંકાસ્પદ પ્લાસ્ટીકની થેલામાં શંકાસ્પદ ચીજવસ્તુ લઈને ઉભો છે.જે બાતમી આધારે બાતમીવાળી જગ્યાએ દરોડો કરી વિશાલ ઉર્ફે વિશલો જેન્તીભાઈ મકવાણા ઉ.વ.૨૩ એલઈડી ટીવી,સ્પીકર સેટ કોમ્પ્યુટર મોનીટર મળી કુલ રૂ .૬,૫૦૦ નાં મુદ્દામાલ સાથે ઝડપી લીધી હતો. વિશાલ ઉર્ફે વિશલો પૂછપરછ કરતાં આજથી બે દિવસ પહેલા આ ઈલેકટ્રોનિક ચીજવસ્તુઓ સથરા જવાના રસ્તે એક ઓઈલ પ્લોટમાંથી ચોરી કરેલ હોવાની કબુલાત કરી હતી.આ અંગે તેના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરી આગળની વધુ તપાસ થવા માટે અલંગ મરીન પોલીસ સ્ટેશન સોંપી આપવામાં આવ્યો હતો.

**કોંગ્રેસે રામધૂન બોલાવી**

## સિહોરમાં અનિયમિત પાણી વિતરણથી નાગરિકો ત્રસ્ત

(એજન્સી) સિહોર । તા. 05



સિહોરમાં ભરશિયાળે પણ પાણીનો પ્રશ્ન વિકટ બન્યો છે. એક તરફ અઠવાડિયે-દસ દિવસે પાણીનું વિતરણ થાય છે, તે પણ પીવા લાયક શુદ્ધ પાણી ન હોવાથી લોકોના આરોગ્ય સાથે ગંભીર ચેડા કરવામાં આવી રહ્યા છે. નિયમિત રીતે અનિયમિત પાણી વિતરણના પ્રશ્નને લઈ નાગરિકો ત્રસ્ત થઈ ગયા છે. ત્યારે લોકોના પ્રાથમિક અને જીવન જરૂરિયાત એવા પાણીના પ્રશ્નને લઈ હવે કોંગ્રેસ પણ મેદાનમાં આવ્યું છે અને ત્રણ દિવસમાં આ મામલે યોગ્ય નિરાકરણ નહીં લાવવામાં આવે તો ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન છેડવા ચિમકી ઉચ્ચારવામાં આવી છે.


સિહોર શહેરના દરેક વોર્ડમાં અનિયમિત પાણી વિતરણની સમસ્યા કાયમી બની છે. તેમાં પણ છેલ્લા કેટલાક સમયથી જે પાણીનું વિતરણ કરવામાં આવે છે, તે દુર્ગંધયુક્ત, દૂષિત અને પોરાવાળું હોવાથી સિહોરવાસીઓ પીવાના પાણી માટે વલખા મારે છે. નગરપાલિકા તંત્રના અણધણ વહીવટના ભોગે લોકોને સાત કે દસ દિવસે પાણી વિતરણ થાય છે. જેના કારણે નાગરિકોને પાણીની પળોજણ કાયમી ઉભી રહે છે. લોકો પાણી માટે લાચારી વેઠી રહ્યા હોવા છતાં ન.પા. તંત્રના પેટનું પાણી હલતું ન હોય, આ મામલે આજે શનિવારે સિહોર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ચીફ ઓફિસરની ઓફિસે જઈ અર્ધો કલાક સુધી રામધૂમ બોલાવવામાં આવી હતી અને સિહોરની ૮૦ હજારની જનતાને પીવાનું શુદ્ધ પાણી ૪ દિવસે આપવાની રજૂઆત સાથે આવેદનપત્ર પાઠવ્યું હતું. જો આ પ્રશ્નનું ત્રણ દિવસમાં નિરાકરણ નહીં લાવવામાં આવે તો કોંગ્રેસ દ્વારા ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન છેડવામાં આવે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.

## ગાંધીધામનાં વેપારી સાથે પંજાબનાં દંપતીએ 64.86 લાખની ઠગાઇ આચરી

(એજન્સી) ગાંધીધામ । તા. 05


ગાંધીધામ રહેતા વેપારીને પંજાબનાં દંપતીએ ધંધામાં ૬૪.૮૬ લાખ પડાવી ચુનો ચોપડવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે.વેપારીને મુંબઈની હોસ્પિટલમાં કોન્ટ્રાકટ પર કામ અપાવવાનું કહી તેમના પાસે અલગ અલગ ટ્રાન્જેકશન મારફતે કુલ ૬૮.૯૫ લાખ રૂપિયા પડાવી લીધા હતા. જે બાદ વેપારીનાં નામનું મુંબઈની એક હોસ્પિટલમાં ફુડ અને બેવરેજીસનો ત્રણ વર્ષનું કોન્ટ્રાકટ અપાવી વેપારી પાસે પાંચ મહિના કામ કરાવી ધંધામાં પ્રોફિટ પેટે ફક્ત ૪.૧૦ લાખ રૂપિયા ચૂકવી બાકીનાં રૂપિયા પંજાબનાં દંપતીએ ચાઉં કરી લેતા તેમના વિરુદ્ધ ઠગાઈનો ગુનો પોલીસ ચોપડે નોંધાયો છે. જેથી ફરિયાદીએ બે આરોપી પતિ - પત્ની વિરુદ્ધ ગાંધીધામ એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**

એક કરતાં વધારે નર્વસબ્રેકડાઉન તમારી પ્રતિકાર તથા વિચારવાની શક્તિને હાનિ પહોંચાડી શકે છે. તમારી જાતને હકારાત્મક વિચારસરણી સાથે બીમારી સામે લડવા પ્રેરો. જે લોકો વગર વિચાર્યે પૈસા ખર્ચી રહ્યા છે આજે તેમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે.




**વૃષભ (બ,વ,ઉ)**

તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે.




**મિથુન (ક,છ,ઘ)**

જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. વગર આમંત્રિત મહેમાન આજે ઘરે આવી શકે છે પરંતુ આ મહેમાન ના લીધે તમને આર્થિક લાભ થયી શકે છે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે.




**કર્ક (ડ,હ)**

આજે તમારૂં સ્વાસ્થ્ય નિરામય રહે એવી શક્યતા છે જે તમને સફળતા આપશે. પણ તમારી દ્રઢતાને નુકસાન પહોંચાડે એવી બાબતોને તમારે ટાળવી રહી. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો.




**સિંહ (મ,ટ)**

તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે઼ તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. વ્યાજબી રહેવાનો પ્રયાસ કરજો ખાસ કરીને એવા લોકો સાથે જેઓ તમને પ્રેમ કરે છે અને તમારી દરકાર કરે છે.




**કન્યા (પ,ઠ,ણ)**

સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા તમને જે સમયે તમારા મિત્રની જરૂર સૌથી વધારે હશે એ સમયે જ તે તમને નિરાશ કરશે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો.




**તુલા (ર,ત)**

ઘરની ચિંતાઓ તમને બેચેન કરી મુકશે. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે.




**વૃશ્ચિક (ન,ય)**

જીવન તરફ ઉદાર અભિગમ કેળવો. તમે જે પરિસ્થિતિમાં જીવો છો તે વિશે ફરિયાદ કરવાનો અથવા તે અંગે નિરાશ થવાનો કોઈ અર્થ નથી. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે.




**ધન (ભ,ધ,ફ)**

પત્નીના કામકાજમાં ચંચૂપાત કરશો નહીં, કેમ કે તેનાથી તમે તેનો ગુસ્સો નોતરશો.તમારા કામથી કામ રાખો એ જ સારૂં છે. હસ્તક્ષેપ જેટલો ઓછો એટલું સારૂં અન્યથા તેનાથી પરાધીનતા આવી શકે છે. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો.




**મકર (ખ,જ)**

હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. કાર્યક્ષેત્ર અથવા વેપાર માં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે. દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે.



**કુંભ (ગ,શ,સ)**

ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે.



**મીન (દ,ચ,ઝ,થ)**

તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.

## આવું ન કરી શક્યા તો તમારી સેલેરીમાંથી રૂપિયા કપાઈ શકે છે, જાણો કયા નિયમો છે

# પગારદાર કર્મચારીઓએ 15મી જાન્યુઆરી સુધીમાં ટેક્સ રોકાણનો પુરાવા જમા કરાવવા



(એજન્સી) મુંબઈ | તા 05

જો તમે પગારદાર કર્મચારી છો અને તમે ટેક્સ બચાવવા માટે ટેક્સ સેવિંગ સ્કીમમાં રોકાણ કર્યું છે. અથવા જો તમે મકાન માટે લોન લીધી હોય તો તેનો પુરાવો તમારી ઓફિસના નાણા વિભાગને જલદી સબમિટ કરો. દેશની મોટાભાગની કંપનીઓએ તેમના કર્મચારીઓને ટેક્સ સેવિંગ રોકાણના પુરાવા સબમિટ કરવા માટે 15 જાન્યુઆરીની સમયમર્યાદા આપી છે. વાસ્તવમાં કંપનીઓ કર્મચારીઓના પગારમાંથી દર મહિને TDS કાપે છે. કર્મચારી દર નાણાકીય વર્ષની શરૂઆતમાં તેની કંપનીને જણાવે છે કે તે ટેક્સ બચાવવા માટે કઈ યોજનાઓમાં રોકાણ કરી રહ્યા છે અથવા રોકાણ કરવા જઈ રહ્યો છે. તે મુજબ કંપનીઓ તેમના પગારમાંથી ટેક્સ કાપે છે. જાન્યુઆરીમાં કંપનીઓ રોકાણના પુરાવા માગે છે. તેના આધારે, સમગ્ર નાણાકીય વર્ષ માટે કર્મચારીના ટેક્સની ગણતરી કરવામાં આવે છે. ત્યારપછી કંપનીઓ તે મુજબ પગારમાંથી પૈસા કાપી લે છે અને નાણાકીય વર્ષના અંત પહેલા એટલે કે 31મી માર્ચ સુધીમાં આવકવેરા વિભાગમાં જમા કરાવે છે. જો તમે કંપની દ્વારા નિર્ધારિત સમયમર્યાદા પહેલા કર-બચત રોકાણનો પુરાવો સબમિટ ન કરો અને તમે આવકવેરાના માળખામાં આવો છો, તો તમારા પગારમાંથી પૈસા કાપી શકાય છે. આ પૈસા જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચના પગારમાંથી કાપવામાં આવશે. તેથી જો તમે પગાર કરતાં વધુ રકમ કાપવા માંગતા ન હોવ, તો સમયમર્યાદા પહેલાં કર બચત રોકાણનો પુરાવો સબમિટ કરો. સરકારે વિલંબિત આવકવેરા રિટર્ન (ITR) ફાઈલ કરવાની છેલ્લી તારીખ 31 ડિસેમ્બરથી વધારીને 15 જાન્યુઆરી કરી છે. હવે 15 જાન્યુઆરી, 2025 સુધી લેટ ફી સાથે ITR ફાઈલ કરી શકાશે. જો કોઈ કરદાતાએ પહેલાથી જ તેમનું ITR ફાઈલ કર્યું હોય પરંતુ પાછળથી ખબર પડે કે તેમાં ભૂલો છે, તો તેઓ હવે 15 જાન્યુઆરી સુધી સુધારેલું રિટર્ન પણ ફાઈલ કરી શકે છે.

# માઇગ્રન્ટ્સ ઘટ્યા; 75 ટકા લોકો પોતાના શહેરથી 500 કિમીમાં રોજગાર મેળવે છે

(એજન્સી) મુંબઈ | તા 05

દેશમાં માઇગ્રન્ટ્સની પેટર્ન ઝડપી બદલાઇ રહી છે. 2011થી 2023ની વચ્ચે 12 વર્ષમાં માઇગ્રન્ટ્સની સંખ્યા અંદાજે 12% ઘટી છે. 2011માં દેશમાં માઇગ્રન્ટ્સની સંખ્યા 45.57 કરોડ હતી, જે 2023માં ઘટીને 40.20 કરોડ થઇ છે, જ્યારે માઇગ્રેશન રેટની વાત કરીએ તો, 2011માં તે 38% હતો, જે 2023માં 29% રહ્યો છે. ખાસ વાત એ છે કે હવે 75%થી વધુ સ્થળાંતર પોતાના મૂળ વતનથી 500 કિમીના દાયરામાં સમેટાઇ રહ્યું છે. વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદે 2011 થી 2023-24 દરમિયાન રેલવે ટિકટિંગ, સેટેલાઇટથી રાતની તસવીર, મોબાઇલના રોમિંગ રજિસ્ટ્રેશન, રાજ્યોમાં બિન-ખેતી જમીનનો ઉપયોગ, બેન્કોમાં ડિપોઝિટ જેવા આંકડાઓ મારફતે માઇગ્રેશન પર તૈયાર કરાયેલા રિપોર્ટમાં આ તારણ બહાર પાડ્યું છે. રિપોર્ટ અનુસાર હવે મોટાં મહાનગરોની આસપાસનાં ઉપનગરો માઇગ્રન્ટ્સ માટે નવાં સેન્ટર તરીકે ઉભરી રહ્યાં છે. તેમાં દિલ્હી પાસેનું ગાઝિયાબાદ, મુંબઇની નજીક થાણે, ચેન્નાઇની નજીક કાંચીપુરમ અને કોલકાતા પાસેનું ઉત્તરી 24 પરગણા જિલ્લા વગેરે સામેલ છે. મોબાઇલના રોમિંગ લોકેશનથી જોડાયેલા ટ્રાયના આંકડાઓના હિસાબથી મે 2012ની તુલનામાં મે 2023માં યુઝર્સની અવરજવર 6.67% ઘટી છે. 2011માં જે પાંચ રાજ્ય માઇગ્રન્ટ્સને સૌથી વધુ આકર્ષિત કરતાં હતાં, તેમાં પ.બંગાળ અને રાજસ્થાનનું નામ જોડાયું છે. આંધ્રપ્રદેશ અને બિહાર હવે નીચલા ક્રમે છે.



### બિહાર છોડનારા તેમજ મહારાષ્ટ્ર જતા લોકોની સંખ્યા સર્વાધિક

મુંબઈ, બેંગ્લુરુ, હાવડા, સેન્ટ્રલ દિલ્હી અને હૈદરાબાદમાં દર વર્ષે સર્વાધિક માઇગ્રન્ટ્સ આવે છે. વલસાડ, ચિત્તુર, પશ્ચિમ વર્ધમાન, આગરા, ગુટૂર, વિલ્લુપુરમ અને સહરસામાં સૌથી વધુ લોકો સ્થળાંતર કરે છે. બીજા રાજ્યમાં સ્થળાંતરમાં યુપીથી દિલ્હી, ગુજરાતથી મહારાષ્ટ્ર, તેલંગાણાથી આંધ્રપ્રદેશ અને બિહારથી દિલ્હીમાં સૌથી વધુ સ્થળાંતર.

## કેવી રીતે ભણશે ભારત?

# એજ્યુકેશન લોન મુશ્કેલ... 75% લોકો મિલકત ગીરવે મૂકવા મજબૂર

(એજન્સી) મુંબઈ | તા 05



દેશના અંદાજિત 4.3 કરોડ વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણ લઈ રહ્યા છે. આરબીઆઈના રિપોર્ટ મુજબ તેમાંથી લગભગ 25 લાખ વિદ્યાર્થીને અભ્યાસ માટે લોનની જરૂર હોય છે. વિદેશ જતાં 70 ટકા વિદ્યાર્થીઓ લોન વગર અભ્યાસ કરી શકતા નથી. તેમ છતાં આંકડા દર્શાવે છે કે 2023-24માં 7.36 લાખ વિદ્યાર્થીઓને જ એજ્યુકેશન લોન મળી છે. તેનો અર્થ છે કે 75 ટકા વિદ્યાર્થીઓ એજ્યુકેશન લોનથી વંચિત રહ્યા. તેનો અર્થ એવો થાય છે કે વાલીઓએ 18-20 ટકા ઊંચા વ્યાજે પર્સનલ લોન લેવી પડે છે જ્યારે એજ્યુકેશન લોન 10-11 ટકા વ્યાજ પર મળે છે. કેન્દ્ર અને આરબીઆઈની એજ્યુકેશન લોન માટે કોઈ ચોક્કસ ગાઈડલાઈન નથી એટલા માટે બેન્કોને પણ આ બાબતે કોઈ ખાસ ચિંતા હોતી નથી. મોટી ફીનો અંદાજો તમે એવી રીતે લગાવી શકો છો કે વિદેશ જતા અંદાજિત 8 લાખ વિદ્યાર્થીઓ દર વર્ષે લગભગ 1 લાખ કરોડ રૂપિયા ફી ભરે છે. બીજી તરફ દેશમાં એડમિશન લેનારા 50 લાખ વિદ્યાર્થીએ 2023-24માં ફી પેટે 7 લાખ કરોડ ભર્યા છે. તેમાંથી બહુ ઓછા વિદ્યાર્થીઓને જ કેન્દ્રની ગેરંટી સ્કીમ અને વ્યાજ સબસિડી પર એજ્યુકેશન લોન મળી છે. એક્સપર્ટનું માનવામાં આવે તો જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓની સંખ્યા તેનાથી ચાર ગણી છે. વિદેશ જતા વિદ્યાર્થીઓનું કન્સલ્ટન્ટ કરનારા અમરસિંહ જણાવે છે કે બેન્કોના સવાલો સાવ વાહિયાત હોય છે. તે પૂછે છે કે વિદ્યાર્થી અભ્યાસ કરીને પરત નહીં આવે તો તેમની લોનનું શું થશે? તેઓ વાલીઓ પાસેથી ગેરંટી અને કોલેટરલની માગ કરી સંપતિને ગીરવે મુકાવે છે.

# આ સપ્તાહે સોના અને ચાંદીના ભાવમાં તેજી રહી


(એજન્સી) મુંબઈ | તા 05

આ સપ્તાહે સોના અને ચાંદીના ભાવમાં તેજી જોવા મળી હતી. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA)ના ડેટા અનુસાર, ગયા શુક્રવારે એટલે કે 27 ડિસેમ્બર 2024ના રોજ, 24 કેરેટ સોનાના 10 ગ્રામની કિંમત 76,436 રૂપિયા હતી, જે એક સપ્તાહ પછી એટલે કે શુક્રવારે (3 જાન્યુઆરી 2025) રૂપિયા 1,068 વધીને રૂપિયા 77,504 પહોંચી છે. ચાંદીના ભાવમાં પણ નજીવો વધારો જોવા મળ્યો હતો. 27 ડિસેમ્બરે 1 કિલો ચાંદી 87,831 રૂપિયામાં વેચાઈ રહી હતી. એક અઠવાડિયા પછી, 3 જાન્યુઆરી, 2025ના રોજ, ભાવ રૂ. 290 મોંઘી થઈને રૂ. 88,121 પ્રતિ કિલોએ પહોંચી. 23 ઓક્ટોબરે ચાંદીએ રૂ. 99,151 અને 30 ઓક્ટોબરના રોજ સોનું રૂ. 79,681 ઓલ-ટાઈમ હાઈ હતી. ગયા વર્ષે એટલે કે 1 જાન્યુઆરી, 2024થી 31 ડિસેમ્બર, 2024 વચ્ચે સોનાની કિંમતમાં 20.22%નો વધારો થયો હતો. 1 જાન્યુઆરી, 2024ના રોજ 24 કેરેટ 10 ગ્રામ સોનાની કિંમત 63,352 રૂપિયા હતી, જે એક વર્ષમાં 12,810 રૂપિયા વધીને 76,162 રૂપિયા થઈ ગઈ છે. 1 જાન્યુઆરીએ, એક કિલો ચાંદી 73,395 રૂપિયામાં વેચાઈ રહી હતી, જેની કિંમત 12,622 રૂપિયા વધીને વર્ષના છેલ્લા દિવસે 86,017 રૂપિયા પર પહોંચી ગઈ છે. એક વર્ષમાં ચાંદીના ભાવમાં 17.19%નો વધારો થયો છે.

## 2018 અને 2023 ની વચ્ચે આ સેગમેન્ટમાં ભારતીય ઉત્પાદનોનો વૈશ્વિક હિસ્સો અડધો થઇ ગયો છે

# વિશ્વમાં આયુર્વેદિક બ્યૂટી કેર પ્રોડક્ટમાં ભારતનો હિસ્સો 50%, માર્કેટ 2028 સુધીમાં 1.2 લાખ કરોડને આંબી જશે

(એજન્સી) મુંબઈ | તા 05



આયુર્વેદ 5000 વર્ષ જૂની ભારતીય તબીબી પદ્ધતિ છે જે વિશ્વની બ્યૂટી ઈન્ડસ્ટ્રીઝને બદલી રહી છે. આ પદ્ધતિમાં વર્ણવેલ ફોર્મ્યુલેશનના આધારે બનાવેલ બ્યૂટી પ્રોડક્ટ સમગ્ર વિશ્વમાં વધુને વધુ લોકપ્રિય થઈ રહ્યા છે. ગ્લોબલ ન્યૂ પ્રોડક્ટ્સ ડેટાબેઝ (GNPD, ગ્લોબલ રિસર્ચ ફર્મ મિન્ટેલના રિપોર્ટ અનુસાર ભારત આયુર્વેદ સંબંધિત બ્યૂટી અને પર્સનલ કેર પ્રોડક્ટ્સ રજૂ કરવામાં વિશ્વમાં અગ્રેસર છે. 2018 અને 2023 ની વચ્ચે આ સેગમેન્ટમાં ભારતીય ઉત્પાદનોનો વૈશ્વિક હિસ્સો અડધો થઈ ગયો છે. પ્રમાણિત કેમિકલ્સ રહિત બ્યૂટી ઉકેલોની વધતી જતી માંગે આ ઈન્ડસ્ટ્રીઝના દ્વાર ખોલ્યા છે. રિપોર્ટ અનુસાર આ સમયગાળા દરમિયાન શ્રીલંકા, બ્રિટન, અમેરિકા અને ફ્રાન્સ જેવા દેશોમાં ભારતીય આયુર્વેદિક ઉત્પાદનો માટે મોટા બજારો ઉભરી આવ્યા છે. બ્યુટી પ્રોડક્ટ્સ સાથે સંકળાયેલા વિશ્લેષકોના જણાવ્યા અનુસાર આ પ્રોડક્ટ્સ દેશના ટિયર 2 અને ટિયર 3 શહેરોના માર્કેટમાં પણ વિસ્તરી રહી છે. આયુર્વેદ ટેક સ્ટાર્ટઅપ નિરોગસ્ટ્રીટના અહેવાલ મુજબ નાણાકીય વર્ષ 2028 સુધીમાં ભારતમાં આયુર્વેદ ઉત્પાદનોનું બજાર રૂ. 1.2 લાખ કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે. હાલમાં તેની કિંમત લગભગ 60 હજાર કરોડ રૂપિયા છે. તે વાર્ષિક 15 ટકાના ચક્રવૃદ્ધિ દરે વધી રહી છે.

# IPOથી 1.67 લાખ કરોડ એકત્ર કરી રેકોર્ડ બનાવ્યો

(એજન્સી) મુંબઈ | તા 05

2024માં વૈશ્વિક સ્તરે કુલ 1,145 IPO લોન્ચ કરવામાં આવ્યા હતા, જ્યારે ગયા વર્ષે 2023માં 1,271 IPO લોન્ચ કરવામાં આવ્યા હતા. ભારતે ચાર્ટમાં ટોચનું સ્થાન હાંસલ કર્યું છે. ચાલો સમજીએ કે નેશનલ સ્ટોક એક્સચેન્જે આ અંગે શું કહ્યું છે? નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) એ તેના અહેવાલમાં જણાવ્યું હતું કે કેલેન્ડર વર્ષ 2024 દરમિયાન, એશિયામાં સૌથી વધુ IPO અને પ્રાઈમરી માર્કેટમાં વૈશ્વિક સ્તરે સૌથી વધુ ઈક્વિટી મૂડીનો રેકોર્ડ બનાવવામાં આવ્યો છે. NSE એ 2024 માં 268 IPO ની સુવિધા આપી, જેમાં મેઈનબોર્ડ પર 90 અને SME સેગમેન્ટમાં 178 નો સમાવેશ થાય છે, જેણે કુલ 1.67 લાખ કરોડ એકત્ર કર્યા છે. કેલેન્ડર વર્ષમાં આ IPOની સૌથી વધુ સંખ્યા છે, જે ભારતના મૂડી બજારોમાં રોકાણકારોના વધતા વિશ્વાસને દર્શાવે છે. 2024માં વૈશ્વિક સ્તરે કુલ 1,145 IPO લોન્ચ કરવામાં આવ્યા હતા, જ્યારે ગયા વર્ષે 2023માં 1,271 IPO લોન્ચ કરવામાં આવ્યા હતા. ભારત ચાર્ટમાં ટોચ પર છે, NSEએ કહ્યું કે તેણે 268 કંપનીઓને IPO માટે મદદ કરી, જેમાં ભારતમાં સૌથી મોટો IPO અને હ્યુન્ડાઇ મોટર ઈન્ડિયા લિમિટેડ દ્વારા USD 3.3 બિલિયન સાથે વૈશ્વિક સ્તરે બીજા ક્રમની સૌથી મોટી કંપની છે. SMEએ સામૂહિક રીતે અંદાજે 7,349 કરોડ (US$0.86 બિલિયન) ઊભા કર્યા.

# ઓટો ઇન્ડસ્ટ્રીઝ ટોપ ગિયરમા: ડિસેમ્બરમાં મારુતિ, મહિન્દ્રા-તાતાનું વેચાણ 30% વધ્યું

(એજન્સી) મુંબઈ | તા 05



ગત વર્ષના છેલ્લા મહિનામાં કારોનું વેચાણ વધવાનો ટ્રેન્ડ જોવા મળ્યો છે. દેશની પ્રમુખ કાર કંપનીઓ મારુતિ સુઝુકી, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા તેમજ તાતા મોટર્સની કારના જથ્થાબંધ વેચાણમાં 1.4% થી 30% સુધીનો વધારો નોંધાયો છે. જો કે દેશનો સૌથી મોટો આઈપીઓ લાવનારી હ્યુંડાઇ મોટર ઈન્ડિયાનું વેચાણ ડિસેમ્બરમાં 2.4% ઘટ્યું છે. ઑટો એક્સપર્ટ અનુસાર છેલ્લા મહિનામાં કારનું વેચાણ વધવાનું મુખ્ય કારણ લગ્નની સીઝન અને યર એન્ડ ડિસ્કાઉન્ટ અંતર્ગત કારની ખરીદી પર ભારે છૂટ હતી. તે ઉપરાંત ગત મહિને ગ્રામીણ વિસ્તારમાં પણ મજબૂત માંગ જોવા મળી હતી. મારુતિ સુઝુકી: મારુતિ સુઝુકીએ ગત મહિને ડિસેમ્બરમાં સર્વાધિક 1.78 લાખ કારનું વેચાણ કર્યું હતું. તેમાંથી 37,419 કારની નિકાસ કરાઇ હતી. જે કોઇ એક મહિનામાં સર્વાધિક નિકાસનો રેકોર્ડ છે. ડિસેમ્બર 2023ની તુલનામાં તે 39.2% વધુ હતી. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા: ડિસેમ્બર 2024ના વાર્ષિક આધાર પર 16%ની વૃદ્ધિ સાથે 69,768 યુનિટ્સનું વેચાણ નોંધાવ્યું. તાતા મોટર્સનું વેચાણ ડિસેમ્બરમાં 1.4% વધ્યું હતું. કંપનીએ 44,289 કારનું વેચાણ કર્યું હતું.

# હાલ પૂરતું બજારમાં થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી હિતાવહ...

(એજન્સી) મુંબઈ | તા 05

વિતેલા સપ્તાહ દરમ્યાન પ્રારંભે ઓછા વોલ્યૂમને પગલે નાની રેન્જમાં અથડાતું રહ્યું હતું આમ જોઈએ તો નીચે તરફની ચાલ જ હતી પરંતુ બીજી તારીખ ગુરુવારના રોજ નીચેના મથાળે થી વૅલ્યુ બાઈંગ જોવા મળ્યું હતું એટલે કે નીચે થી એક તરફી ઉપરની ચાલ જોવા મળી હતી માત્ર ગુરુવારના રોજ મહત્વના સૂચકાંકો આખા સપ્તાહની નકારાત્મક ચાલ ફેરવી નાખી હતી, જેમાં સેન્સેક્સમાં 1436, નિફ્ટી50માં 445 તથા નિફ્ટી બેંકમાં 544 પોઇંટ્સના ઉછાળો નોંધાયો હતો, આવી ચાલ છેલ્લા કેટલાક સપ્તાહ થી જોવા મળે છે જેમાં આખા સપ્તાહનું વોલ્યૂમ ઉછાળો કે ઘટાડો એક જ દિવસમાં જોવા મળે જે અસાધારણ બાબત કહી શકાય, બીજી તરફ વૈશ્વિક બાબતમાં હાલ ચાઈનામાં કોરોના જેવી બીમારી ને કારણે બજાર પર અસર થશે કે નહિ તે તો સમય જ કહેશે નવા સપ્તાહમાં હજી પણ થોભો અને રાહ જોવો ની નીતિ જ અપનાવી હિતાવહ છે કારણ હજી કોઈ નક્કર ચાર્ટ ફેરમેશન જોવા નથી મળ્યું કે કહી શકાય કે નવી ખરીદી કરાય, ચાર્ટ સ્ટ્રક્ચરમાં નબળાઈ વર્તાઈ રહી છે, પરંતુ શક્ય છે કે બજેટની રેલી જોવા મળે પરંતુ હાલના સંજોગોમાં એ કેહવું થોડુ વેહલું ગણાશે... આ સપ્તાહમાં દરમ્યાન નિફ્ટી50 સાપ્તાહિક 766 પોઈન્ટ્સની વધઘટ બાદ 191 પોઈંટ્સના ઉછાળા સાથે બંધ રહ્યી હતી, નિફ્ટી50 માં આ સપ્તાહમાં ફરી એક વાર સાપ્તાહિક 50 વિકની મુવિંગ એવરેજનો સપોર્ટ લીધો હતો, પરંતુ 24065-24100ની ઉપર બંધ આપવામાં નિષ્ફળ ગયી હતી, ઉપર તરફની ચાલ માત્ર આ સ્તરની ઉપર જોવા મળે એવી વકી છે,નવા સપ્તાહમાં 24225 અવરોધ રહેશે જે દૈનિક ચાર્ટ પર 50 ઈસ્છનો અવરોધ છે એની ઉપર 24450-24500 સુધીના સ્તરો જોવા મળે તથા 23800-23500 અગત્યનો સપોર્ટ રહેશે આ સપ્તાહ દરમ્યાન નિફ્ટી બેંક સાપ્તાહિક 1484 પોઈન્ટ્સની વધઘટ બાદ 322 પોઈંટ્સના ઘટાડા સાથે બંધ રહ્યી હતી, આ સપ્તાહમાં નિફ્ટી 50ના મુકાબલે બેંક નિફ્ટીમાં નબળાઈ જોવાઈ, ગત સપ્તાહના અંકમાં જણાવેલું જ કે બેન્કિંગ સેક્ટરમાં વધે ઘટે નબળાઈ જોવાશે, નવા સપ્તાહમાં 50500-50000 અગત્યના સપોર્ટ રહેશે તથા 51680-51700 અગત્યના અવરોધ રહેશે, જ્યાં સુધી 51500-51700ની ઉપર સાપ્તાહિક બંધ ના આવે ત્યાં સુધી નિફ્ટી બેન્કમાં નબળાઈ જારી રહે એવી વકી છે આ સપ્તાહમાં સેલ્સ ડેટા અપેક્ષા કરતા ઘણા સારા આવતાઓટો સેક્ટરમાં આશરે ચાર ટકાનો નોંધપાત્ર ઉછાળો અને એફએમસીજી માં પણ આશરે અઢી ટકાનો ઉછાળો જોવાયો હતો, આ બંને સેક્ટરમાં ધ્યાન રાખવા વિશે ચર્ચા આપણે અગાઉના અંકોમાં કરી હતી હજી પણ આ બંને સેક્ટરમાં ધ્યાન અપાય, જાન્યુઆરી મહિનાથી ફરી એક વાર ત્રિમાસિક પરિણામો આવવાના ચાલુ થશે.

# ટેક્નોલોજીના યુગમાં ટેલિમેટિક્સ ગેમચેન્જર બની રહેશે મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગ્રોથ સાથે સલામતીની આવશ્યકતા

(એજન્સી) મુંબઈ | તા 05

આજના વિશ્વમાં ટેક્નોલોજી સતત વિકસી રહી છે અને આ આધુનિક યુગમાં, અમે અમારી કારને કેવી રીતે હેન્ડલ કરીએ છીએ તે જાણવા માટે એક ક્રાંતિકારી નજર આવી રહી છે. તે ટેલિમેટિક્સ છે, આ એક એવો શબ્દ છે જે સાંભળવામાં જટિલ લાગે છે પરંતુ તે ચોક્કસ રીતે તમારી કાર અને ટેક્નોલોજી દ્વારા તમારા ડ્રાઈવિંગ અનુભવને સુધારવા માટે કામ કરે છે, અને તે આજના યુગમાં ગેમ-ચેન્જર બની રહી છે. તો ચાલો, સમજીએ કે આ ટેલિમેટિક્સ શું છે અને તમારે શા માટે તે સમજવું જોઈએ? તો ચાલો આપણે તેને સરળ શબ્દોમાં સમજીએ. ટેલિમેટિક્સ એ તમારી કારમાં એક મૈત્રીપૂર્ણ કો-પાઈલટને રાખવા જેવું છે, જે તમારી ડ્રાઈવિંગની પદ્ધતિને સમજવામાં અને તે સુધારવા માટે સ્માર્ટ ટેકનોલોજીનો ઉપયોગ કરે છે તેમ ઝુનો જનરલ ઈન્સ્યોરન્સના એમડી અને સીઈઓ શનાઈ ઘોષે દર્શાવ્યું હતું. વધુમાં જણાવ્યું કે આ માત્ર એ સ્થાનથી લઈને બીજા સ્થાન સુધી જવા માટે જ નથી; પરંતુ તે તમારી મુસાફરીને વધુ સુરક્ષિત અને વધુ વ્યક્તિગત બનાવે છે. ડેટા અને ટેક્નોલોજીના આ વિશ્વમાં, ટેલિમેટિક્સ એ અમારા રસ્તાઓને વધુ સુરક્ષિત બનાવવા અને અમારા ડ્રાઈવિંગ અનુભવોને વધુને વધુ વ્યક્તિગત બનાવવાની દિશામાં એક સકારાત્મક પગલું ગણી શકાય છે. તે તમારી કારમાં તમારી સાથે એક ડિજિટલ મિત્ર રાખવા જેવું છે, જે તમને વધુ યોગ્ય અને સુરક્ષિત વર્તન કેળવવા માટે માર્ગદર્શન આપે છે. ટેલિમેટિક્સ વિશેની એક મજાની વાત એ છે કે તે તમારા ડ્રાઈવિંગના વર્તન પર નજર રાખે છે. તમારી કાર માટે એક સાયલન્ટ ઓબ્ઝર્વર તરીકે તેની કલ્પના કરો, તે કેવી રીતે કામ કરે છે? તમારી કાર સ્માર્ટ સેન્સરથી સજ્જ હોય છે જે ગતિ વિશે જાણી શકે છે અને તે તમારા ડ્રાઈવિંગના વિવિધ પાસાઓનું નિરીક્ષણ કરે છે. તે દરેક વસ્તુઓ પર નજર રાખવા માટે એક નાનું ડિજિટલ સાથીદાર સાથે રાખવા જેવુ છે. ઘણી વાર જો તમે અચાનક બ્રેક લગાવો છો અથવા થોડી વધુ ઝડપથી વાહન ચલાવો છો, તો તમારી કાર તેની નોંધ કરે છે અને આ માહિતીને તમારા 'ડ્રાઈવિંગ સ્કોર' તરીકે ઓળખવામાં આવે છે. અથવા તો તમે તેને તમારા ડ્રાઈવિંગ વર્તન માટેનો રિપોર્ટ કાર્ડ પણ કહી શકો છો. જોકે, તમને આશ્ચર્ય થતું હશે કે તમારે તમારું ડ્રાઈવિંગ સ્કોર શા માટે જાણવું જોઈએ? ઠીક છે. રસપ્રદ વાત એ છે કે, તમારો ડ્રાઈવિંગ સ્કોર એ માત્ર એક સંખ્યા જ નથી; પંરતુ તે એક એવું સાધન છે જે તમને સુરક્ષિત અને વધુ જાગૃત ડ્રાઈવર બનવામાં સહાયતા કરી શકે છે. તે તમારી સાથે એક કોચને રાખવા જેવું છે.

# આગામી 6 વર્ષમાં 720 કંપનીઓને સરકારની PLI સ્કીમનો લાભ મળશે

(એજન્સી) મુંબઈ | તા 05

ટેક્સટાઈલ સેક્ટરને US$ 1.3 બિલિયનના પ્રોત્સાહનો દ્વારા સપોર્ટેડ US$ 24.2 બિલિયનની આવક પેદા કરવાનો લક્ષ્યાંક છે, જ્યારે ફૂડ પ્રોડક્ટ્સ US$ 1.4 બિલિયનના પ્રોત્સાહનો દ્વારા સપોર્ટેડ US$ 15 બિલિયનની આવક પેદા કરે તેવી અપેક્ષા છે. ચાલો વાંચીએ સંપૂર્ણ અહેવાલ. ગોલ્ડમૅન સૅશનો રિપોર્ટ કહે છે કે કેન્દ્ર સરકારની પ્રોડક્શન-લિંક્ડ ઈન્સેન્ટિવ (PLI) સ્કીમ્સમાં આગામી 5-6 વર્ષમાં $459 બિલિયનની વધારાની આવક ઊભી કરવાની ક્ષમતા છે, જેનાથી 720 કરતાં વધુ કંપનીઓને ફાયદો થશે. આ પહેલો મેન્યુફેક્ચરિંગ ક્ષમતાઓને મજબૂત કરવા, આયાત પર નિર્ભરતા ઘટાડવા, નિકાસ વધારવા અને વિવિધ ક્ષેત્રોમાં રોજગારી ઊભી કરવા માટે રચાયેલ છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે 720 થી વધુ કંપનીઓ 5-6 વર્ષમાં $459 બિલિયનની વધારાની આવકમાં યોગદાન આપી શકે છે.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
MONDAY • 06-01-2025

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2081, પોષ સુદ-08**

## યુનિયન કાર્બાઈડનો કચરો



ભોપાલ ગેસ કાંડના ૪૦ વર્ષ બાદ યુનિયન કાર્બાઈડના બંધ પડેલા કારખાનામાંથી લગભગ ૩૭૭ ટન ખતરનાક કચરાને ડમ્પ કરવા માટે લઈ જવામાં આવે છે, તે નિશ્ચિત રૂપે એક ઉલ્લેખનીય ઘટના છે. બાર સીલબંધ કન્ટેનર ટ્રકોમાં યુનિયન કાર્બાઈડનો કચરો ભોપાલથી ૨૫૦ કિલોમીટર દૂર ધાર જિલ્લાના પીથમપુર ઔદ્યોગિક ક્ષેત્રમાં લઈ જવામાં આવ્યો અને કહેવાઈ રહ્યું છે કે જો બધું જ ઠીકઠાક રહ્યું, તો ત્રણ મહિનાની અંદર કચરાને બાળી નાખવામાં આવશે. નહિ તો કચરાના નિકાલમાં લગભગ નવ મહિનાનો સમય લાગી શકે છે. અસલમાં મધ્ય પ્રદેશ હાઈકોર્ટે ૩ ડિસેમ્બરે ઝેરી કચરાને સ્થાનાંતરિત કરવા માટે ચાર અઠવાડિયાની સમય સીમા નક્કી કરી હતી. તેણે યુનિયન કાર્બાઈડને ખાલી નહિ કરવા માટે અધિકારીઓ પ્રત્યે નારાજગી જાહેર કરતાં કહ્યું હતું કે આ ઉદાસીનતા એક વધુ દુર્ઘટનાનું કારણ બની શકે છે. સવાલ એ છે કે જો અદાલતે નારાજગી વ્યક્ત ન કરી હોત તો શું હજુ પણ એ અભિશપ્ત અને બંધ પડેલા કારખાનાથી કચરો હટાવવા વિશે શું ખરેખર વિચારવામાં આવતું? ૨-૩ ડિસેમ્બર, ૧૯૮૪ની રાત્રે યુનિયન કાર્બાઈડમાંથી મિથાઈલ આઈસોસાઈનાઈડ ગેસ લીક થયો હતો જેમાં ઓછામાં ઓછા ૫૪૭૯ લોકો માર્યા ગયા હતા. બિનસત્તાવાર રીતે તો આ આંકડો આના કરતાં ક્યાંય ગંજાવર હતો. આજે પણ હજારો લોકો એ દુર્ઘટનાના દુષ્પ્રભાવ પોતાના શરીર પર વેઠી રહ્યા છે. ભોપાલ ગેસ કાંડની વિશ્વની સૌથી મોટી ઔદ્યોગિક દુર્ઘટનાઓમાંથી એક માનવામાં આવે છે. જે લોકો એ દુર્ઘટનાના સાક્ષી છે, તેઓ જણાવે છે કે રાત્રે ગેસ લીકેજથી ભોપાલ અને તેની આસપાસના લોકો જીવ બચાવવા માટે કઈ રીતે ભાગી રહ્યા હતા. પોતાના લોકોને ગુમાવ્યા બાદ દુર્ઘટના પીડિત લોકોના સંગઠન બન્યાં અને આ સંગઠનોએ ન્યાયની લડાઈ શરૂ કરી, જે તેની તાર્કિક પરિણતિ સુધી પહોંચી ન શકી. આ દુર્ઘટના માટે જવાબદાર વિદેશી કંપનીના માલિક એન્ડરસનને તત્કાલીન કોંગ્રેસ સરકારે દેશની બહાર સુરિક્ષત મોકલી આપ્યો. ભોપાલ ગેસ કાંડ જો એક હચમચાવી દેનારી દુર્ઘટના હતી તો તેના ઝેરી કચરાને હટાવવામાં ચાર દાયકા લાગી જવા એ પણ એટલી જ મોટી ઉદાસીનતાનું પ્રમાણ છે. જોકે ઝેરી કચરાને પીથમપુર લઈ જવાનો વિરોધ થઈ રહ્યો છે. 'પીથમપુર બચાઓ સમિતિ' રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં ધરણાં-પ્રદર્શન કરી રહી છે. સ્થળ પર પણ કેટલાય વિરોધ કરી રહ્યા છે. એક વ્યક્તિએ આત્મદાહની કોશિશ કરી છે તેવા પણ અહેવાલ છે. દેખીતું છે કે નવી જગ્યામાં ઝેરી કચરાનો નિકાલ જો યોગ્ય રીતે ન થયો તો તેનાથી એ સાબિત થશે કે ભોપાલ દુર્ઘટનાના ચાર દાયકા બાદ પણ આપણે કોઈ બોધપાઠ નથી શીખ્યા.

# ભરૂચ સાંસદ મનસુખ વસાવાની અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘના દ. ઝોનનાં કાર્યકારી પ્રમુખ તરીકે નિમણુંક

ભરત શાહ | નર્મદા

ભરૂચ સાંસદ અને હંમેશા સત્ય માટે લડતા મનસુખભાઈ વસાવા ની અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ ના દક્ષિણ ઝોન નાં કાર્યકારી પ્રમુખ તરીકે નિમણુંક થતા સંઘ ના હોદ્દેદારો અને સભ્યો માં ભારે ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો છે.

આ મુદ્દે મનસુખ વસાવા એ જણાવ્યું કે અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘના સેક્રેટરી જનરલ (ટેકનિકલ) ચિરાગ ભાઈ શાહ સાથે સુરત,વાપી, નવસારી, વલસાડ, ભરૂચ તથા રાજપીપળાના પ્રતિનિધિઓ અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ, ભરૂચ ખાતે શુભેચ્છા મુલાકાત લીધી હતી.



GUVNL, GSECL, GETCO, UGVCL, PGVCL, MGVCL, DGVCL ની સાત કંપની ના વર્ગ ૪ થી ૧ ના આશરે પચાસ હજાર જેટલા કર્મચારીઓ માંથી ફક્ત એકજ યુનિયનમાં ૩૦ હજાર જેટલા કર્મચારીઓની સભ્ય સંખ્યા ધરાવતા અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ નામના ટ્રેડ યુનિયનના દક્ષિણ ઝોન નાં કાર્યકારી અધ્યક્ષ તરીકે મારી નિમણુંક કરવા આવી છે તે બદલ સૌનો ખુબ ખુબ આભાર. આ પ્રસંગે મારુ શાલ ઓઢાડી સન્માન કરવા બદલ વિદ્યુત સંઘના પદાધિકરીઓ અને સભ્યો નો હું આભાર વ્યક્ત કરું છું.અને આ જવાબદારી હું પૂરી નિષ્ઠાપૂર્વક અને જવાબદારી સાથે નીભાવિશ તેવો વિશ્વાસ વ્યક્ત કરું છું.

સાથે સાથે અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘના સેક્રેટરી જનરલ (ટેકનિકલ) ચિરાગ શાહ એ જણાવ્યું કે મનસુખભાઈ વસાવા જેવા આખાબોલા રાજકીય નેતા અને સાંસદ સભ્ય જો અમારી સાથે હશે તો અમારી સાથે થતા અન્યાય કે પડતર માંગણીઓ ના અમારા સાચા પ્રશ્નો નું ચોક્કસ નિરાકરણ આવશે. માટે અમારા સંઘ સાથે મનસુખભાઈ જોડાતા એમને ખૂબ આનંદ થયો છે.

## આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંખેડાનું ગૌરવ "શોધ" યોજના અંતર્ગત સફળતા

કમલેશ પટેલ | સંખેડા



ગુજરાત સરકાર દ્વારા 'સ્કીમ ઓફ ડેવલોપિંગ હાઈ ક્વોલિટી રિસર્ચ (શોધ)' યોજના શરૂ કરાઈ છે, જેનો હેતુ સંશોધકોને વિવિધ ક્ષેત્રોમાં ઉચ્ચ ગુણવત્તાવાળું સંશોધન કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડવાનો છે. આ યોજનાનો લાભ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા ખાતે PHD કરી રહેલ વિદ્યાર્થીની કોમલ પટેલને રાજ્ય સરકારના કેસીજી શિક્ષણ વિભાગ દ્વારા આ ગ્રાન્ટ ફાળવાઈ છે. કે જેઓ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંખેડાના કોમર્સ વિભાગના પ્રાધ્યાપક ડૉ. દિવ્યાંગ કે. વ્યાસના માર્ગદર્શન હેઠળ સંશોધન કરી રહ્યા છે. માટે સંસ્થાના આચાર્યશ્રી ડો. દિપકકુમાર વી. પટેલ, ટ્રસ્ટી મંડળ અને સમગ્ર સ્ટાફે ડૉ. દિવ્યાંગ કે. વ્યાસ અને કોમલ પટેલને આ પ્રાપ્તિ માટે હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

## જાફરાબાદના ટીંબી મુકામે શ્રી વાલિબાઈ કન્યાશાળાની

# વિદ્યાર્થીનીઓ પ્રાકૃતિક કૃષિ વિષયક વિગતો અને માર્ગદર્શન આપવામાં આવ્યું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ટીંબી ગામે પ્રગતિશીલ ખેડૂત ઘનશ્યામભાઈ ભાલાળા નુ શ્રીજી પ્રાકૃતિક ફાર્મની મુલાકાતે ટીંબી કન્યા શાળાની વિદ્યાર્થીનીઓ જાફરાબાદ તાલુકાના ટીંબી મુકામે વિદ્યાર્થીની ઓને પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામો અને બાગાયતી પાકોમાં પ્રાકૃતિક કૃષિનું મહત્વ વિષયક નિષ્ણાંતો C.S.P.C. તાલુકાના સંસ્થા ના એગ્રીકલ્ચર ભીખુભાઈ ગજેરા દ્વારા વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રાકૃતિક કૃષિના મહત્વના ઘટકરુપ જીવામૃત, ઘન જીવામૃત,




અચ્છાદાન, મિશ્ર પાક પદ્ધતિ ઉપરાંત પ્રાકૃતિક કૃષિના ફાયદા સહિત વગેરે ઉપરાંત રોગ નિયંત્રણ માટે નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, આગ્નિસ્ત્રની વિસ્તૃત વિગતો આપવામાં આવી હતી. બાગાયતી પાકોમાં પ્રાકૃતિક કૃષિના મહત્વ વિશે પણ વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી. અમરેલી જિલ્લામાં પણ પ્રાકૃતિક ખેતીની પહેલને બહોળા પ્રમાણમાં પ્રતિસાદ મળી રહ્યો છે. જિલ્લાના અનેક પ્રગતિશીલ ખેડૂતો હવે ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે, જેમાં ખેડૂતો બાગાયતી પાકોનું પણ વાવેતર કરી રહ્યા છે. આ તકે શ્રી વાલી બાઈ કન્યાશાળા ના આચાર્ય શ્રી સોસા.ભાઈ પ્રગતિશીલ ખેડૂત ઘનશ્યામભાઈ ભાલાળા. C.S.P.C.. જાફરાબાદ તાલુકાના સંસ્થા ના એગ્રીકલ્ચર ભીખુભાઈ ગજેરા અને વિદ્યાર્થીની ઓ હાજર રહ્યા હતા.

**વિદ્યાર્થીનીની એક્ટીવાની ઉઠાંતરી : કિશન રોહિડા, જરોદ** |વાઘોડિયા તાલુકાના લીમડા ગામ પાસે આવેલ પાર્કિંગ ના સ્થળે થી વિદ્યાર્થીની ની એકટીવા ની ઉઠાંતરી થ ઇ હોવાની પોલીસ ફરીયાદ વાઘોડિયા પોલીસ સ્ટેશન ખાતે નોંધાઇ છે મૂળ વડોદરા સોમા તળાવ પાસે આવેલ વજભુમી સોસાયટી માં રહેતી શીતાબહેન શૈલેન્દ્ર કુમાર ક્ષત્રિય સવારના 11 વાગ્યા ની આસપાસ લીમડા ગામ ખાતે આવેલ પારૂલ હોસ્પિટલ માં જવા અર્થે પોતાની એકટીવા પાર્કિંગ સ્ટેન્ડ માં પાર્ક કરી હતી જે થોડા સમય બાદ આવીને પાર્કિંગ સ્ટેન્ડ પાર્ક ખાતે પોતાની એકટીવા ન જોતાં આમતેમ નજર દોડાવી છતાં એકટીવા ન મળતાં જે અંગે ની પોલીસ ફરીયાદ વાઘોડિયા પોલીસ મથકે નોંધાઇ છે.

## 949 ની કથા "માનસ કબીરવડ" ભરૂચ ખાતે પ્રારંભ થઈ

# મુક્તિ માટે ભૂમિ નહીં ભૂમિકા જોઈએ: મોરારિબાપુ

તખુભાઈ સાંડસુર | ભાવનગર



પૂ. મોરારિબાપુના વ્યાસાસને ગવાઇ રહેલી કથા શ્રુંખલાની હવે 949 મી કથા ભરૂચ જિલ્લાના કબીરવડ પાસેના મંગલેશ્વર ગામમાં શનિવાર તા.4-1- 25 ના રોજ પ્રારંભ થઈ.આ કથાનું નામાભિધાન 'માનસ કબીરવડ' આપવામાં આવ્યું છે. બાપુએ કબીરના ચિંતનના આધાર લઈને બે કથાઓ ગાઈ સંભળાવી છે.હવે કબીર જીવનનો હાર્દ જે રીતે કહી ગયા તેને કેન્દ્રિત કરીને નવો સંવાદ ભરૂચમાં થશે.સનાતન ધર્મમાં કબીરનું તત્વજ્ઞાન માનવ,સમાનતા અને એકાત્મવાદ ઉપર ખૂબ મોટો સંદેશો આપી રહ્યું છે. તે દિશામાં બાપુની વાણીને શ્રવણ કરવા જગત લાલાયિત હોય છે.

કથાના પ્રારંભે મોરારિબાપુએ કહ્યું કે અંધશ્રદ્ધા,પાંડિત્ય માત્ર બૌદ્ધિકતા સામે વિદ્રોહ કરે છે. સાધુ ક્યારેય દ્રોહ કરતા નથી. પરંતુ જરૂર પડે તે વિદ્રોહ કરે છે. મુક્તિ મેળવવા કોઈ ભૂમિ ની જરૂર નથી પરંતુ ભૂમિકાની જરૂર પડે છે. તેથી કબીર કાશી છોડીને મગહર ચાલ્યાં ગયા હતાં.કબીર ક્રાંતિકારી, ભ્રાંતિહારી અને શાંતિકારી મહાપુરુષ હતાં. ભોજન એ વટ વૃક્ષ છે અને તેથી વડલાઓ શાંતિ નિકેતન, કબીરવડ, દુધરેજ અને તલગાજરડા જગ્યાઓ પર પણ સ્થિત છે. આજની કથામાં કબીર સંપ્રદાયના પરંપરાના શ્રી હજુર સાહેબ -વારાણસી, શ્રી શિવરામ સાહેબ મોરબી, શ્રી નરસંગદાસજી રાજકોટ ,શ્રી પ્રિતમદાસજી વડોદરા વગેરે તથા દુધરેજના શ્રી કણીરામ બાપુ સુશ્રી મહામંડલેશ્વર પૂજ્ય નિર્મળા બા, હાથીજણના શ્રી મહંત મહાદેવદાસજી બાપુ, શ્રી રાજેન્દ્રદાસજી બાપુ તોરણીયા ,સંત શ્રી રામેશ્વરદાસજી મહારાજ તથા પુર્વ મંત્રી શ્રી બ્રિજેશ મેરજા, ધારાસભ્ય શ્રી અરુણસિંહ રણા વગેરે સ ઉપસ્થિત હતાં.

આ કથાનું યજમાનપદ નિમિત માત્ર શ્રી નરેશભાઈ પટેલ કરી રહ્યાં છે. જે ભરૂચ ના વતની છે અને અમેરિકા ખાતે નિવાસ કરે છે. કથા દરમિયાન આસપાસના 40 ગામોને ધુમાડા બંધ ભોજન પ્રસાદ ગ્રહણ કરવા માટે નિમંત્રણ મોકલાયું છે. મંગલેશ્વર ગામ સહિતનો સ્વંય સેવક આયોજનની સફળતામાં જોડાયેલો છે.

## દાબેલીમાં જીવાત નીકળ્યા બાદ પાલિકાની લારી વાળાને બાહેધરી લખી આપવા સુચના

ભરત શાહ | નર્મદા

રાજપીપળા શહેર ના ગાર્ડન ના ચાલતી એમપી દાબેલી ની લારી પર ખાવા ગયેલા એક સરકારી કર્મચારી ની દાબેલી માંથી જીવાત નીકળતા કર્મચારી એ આ માટે પાલિકા ના કારોબારી અધ્યક્ષ કુલદીપસિંહ ગોહિલ અને ઉપપ્રમુખ ગિરિરાજસિંહ ખેર ને જાણ કરતા પાલિકા ટીમે આ લારી જપ્ત કરી હતી. કારોબારી અધ્યક્ષ કુલદીપસિંહ ગોહિલ અને ઉપપ્રમુખ ગિરિરાજ ખેર ના જણાવ્યા મુજબ લારી જપ્ત કર્યા બાદ લારી સંચાલક પાલિકા માં આવ્યા અને લારી મેળવવા પ્રયાસ કર્યો હતો પરંતુ તેને સુચના આપવામાં આવી કે અગાઉ પણ આ રીતે એક ગ્રાહક ની દાબેલી માંથી જીવડું નીકળ્યું હતું માટે અવાર નવાર આવું બનતા ગ્રાહકો ના સ્વાસ્થ્ય સાથે ચેડા થઈ રહ્યા છે માટે આ ગંભીર બાબત હોવાથી જો લારી પુનઃ શરૂ કરવી હોય તો બાહેધરી લખી આપવી પડશે ત્યારબાદ જ લારી મળશે.

# રાજપીપળામાં 1962 સેવાની એમ્બ્યુલન્સ યમરાજ બની

**ઉલ્લેખનીય છે કે વર્ષોથી કાર્યરત આ સેવા નર્મદા માં પશુઓ માટે ખૂબ સારી છે પરંતુ ઉપરી અધિકારીઓ ના ખોટા નિર્ણય કે કોઈ અન્ય કારણોસર ખાસ જરૂરી અને સમયે પહોંચવા માટે આવશ્યક એમ્બ્યુલન્સ જ યોગ્ય નહી હોય તો હાજર સ્ટાફ પણ શું કરી શકે માટે જરૂરી વસ્તુઓ યોગ્ય મળે તો આવી ઘટના નું પુનરાવર્તન નહિ થાય.**



**નર્મદામાં કરુણાનિધિ એમ્બ્યુલન્સ અન્ય જિલ્લા સાથે અદલા બદલી કરતા પશુઓના જીવ જોખમમાં મુકાયા**

ભરત શાહ | નર્મદા

રાજ્ય સરકારે રખડતા પશુઓ માટે 1962 કરુણાનિધિ એમ્બ્યુલન્સ સેવા શરૂ કરી એ ખરેખર બિરદાવવા લાયક છે પરંતુ કેટલાક જિલ્લાઓ માં આ સેવા હાલ માં પશુ માટે મોત નું કારણ બની હોય એમ જણાઈ રહ્યું છે જેમાં નર્મદા જિલ્લામાં હાલ આ સેવા માં એમ્બ્યુલન્સ યમરાજ બની હોવાનું જોવા મળ્યું છે પરંતુ ઉપરી અધિકારીઓ પણ આ માટે જવાબદાર કહી શકાય. નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપળામાં આખા જિલ્લા પૂરતી એકજ કરુણાનિધિ એમ્બ્યુલન્સ છે અને જિલ્લામાં પશુઓની ઘણી મોટી સંખ્યા છે જેથી ઈમરજન્સી માં બધે પહોંચી વળવું પણ મુશ્કેલ બને એ સ્વાભાવિક છે, તેમ છતાં હાલ માં ઉપરથી તઘલઘી નિર્ણય એવો લેવાયો કે નર્મદા જિલ્લાની આ એમ્બ્યુલન્સ જેના થકી સારી કામગીરી થતી હતી તેને અન્ય જિલ્લા માં મોકલી આપવામાં આવી છે અને એ જિલ્લાની ખખડધજ 1962 કરુણાનિધિ એમ્બ્યુલન્સ નર્મદા જિલ્લા માં રાજપીપળા ખાતે મૂકવામાં આવતા બીમાર કે ઈજાગ્રસ્ત પશુ ના કોલ માં તાત્કાલિક પહોચવું મુશ્કેલ બની શકે તેમ છે. કેમ કે આ એમ્બ્યુલન્સ ની હાલત જ બતર જણાય છે.

જોકે જાણવા મળ્યા મુજબ આ ખખડધજ એમ્બ્યુલન્સ હાલમાં રાજપીપળા માં બે ગાય માટે યમરાજ બની છે જેમાં એવું જાણવા મળ્યું કે રોહિતવાસ પાસે એક ગાય નું ગર્ભાશય બહાર આવી ગયું હતું અને ટેકરા ફળિયા પાસે ના વિસ્તાર માં એક ગાય કઈક ખાઈ જતાં બીમાર પડી હતી, પરંતુ આ બંને ઠેકાણે થી સ્થાનિકો એ 1962 પર કોલ કર્યા બાદ એવો જવાબ મળ્યા કે એમ્બ્યુલન્સ બીજા કોલ માં છે અને સર્વિસ માં મોકલી છે માટે સમયસર નહી આવી શકતા આ બંને ગાયો ના જીવ ગયા હતા. જેથી સ્થાનિકો અને પશુપાલકો માં આ માટે ભારે રોષ જોવા મળ્યો હતો.

# અમરેલી જિલ્લાના બંદરોના સાગરખેડૂઓને રૂ.818.23 લાખની સહાય ચૂકવામાં આવી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી જિલ્લાના જાફરાબાદ, ધારા બંદર, શિયાળબેટ, તથા ચાંચ બંદર કુલ ૪ મત્સ્ય બંદરોનો સમાવેશ થાય છે. ત્યારે જિલ્લામાં માછીમારી ને સરકાર શ્રી ની વિવિધ યોજના હેઠળ સહાય ચૂકવવામાં આવી હતી જાફરાબાદ મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક એ જણાવ્યું હતું કે જિલ્લામાં જાફરાબાદ, શિયાળબેટ, ચાંચ બંદર, નવાબંદર, સૈયદ રાજપરા, તથા સિમર, મત્સ્ય બંદરો - ઉતરણ કેન્દ્ર ખાતે નાની અને મોટી ૧૮૪૦ જેટલી માછીમારી બોટ નોંધાયેલી છે. મત્સ્યોદ્યોગ ખાતા દ્વારા માછીમારોને વિવિધ પ્રકારની યોજનાકીય સહાયનું ચૂકવણું કરવામાં આવે છે. પગડીયા સહાય જી.પી.એસ. સહાય, નવા એન્જીન ખરીદવા, નવા આઈસ પ્લાન્ટ, માછલીઓ સપ્લાય કરવા રેફરીજરેટેડ વાન, પોલી પ્રોયોલીન રોપ, જમ્બો પ્લાસ્ટિક ક્રેટ, લાઈફ સેવિંગ જેકેટ અને ડીપ ફીઝર જેવી વિવિધ યોજના ઓમા ૨૭ માછીમારી બોટોને રૂપિયા ૨૦.૩૩ લાખની સહાય નવેમ્બર સુધી ચૂકવવામાં આવી છે. પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના અંતર્ગત ઈન્સ્યુલેટેડ વાન, બોટ અપગ્રેડેશન તથા આઈસ પ્લાન્ટ સ્થાપના અન્વયે ૩ લાભાર્થીઓને રૂપિયા ૧.૯૩ લાખની સહાય ચૂકવવામાં આવી છે. તેમજ કિસાન ક્રેડીટ કાર્ડ સ્વરૂપે એક વર્ષમાં ૧૩૦ માછીમારા બોટ માલિકોને રૂપિયા ૭૫૮.૪૦ લાખની લોન મંજૂર કરવામાં આવી છે.

# શામળાજી મહોત્સવ-2025નું સમાપન: ઓસમાણ અને આમીર મીરના સુરોએ રચ્યો ભક્તિમય માહોલ

રાકેશ મહેતા | ધનસુરા

અરવલ્લી જિલ્લાના પ્રખ્યાત ધાર્મિક સ્થળ શામળાજી ખાતે યોજાયેલ શામળાજી મહોત્સવ-2025નો બીજો અને અંતિમ દિવસ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો. આ મહોત્સવમાં પ્રખ્યાત સંગીતકાર ઓસમાણ મીરના સુરોએ ભક્તિમય માહોલ સર્જ્યો હતો.આમીર મીરના ગીતોથી સૌના દીલ જીત્યા..બે દિવસ ચાલેલા આ મહોત્સવમાં દૂરદૂરથી ભક્તો ઉમટી પડ્યા હતા. ભક્તિમય વાતાવરણમાં શામળિયા ભગવાનના મંદિર પરિસરમાં કલા, નૃત્ય અને ભક્તિનો અદ્ભુત સમન્વય જોવા મળ્યો હતો. મહોત્સવમાં આયોજિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોએ લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.



ઓસમાણ મીરના સુરોએ ભક્તોના દિલને સ્પર્શી લીધા હતા. તેમના ભજનો અને કીર્તનોએ ભક્તિમય માહોલ સર્જ્યો હતો. ભક્તો ઓસમાણ મીરના સુરો સાથે તાલ મિલાવીને ઝૂમી ઉઠ્યા હતા.શામળાજી મહોત્સવનું આયોજન ખૂબ જ સુંદર રીતે કરવામાં આવ્યું હતું. મંદિર પરિસરને ભવ્ય રીતે સજાવવામાં આવ્યું હતું. ભક્તોની સુવિધા માટે તમામ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી હતી.આ મહોત્સવમાં વિવિધ સ્ટોલ્સ પણ લગાવવામાં આવ્યા હતા.શામળાજી મહોત્સવનું આ સફળ આયોજન શામળાજીને એક સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે સ્થાપિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે.બીજા દિવસે જિલ્લા કલેક્ટરશ્રી પ્રશસ્તિ પારિક,જિલ્લા પોલીસવડાશ્રી શૈફાલી બારવાલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને અધિકારીશ્રીઓ અને પદાધિકારીશ્રીઓ તેમજ મોટી સંખ્યમાં જનમેદની ઉપસ્થિત રહ્યા.

## NEWS BRIEF

## ધારાસભ્યએ હારીજ ચાણસ્મા કોંગ્રેસના કાર્યકરોને ચૂંટણીલક્ષી માર્ગદર્શન આપ્યું



નીતિન ઠાકર | ચાણસ્મા

અગામી સમયમાં નગર પાલિકા ઑ ની ચૂંટણી ઑ સાથે કેટલીક ખાલી તા પંચાયત ની બેઠકો ની ચૂંટણી ઑ યોજાવવાની સંભાવના ને ધ્યાને લઈ પાટણ જિલ્લા સહીત કોંગ્રેસ સંગઠન સહિત તાલુકા કક્ષા એ સંગઠન માળખું મજબૂત બની સૌ કાર્યકરો સાથે મળી અગામી સ્થાનિક સ્વરાજ્ય ની ચૂંટણી માં ભવ્ય વિજય હાંસલ કરે તે દિશા માં કામ કરવા માટેના માર્ગદર્શન મળી રહે તે માટે ચાણસ્મા ના ધારાસભ્ય દિનેશજી ઠાકોર ની અધ્યક્ષ તા માં ચાણસ્મા તાલુકા ના જીતોડા ગામે બેઠક યોજાઈ હતી જેમાં જિલ્લા કોંગ્રેસ ના અગ્રણીઓ સહિત ચાણસ્મા તાલુકા કોંગ્રેસ ના રાજુલ ભાઈ પટેલ વરુણભાઈ વ્યાસ કોંગ્રેસ ના યુવા અગ્રણી નરપતસિંહ પરમાર સહીત ચાણસ્મા હારીજ તાલુકા કોંગ્રેસ ના પદાધિકારી ઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા.

## વિવિધ વેપારી મંડળના સ્નેહ મિલન કાર્યક્રમમાં નવનિયુક્ત પ્રમુખોનું સન્માન



ભરત શાહ | નર્મદા

રાજપીપળા વિવિધ વેપારી મંડળ નો વાર્ષિક સ્નેહ મિલન કાર્યક્રમ દશાલાડની વાડીમાં યોજાયો, રાજપીપળા શહેરમાં વેપારી વર્ગનું આ વર્ષો જૂનું મંડળ છે.વેપારી ભાઈઓ ના એકબીજા સાથે પરિચય થાય તે હેતુથી વર્ષોથી આ સ્નેહ મિલન કાર્યક્રમ ઉજવવામાં આવે છે. વેપારી મંડળ ના આ કાર્યક્રમ માં ભાજપ દ્વારા નવનિયુક્ત શહેર પ્રમુખ અજીતભાઈ પરીખ નું સન્માન કરવામાં આવ્યું, અજીતભાઈ આ મંડળના કાર્યકારી પ્રમુખ છે. સાથે સાથે કારોબારી સભ્ય દિનેશભાઈ પટેલ ને ખેડૂતોના સંગઠનની જવાબદારી સોંપી તેમને જિલ્લા પ્રમુખ બનાવવામાં આવ્યા હોય તેમનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. મંડળનું સંચાલન કરતા કાર્યકારી પ્રમુખ અજીતભાઈ પરીખ, મંત્રી તુષારભાઈ શાહ તેમજ કારોબારી અધ્યક્ષ હિમાંશુભાઈ દેસાઈ તેમજ કારોબારી સભ્યો તથા સલાહકાર સમિતિના સભ્યો દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું, આભાર વિધિ મંડળના સહમંત્રી ધવલભાઈ પટેલે કરી હતી. સહકાર ભારતી ગુજરાત રાજ્ય સહકારી સંસ્થા રાષ્ટ્રવ્યાપી સંગઠન નર્મદા જિલ્લા પ્રમુખ તરીકે દિનેશભાઈ પટેલની નીમણુક કરવામાં આવી તે બંદલ સૌ એ તેમને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.

## શ્રી કે.પી.મહેતા માધ્યમિક વિદ્યાલય દ્વારા વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન કરાયું



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

બાળકોના શિક્ષણની સાથે સર્વાંગી વિકાસ માટે બાળક મોબાઈલ થી મેદાન તરફ આવે સાથે બાળકોનો ઉત્સાહ વધે તે માટે શાળામાં છેલ્લા ત્રણ અઠવાડિયા થી દર શનિવારે વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન થતું ,જેમાં આજરોજ ફાઈનલ મેચ યોજવામાં આવી હતી.વિજેતા ટીમને ટ્રોફી, શીલ્ડ આપી શાળાના શિક્ષકોએ બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો બાળકોનો ઉત્સાહ અને ઉમંગ બન્યો રહે એટલા માટે કુલ સાત ટીમ બનાવવામાં આવી હતી, જેમાં શાળાના દરેક બાળકો વોલીબોલની ટીમમાં સહભાગી હતા. વોલીબોલની ટીમના નામ મોટું , પતલું, જોન કા ડોન , ડોક્ટર જટકા વગેરે રાખવામાં આવ્યા હતા. આ ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં મોટું ટીમનો ભવ્ય વિજય થયો હતો . વિજેતા ટીમ અને સહભાગી બાળકોને સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ દ્વારા અભિનંદન પાઠવ્યું હતું.

## જાફરાબાદ તાલુકાના સિત્રાસર ગામે એક રહેણાંક મકાનમાં ઘૂસ્યો દીપડો



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

હમીરભાઈ પીઠુભાઈ બાંભણિયા ના પત્ની ઘરે વાસણ સાફ કરતા હોય અચાનક દીપડો આવી જતા ઘરનો દરવાજો બંધ કરી રાડો પાડવા લાગ્યા ગ્રામજનો દીપડાને જોવા ટોળા એકઠા થયા હમીરભાઈ પીઠુભાઈ બાંભણિયા મકાન માલિક દ્વારા ગામના સરપંચને જાણ કરવામાં આવી સરપંચ દ્વારા જાફરાબાદ વન વિભાગ ને જાણ કરવામાં આવી હતી અવારનવાર સિંહ દીપડા ગામમાં આવી જતા હોય છે. જંગલ છોડી વન્યપ્રાણી ગામ તરફ વળ્યા. સિત્રાસર ગામમાં ભય નો માહોલ જાફરાબાદ વન વિભાગ ની ટીમ ઘટના સ્થળે પહોંચી દિપડા નું રેસ્ક્યુ કરવામાં આવ્યું.

## વડીયા- સરડીયા નો માર્ગ ઝાડી ઝાંખરાથી સાંકડો થયો : વાહનચાલકોને હાલાકી

કમલેશ પટેલ | સંખેડા



સંખેડા તાલુકાના ગુંડીયા વડીયા-સરડીયા માર્ગ ઉપર ઝાદીઝાંખરા અને ગાંડાબાવળને રસ્કાતો સાંકડો થતાં વાહનચાલકોને હાલાકી પડી રહી છે.સંખેડા તાલુકાના ગુંડીયા વડીયા (બી )તરફ જવાના સરડીયા તરફના માર્ગે રસ્તાની બંને બાજુએ ઝાદીઝાંખરા ઉગી નીકળેલા છે. ગાંડાબાવળ પણ છે. જેને કારણે રસ્તો સાંકડો થયો છે. વાહનચાલકોને ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. તંત્ર દ્વારા જંગલ કટીંગ સત્વરે હાથ પરાય તેવી માંગ ઉઠી રહી છે. જંગલ કટીંગની કામગીરી હાથ ધરાય તો અહીંથી પસાર થતાં અનેક ગામોના લોકોને પડતી મુશ્કેલી દૂર થાય. સંખેડા તાલુકાના વડીયા (બી)થી સરડીયા રોડ ઉપરના ગાંડા બાવળ, ઝાડી ઝાંખરાના લીધે હમેંશા આ રોડ પરથી પસાર થતા વ્યક્તિઓને ઈજા થવાની શક્યતા વધી રહી છે. જેથી કરી ને કોઈનો જીવ જાય તે પહેલાં રોડ ખાતા તરફથી વહેલી તકે કઈક ઉપાય થાય તેવી ગ્રામજનોની માગણી ઉઠવા પામી છે.

**મહા કુંભ દરમિયાન ભક્તોની સુવિધા માટે 3,000 સ્પેશિયલ ટ્રેનો સહિત લગભગ 13,000 ટ્રેનો દોડાવશે. દોઢથી બે કરોડ મુસાફરો ટ્રેન દ્વારા શહેરમાં પહોચશે**

# હિન્દુ પ્રજાની આસ્થાનું મહાપર્વ-'કુંભ મેળો' નવા વિશ્વવિક્રમ સ્થાપિત કરશે

ફરી એકવાર પ્રયાગરાજ શહેર એક વિશ્વવિક્રમી અવસરનું સાક્ષી બનશે. યુ. પી.ના આ પાવન શહેરમાં ૧૩ જાન્યુઆરીથી કુંભમેળાનો પ્રારંભ થઈ રહ્યો છે. ગંગા નદીના તીરે વસેલું આ શહેર અત્યારે અનેકવિધ પ્રવૃત્તિઓથી ધમધમી રહ્યું છે. સ્વાભાવિક રીતે જ કુંભમેળા જેવા પાવનપર્વમાં પ્રયાગરાજની મહત્તા અનેકગણી વધી જાય છે. એવો અંદાજ છે કે દોઢ મહિના સુધી ચાલનારા આ મેળામાં દેશ-વિદેશથી અંદાજે ૨૫ કરોડથી વધુ ભક્તો-પ્રવાસીઓ આવશે. અહીં અમુક ખાસ તિથીઓએ નહાવાનું ભારે મહાત્મ્ય છે અને આ કારણોસર આ ખાસ તિથીઓએ શ્રદ્ધાળુઓની ભીડ ઉમટે છે. પહેલાં કુંભમેળો મહાન યાત્રાસ્થળ ગણાતું હતું, પણ હવે એનો પ્રચાર યાત્રાસ્થળની સાથેસાથે સનાતન હિંદુ સંસ્કૃતિને નજીકથી સમજવામાં ઉપયોગી થાય એવા ફરવાના સ્થળ તરીકે પણ થઈ રહ્યો છે. હવે વિદેશીઓમાં કુંભ મેળામાં ભાગ લેવાની જબરદસ્ત ઘેલછા જોવા મળે છે. જો તમે શ્રદ્ધાળુ હો અને તમારી પાસે સુખસગવડ પાછળ ખર્ચવા માટે પુરતા પૈસા હોય તો હવે તમારે પવિત્ર સંગમ નગરી પ્રયાગરાજ ખાતે યોજાનારા કુંભમેળા માટેની તૈયારીઓ જોરશોરથી શરૂ થઈ ગઈ છે. દરરોજ લાખોની સંખ્યામાં ઉમટી પડનારા આસ્થાળુઓના સ્વાગત માટે સડકો, ઉદ્યાના, વિવિધ ચોકોને નવા જામા પહેરાવવાનું આયોજન થઈ રહ્યું છે. સાથે સાથે અહીંના પાંચ મુખ્ય મંદિરો સહિત ડઝનેક મંદિરોને રંગબેરંગી રોશનીથી નવડાવવાની તૈયારી પણ પર્યટન વિભાગે આરંભી દીધી છે. વાસ્તવમાં પ્રયાગરાજમાં સંખ્યાબંધ પૌરાણિક અને ઐતિહાસિક મંદિરો છે જેના વિશે લોકોને ઝાઝી જાણકારી નથી. પર્યટન વિભાગે આ મંદિરોનો કાયાકલ્પ કરીને તેને રંગબેરંગી રોશનીથી ઝળાંહળાં કરવાનો વિચાર અમલમાં મૂકી દીધો છે. જે મંદિરોનો જિર્ણોધ્ધાર થવાનો છે તેમાં બડે હનુમાન મંદિર, શંકર વિમાન મંડપમ્, સિવિલ લાઈન્સ સ્થિત હનુમાન મંદિર, અલોપશંકરી મંદિર સહિત એક ડઝન જેટલા મંદિરોનો સમાવેશ થાય છે. પ્રયાગરાજમાં પહેલી વખત મંદિરો પર રંગબેરંગી લાઈટિંગ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

જો કે વર્ષ ૨૦૧૯ના કુંભ મેળા દરમિયાન યમુના પૂલ અને શાસ્ત્રી પૂલ પર કલરફૂલ લાઈટિંગ કરવામાં આવ્યું હતું, પરંતુ આ વખતે આ સંગમ નગરીમાં આવેલા પૌરાણિક મંદિરોને પણ રંગીન રોશનીથી ઝળાંહળાં કરવામાં આવશે. જો કે કુંભમેળામાં સૌથી મોટું માહાત્મ્ય સ્નાનનું હોય છે. દેશવિદેશના શ્રધ્ધાળુઓ કુંભમેળામાં આસ્થાની ડૂબકી લગાવવા આવતાં હોવાથી અહીંના ઘાટ વ્યવસ્થિત રીતે તૈયાર કરવામાં આવે તે સૌથી વધ જરૂરી છે. કુંભમેળા દરમિયાન આસ્થાળુઓ માટે કાચા ઘાટ, એટલે કે હંગામી ધોરણે પણ ઘાટ બનાવવામાં આવે છે. શ્રધ્ધાળુઓ આ ઘાટ ઉપરાંત પાકા ઘાટો પર પણ સ્નાન કરે છે. આ વાત ધ્યાનમાં લઈને ગંગા અને યમુના કિનારે નવા સાત ઘાટ બનાવવામાં આવ્યા છે. આ કાર્ય સિંચાઈ વિભાગની પૂરનું કાર્ય સંભાળતી શાખાને સોંપવામાં આવ્યું છે. આ સાત ઘાટ કુંભમેળાના મુખ્ય વિસ્તાર ઉપરાંત આજુબાજુનાં વિસ્તારોમાં પણ બનાવવામાં આવ્યા છે. આ સાત ઘાટમાંથી ચાર યમુના નદીના કાંઠા વિસ્તારોમાં અને ત્રણ ગંગા નદીના કિનારાની આસપાસ તૈયાર કરવામાં આવ્યા છે. કુંભમેળો પૂર્ણાહૂતિ પામ્યા પછી પણ શ્રધ્ધાળુઓ અહીં સ્નાન કરી શકશે. સામાન્ય રીતે સંગમમાં સ્નાન કર્યા પછી આસ્થાળુઓને કપડાં બદલવામાં



મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે. પરંતુ નવા બનાવવામાં આવનારા ઘાટો પર વસ્ત્રો બદલવા માટે કેબિનો, ઉપરાંત પાર્કિંગ, યજ્ઞશાળા, આરતી સ્થળ અને ધ્યાન કેન્દ્ર પણ તૈયાર કરવામાં આવશે. નવા ઘાટોમાં ગંગાકાંઠે બનાવવામાં આવનારો દશાશ્વમેઘ ઘાટ સૌથી મહત્ત્વનો હશે. તેની લંબાઈ ૧૧૦ મીટર અને પહોળાઈ ૯૫ મીટર હશે. તદુપરાંત સંગમતી લગભગ ૫૦૦ મીટરના અંતરે આવેલા છતનાગ અને નાગેશ્વર ઘાટ વચ્ચે, જ્ઞાનગંગા આશ્રમની સામે ૩૦ મીટર લાંબો અને ૬૦ મીટર પહોળો ઘાટ તૈયાર કરાયો છે. જ્યારે યમુના નદીના ડાબા કિનારે આવેલા મહેવા સ્થિત ભૈરવ મંદિરની સામે પણ ૩૦ મીટર લાંબો અને ૬૦ મીટર પહોળો ઘાટ બનાવવામાં આવ્યો છે. આ નવા સાત ઘાટ બનવાને પગલે સાધુસંતો અને આસ્થાળુઓને કુંભસ્નાન માટે વધારાની સુવિધા મળી રહેશે. આવખતે કુંભમેળામાં અનેક નવા નજરાણા જોવા મળશે. જેમાં એક છે ડોમસીટી. લગભગ ૨૫૦ કરોડ રૂપિયાના ખર્ચે બંધાનારું આ ડોમ સીટી કોઈ હિલ સ્ટેશન જેવો માહોલ ધરાવે છે. જેની અંદર તમામ આધુનિક સુવિધાઓ મળી રહેશે. અરેલ નામે ઓળખાતા વિસ્તારના સાડા ત્રણ એકર જમીન પર બાંધવામાંઆવેલું ડોમ સીટી પોલી કાર્બોનેટ શીટમાંથી બનાવાયું છે. જેમાં બુલેટ પ્રૂફ અને ફાયર પ્રૂફ મટિરિયલનો ઉપયોગ થયો છે. આ નવું નગર સહેજ ઊંચાઈ પર બાંધવામાં આવ્યું હોવાથી ત્યાં ઊભા રહીને કુંભમેળાનો ૩૬૦ ડિગ્રી વ્યુ જોવા મળશે. કુંભમાં મહત્ત્વના સ્નાનની તિથી હોય ત્યારે આ ડોમ સીટીમાં રહેવાનો રોજનો ચાર્જ એક લાખ રૂપિયા અને ઈતર દિવસોમાં એંસી હજાર રૂપિયા છે. એક જ સ્થળે લાખો લોકોનો જમાવડો થવાનો હોય એટલે લોકોની સલામતીનો વિચાર પણ કરવો જ પડે. ઉત્તર પ્રદેશ સરકારે ભારત અને વિદેશી હિન્દુઓની સિક્યોરિટી માટેની તમામ વ્યવસ્થા કરી છે. પ્રયાગરાજ શહેરના દરેક એન્ટ્રી પોઈન્ટ અને મહાકુંભ મેળાના સ્થળે દરેક વ્યક્તિની તપાસ કરવા માટે ભારે સિક્યોરિટી બંદોબસ્ત કરવામાં આવશે. મેળામાં આવેલા લોકોને માર્ગદર્શન મળી શકે એ માટે ભારતની અનેક ભાષામાં અનાઉન્સમેન્ટ કરવામાં આવશે. ઉપરાંત કોઈ પણ ઈમર્જન્સીને પહોંચી વળવા માટે કુંભમેળાના સ્થળ નજીક ૧૦૦ બેડની હોસ્પિટલ ઊભી કરવામાં આવશે. આ સિવાય અનેક સ્થળે હેલ્થકેરની સુવિધા હશે. સ્પેશ્યલિસ્ટ અને પેરામેડિકલ સ્ટાફને સ્ટેન્ડબાય રાખવામાં આવશે.' ઉત્તરપ્રદેશના ડીજીપી પ્રશાંત કુમારે મહાકુંભની સુરક્ષા બાબતે વધુમાં જણાવ્યું કે મહાકુંભ અમારાં માટે એક મોટો અવસર છે. અમે છેલ્લા બે વર્ષોથી એની તૈયારીઓ કરી રહ્યા છીએ. જેમાં મહા કુંભ દરમિયાન ભક્તોની સુવિધા માટે ૩,૦૦૦ સ્પેશિયલ ટ્રેનો સહિત લગભગ ૧૩,૦૦૦ ટ્રેનો દોડાવશે. લગભગ દોઢથી બે કરોડ મુસાફરો ટ્રેન દ્વારા શહેરમાં પહોચશે. મહાકુંભ ૧૩ જાન્યુઆરીના રોજ પૂર્ણિમાના અવસરે શરૂ થશે અને ૨૬ ફેબ્રુઆરીએ મહાશિવરાત્રિ પર સમાપ્ત થશે. આગળ જણાવ્યું તેમ મહાકુંભ ૨૦૨૫ દેશની વિરાસત અને વિકાસના વિઝનનું સૌથી મોટું ઉદાહરણ બની રહ્યો છે. એક બાજુ મહાકુંભ વિશ્વની પ્રાચીનતમ સનાતન પરંપરાઓનો વાહક છે, તો બીજી બાજુ તે આધુનિક ટેકનોલોજી સાથે જોડાઈને વિકાસનું પ્રમાણ પણ બની રહ્યો છે. આનું પ્રત્યક્ષ ઉદાહરણ છે બે સપ્તાહમાં યોજાનારો મહાકુંભ, જે અહીં (આટફિશિયલ ઈન્ટેલિજન્સ) અને ચેટબોટ જેવી અત્યાધુનિક ટેકનોલોજીના ઉપયોગથી શ્રદ્ધાળુઓને વિશ્વસ્તરીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવશે.

મહાકુંભ ૨૦૨૫માં પહેલી વખત એઆઈ જનરેટિવ ચેટબોટ કુંભ સહાયક વિકસિત કરવામાં આવી રહ્યું છે, જે ભાષિણી એપની મદદથી ગુજરાતી સહિત દસથી વધુ ભાષાઓમાં શ્રદ્ધાળુઓને મહાકુંભ સાથે સંકળાયેલી તમામ માહિતી ઉપલબ્ધ કરાવશે. આ ચેટબોટ ગૂગલ નેવિગેશન, ઈન્ટરેક્ટિવ કન્વર્ઝેશન તેમ જ વ્યક્તિગતની સુવિધાઓથી સજ્જ હશે. કુંભ સહાયક ચેટબોટ ગૂગલ નેવિગેશનની સુવિધા પણ પ્રદાન કરશે, જેના માધ્યમથી મહાકુંભ વિસ્તારમાં સેક્ટર, અખાડા, કલ્પવાસના ટેન્ટ, સ્નાનઘાટના રસ્તાઓનું નેવિગેશન પણ મળી શકશે. આ ચેટબોટ મહાકુંભ વિસ્તાર ઉપરાંત પ્રયાગરાજ શહેરના મુખ્ય દાર્શનિક સ્થળો, મંદિરો, રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડના રસ્તાઓ પણ બતાવશે. ઉપરાંત, તે મહાકુંભમાં થનારાં વિવિધ આયોજનોની જાણકારી પણ સમય-સમય પર આપતું રહેશે.

# ઘરમાં છોડ રોપવાથી રોગપ્રતિકારક શક્તિ વધી શકે?

ઈન્ડોર પ્લાન્ટ્સ માટે એક રસપ્રદ સંશોધન યુનિવર્સિટી ઓફ હેસીન્કીઝ ફેકલ્ટી ઓફ બાયોલોજીકલ એન્ડ એન્વાયરનમેન્ટલ સાયન્સીસ તરફથી કરવામાં આવ્યું છે. આ પ્રયોગ પ્રમાણે માટીના મોટા કૂંડામાં અનેક છોડ વાવવામાં આવ્યાં હતા આ કૂંડાની માટીમાં ખૂબ જ જીવાણુંઓ ધરાવતી માટી રાખવામાં આવી હતી અને તેમાં છોડને એક માસ માટે ઊગાડવામાં આવ્યાં હતાં. ઉપરોક્ત યુનિવર્સિટીના પ્રોફેસર સંશોધક મિકા સારેનયા એ આ પ્રયોગમાં રસ દાખવ્યો હતો. તેમના મતે એક માસના શહેરી ઈન્ડોર ગાર્ડનિંગ દરમ્યાન ભાગ લેનારા સ્વયંસેવકોની ચામડી પર જીવાણુંઓની વિવિધતામાં વધારો થયો હતો અને એનો સંબંધ લોહીમાં રહેલાં એન્ટીઈન્ફ્લામેટરી સાયટોકિન્સની વધેલી માત્રા સાથે હતો. આ કૂંડામાં વટાણા, ભાજી, રાઈ બીન્સ, લસણ અને આદુની વનસ્પતિનો ઉપયોગ થયો હતો. પ્રથમવાર જ એવું જાણવા મળ્યું હતું કે કુદરતી માનવ પ્રવૃત્તિથી પ્રતિકાર પધ્ધતિને પોઝિટિવ અસર થઈ શકે. જો ઘર મોટુ હોય તો જ આ પ્રયોગ થઈ શકે. નાના ફ્લેટ કે ઘર માટે ઘણાં ઈન્ડોર પ્લાન્ટ ઊગાડી શકાય જે પ્રાણવાયુ આપી ઝેરી પદાર્થો શોષી લે છે. તેમાંના ઘણાં વાસ્તુ ફ્રેન્ડલી હોય છે. અહીં પાંચ છોડની પસંદગી કરી છે જે અન્ય પરિબળો સાથે તમારા ઘરમાં સમૃધ્ધિ લાવી શકશે. સૌથી પહેલાં તમારે માટે ''મની પ્લાન્ટ'' છે. સહેલાઈથી ઊગી શકાતો આ છોડ તમારા ઘરમાં નાણાંનો સ્ત્રોત વધારવા


પ્રતિકાત્મક તસ્વીર

માટે જાણીતો છે. આ છોડને અગ્નિ દિશામાં રાખજો. તમે પાણીની બોટલમાં પણ આ છોડને ઊગાડી શકો છો. બીજો છે ''રબ્બર પ્લાન્ટ'' આ એક સરળતાથી ઊગતો ઈન્ડોર પ્લાન્ટ છે. વાસ્તુશાસ્ત્ર પ્રમાણે આ છોડ ઘરમાં સમૃધ્ધિ લાવે છે. ત્રીજો છે ''સ્નેક પ્લાન્ટ'', આ છોડના પાન નાગની ફેણ જેવા દેખાય છે. તેની ખાસ કાળજી લેવી પડતી નથી. આપમેળે ઊગે છે. તમારા ઘરમાં ઓક્સીજન વધારી તમને આનંદમાં રાખનાર આ છોડ નાની નર્સરીમાં પણ મળી રહેશે. ચોથી વનસ્પતિ સૌને ગમતી પવિત્ર ''તુલસી'' છે. વાસ્તુ ઉપરાંત ધાર્મિક રીતે પણ તે ઘણી મહત્વની છે. પૂર્વ, ઉત્તર અને ઈશાન દિશા તેનું સ્થાન છે. તે તમારા શરીરમાંથી ઝેરી તત્વો કાઢી શરીરની પાચનક્રિયા સુધારે છે. દરરોજ તમે તેના સાત પાન લઈ મરીના પાંચ દાણા સાથે ખાઈ શકો છો. વાસ્તુશાસ્ત્રમાં તેનુ ખાસ સ્થાન છે. તે હવાને શુધ્ધ કરી કિટકોને ભગાડે એવું માનવામાં આવે છે. નાસાની પસંદગીની પાંચમી વનસ્પતિ 'પીસ લીલી' તરીકે ઓળખાય છે. નામ પ્રમાણે તે ઘરમાં શાંતિ સ્થાપનાર છોડ છે. તે સમૃધ્ધિનુ સર્જન કરે છે. ઘરમાં કોઈપણ ખૂણામાં તમે તેને સ્થાપતિ કરી શકો છો. દરેક છોડની ખાતર તથા પાણીની ખાસિયત હોય છે. નર્સરીમાંથી તમે જ્યારે આ છોડ લો છો ત્યારે માળીની સૂચનાઓ ધ્યાનથી સમજી લેજો. કેટલાંક છોડ ઓછા પાણીથી ઊગે છે. કેટલાંકને ૪૮ કલાકે પાણી આપવાનું રહે છે.

# દુનિયામાં વંદાની 4600 જેટલી પ્રજાતિઓ છે

બાળકો, તમે ક્યાંક ને ક્યાંક વંદાને જોયો જ હશે. એવું કહેવાય છે કે કરોડો વર્ષ પહેલાં વંદા ધરતી ઉપર આવ્યા હતા. વંદો જંતુ વર્ગનું સર્વાહારી, નિશાચાર પ્રાણી છે, જે અંધારામાં વધારે જોવા મળે છે. તે ગરમી ધરાવતાં સ્થાનોમાં જેમ કે, રસોડા, ગોદામ, અનાજ અને કાગળના ભંડારોમાં જોવા મળે છે. દુનિયાભરમાં વંદાની આશરે 4600થી વધુ પ્રજાતિઓ છે. એમાંથી અનેક પ્રજાતિઓ તો લુપ્ત થઇ ચૂકી છે. આશરે 30 પ્રજાતિઓ જ માણસની વચ્ચે નિવાસ કરે છે. એમાંથી અમુક વંદા તો ઊડી શકે એવા હોય છે. વંદો એક-બે નહીં, પરંતુ 40 મિનિટ સુધી પોતાનો શ્વાસ રોકી શકે છે. આ કારણે વંદા પાણીની અંદર 30 મિનિટ જીવિત રહી શકે છે. વંદાનું આયુષ્ય એક વર્ષ જેટલું હોય છે. વંદાને તમે જમીન ઉપર દોડતો જોયો હશે. તેની દોડવાની સ્પીડ જોરદાર હોય છે. તે એક સેકન્ડમાં પાંચ મીટરની ઝપડથી દોડી શકે છે. સાઉથ અમેરિકામાં વિશ્વનો સૌથી મોટો 6 ઈંચનો વંદો મળી આવ્યો હતો. સામાન્ય વંદા આશરે બે ઈંચના જ હોય છે. સામાન્ય રીતે વંદાને ચાર પગ હોય છે એવું આપણને લાગે છે, પરંતુ હકીકતમાં વંદાને 18 પગ હોય છે. જેમ માણસના માથા પર વાળ ઊગે છે, તેમ જ વંદાનો પગ તૂટી જાય તો નવા પગ ઊગી નીકળે છે. વંદા પુસ્તક, અનાજ, સાબુ, ચામડું, ગ્રીસ, આપણા વાળ પણ ખાઇ શકે છે. એવું કહેવાય છે કે વિવિધ પ્રકારના 33 જાતના બેક્ટેરિયા વંદા દ્વારા ફેલાય છે, જે ઘણા ખરા અંશે



બાળકોમાં એલર્જી અને અસ્થમા થવા પાછળ જવાબદાર છે.તમને જાણીને નવાઈ લાગશે કે વંદો માથા વગર એક અઠવાડિયા સુધી જીવિત રહી શકે છે. આપણને નવાઇ લાગે કે કોઇ વ્યક્તિ કે જીવજંતુ માથા વગર કઇ રીતે રહી શકે! પણ વંદાની આ ખાસિયત છે. તેના શરીરની રચના અલગ પ્રકારની હોય છે. બીજું, તે માથા વડે શ્વાસ નથી લેતું, પરંતુ તેના શરીર પર નાનાં નાનાં છિદ્રો હોય છે. આ છિદ્રોમાંથી તે શ્વાસ લે છે. તેથી માથું કપાયા બાદ તે શ્વાસ લઇ શકે છે અને જીવિત રહી શકે છે. વંદો શરીરમાં વધારે પ્રમાણમાં પ્રોટીન ભેગું કરી રાખે છે, જેથી તેનું માથું કપાઇ જાય છે ત્યારે તે એના સહારે જીવિત રહી શકે છે. પછી ભૂખ અને તરસને કારણે તે મરી જાય છે, કારણ કે વંદા ખાવા-પીવાનું કામ માથાથી કરે છે. વંદા એકસાથે 10થી 30 ઇંડાં મૂકી શકે છે.

# બમ બમ ભોલે કી ગુંજ મે નિકલી સવારી મહાકુંભ કી


બમ બમ ભોલે કી ગુંજ મે નિકલી સવારી મહાકુંભ કી, સાધુ સંતો સિધ્ધો કે સંગ સવારી નિકલી મહાકુંભ કી..


મહા કુંભ મેળો
- રુપાલી દવે



ધરા પરનો સૌથી મોટો ઉત્સવ કુંભ મેળા ને માનવા મા આવે છે એની પાછળ નું મુખ્ય કારણ સાધુ,સંસ્કૃતિ અને સમાજ ના ત્રિવેણી સંગમ થી દર બાર વર્ષે કુંભ મેળો યોજાય છે. જ્યાં જન જન વચ્ચે સાધુ સંતો નો સમન્વય થતાં અદભૂત નજારો જોવા મળે છે. શસ્ત્રો અનુસાર નક્ષત્રો અને રાશિ ચક્ર નક્કી કરે છે કે ક્યાં સ્થળે કુંભ મેળો ભરાશે.સામાન્ય રીતે ચાર સ્થળે હરિદ્વાર માં ગંગાજી નો કિનારો,પ્રયાગ રાજ માં ગંગાજી યમુનાજી અને સરસ્વતીજી નો સંગમ સ્થાન,નાસિક માં ગોદાવરી નદી નો કિનારો,ઉજ્જૈન માં ક્ષિપ્રા નદીના કિનારે કુંભ મેળા નું આયોજન થતું હોય છે. સુર્ય અને ગુરુ એક રાશિ માંથી બીજી રાશિ માં એકીસાથે પ્રવેશ કરે તેના આધારે તારીખ અને સ્થળ નક્કી થઈ શકે છે.જ્યારે ગુરુ વૃષભ રાશિમાં અને સુર્ય મકર રાશિમાં પ્રવેશ કરે છે બીજી અન્ય માન્યતા અનુસાર ગુરુ,સુર્ય,ચંદ્ર મેષ ચક્ર માં પ્રવેશ કરે છે ત્યારે અમાવસ્યા માં કુંભ પર્વ નું પ્રયાગ રાજ માં આયોજન થાય છે.

૨૦૨૫ માં મહાકુંભ નું આયોજન પ્રયાગ રાજ માં થઈ રહ્યું છે જે અત્યંત પવિત્ર માનવામાં આવે છે.પ્રયાગ તીર્થ માં ગંગાજી,યમુનાજી અને સરસ્વતીજી નો ત્રિવેણી સંગમ થાય છે ને સંગમ સ્નાન એ મનુષ્ય ના પાપ નો નાશ કરી નાખે છે. કુંભ ના સંયોગ માં સંગમ સ્નાન એટલે મોક્ષ પ્રાપ્તિ શુભ અવસર પ્રાપ્ત થાય છે. પ્રયાગ રાજ માં મહાકુંભ ૧૩ જાણ્યુંઆરી થી ૨૬ ફેબ્રુઆરી સુધી ચાલશે.દેશ વિદેશ થી કરોડો લોકો મહાકુંભ માં સામેલ થવા લોકો ભારત ભૂમિ ના પ્રયાગ રાજ તીર્થ માં પધારે છે. આ કુંભ મેળા માં કુલ છ શાહી સ્નાન થાય થતાં હોય છે.દર ત્રણ વર્ષે મહા કુંભ,કુંભ,અર્ધ કુંભ નું આયોજન થતું હોય છે મહાકુંભ નું આયોજન ૧૪૪ વર્ષ બાદ એક વાર જ થાય છે. કદાચ લાઈફ માં મહાકુંભ નો પ્રસંગ આવે પણ ખરા અને ના પણ આવે.૨૦૨૫ માં પૃથ્વી પરના વિરલ સંયોગ નું નામ “મહાકુંભ” છે. સામન્ય ગણતરી કરતાં વિચારીએ તો કુંભ મેળો દર બાર વર્ષે એક વાર આવે છે,પૃથ્વી પર કુલ અગિયાર કુંભ ના સંયોગ બાદ એક મહા કુંભ મતલબ ૧૪૪ વર્ષ બાદ સંયોગ થાય છે.વિવિધ અખાડાઓ,નગાબાવા, અઘોરીઓ,શિવ પંથીઓ,બાવાઓ,વિષ્ણુ પંથી સમાજ,કિન્નર સમાજ,સ્ત્રી સાધુ સમાજ વગેરે સમાજનું પ્રયાગ રાજ તીર્થ માં આગમન શરૂ થઈ ચૂક્યું છે.

હિન્દુ સંસ્કૃતિ માં કુંભ મેળા માં સ્નાન નું અત્યંત મહત્વ છે વર્તમાન સમયમાં ૨૦૨૫ નો મહાકુંભ એ મનુષ્ય ને માટે ખૂબજ અગત્યનો છે.વિચારો સરેરાશ મનુષ્ય નું આયુષ્ય ૭૦ થી ૧૦૦ વર્ષ નું હોય છે એટલે એના ત્રીસ કે સાઈઠ વર્ષ ના આયુષ્યની અમૂલ્ય ક્ષણો નો ઉતમ આનંદ સમજી શકાય. મહાકુંભ નો સર્યોગ ૧૪૪ વર્ષે જ થાય છે એટલે લાઈફ માં ફરી મોકો મળે કે ના પણ મળે.

૨૦૨૫ નો મહાકુંભ ઉતર પ્રદેશ મા યોજવાનો છે ઉતર ભારત ની સનાતની સરકાર એ આયોજન ની સફળતા માટે અદભૂત તૈયારીઓ કરી છે.મહાકુંભ માં સામેલ થવા આવતા લોકો માટે રહેવા ની વ્યવસ્થા લઈને અન્ય બધી જ સગવડતા નું ખાસ ધ્યાન રાખવામાં આવ્યુ છે. મહાકુંભ ની તૈયારીઓ પર વિશેષ નજર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાજ્ય ના મુખ્ય મંત્રી યોગીજી એ રાખેલ છે.

નાનકડી પણ ચૂક ના રહી જાય એ માટે આટલી મોટી ઈવેન્ટ નો અભ્યાસ કરવા ખાસ ઈવેન્ટ મેનેજમેન્ટ ના વિદ્યાર્થીઓ આવ્યા છે. આખી ઈવેન્ટ પર નજર રાખવા આર્ટફિશિયલ ઈન્ટેલિજન્સ અને ડિજિટલ વિજ્ઞાન નો ભરપૂર ઉપયોગ કરવામાં આવ્યો છે.

મહાકુંભ માં ખાસ જગ્યા એ સ્નાન કરવાનું વિશેષ મહત્વ હોય છે,શું? આ વિશે સાધુ,સંતો અને ધર્મગુરુઓ ભક્તો ને ખાસ સમજાવતા હોય છે.પ્રત્યેક સંત સમાજ સાથે એના અનુયાયીઓ પણ આવતા હોય છે. આ ઉપરાંત “ખાસ જગ્યા એ શાહી સ્નાન” નું વિશેષ મહત્વ કેમ? આ વિષય પર દેશ વિદેશ ના વૈજ્ઞાનિકો અને બુદ્ધિજીવીઓ વરસો થી સંશોધન કરી રહ્યા છે.પરંતુ ભારતીય સંસ્કૃતિ માં અમુક સંયોગ કે ઘટના ના ચમત્કાર એવા હોય છે કે જ્યાં “આસ્થા અને શ્રદ્ધા” જ સંશોધન બાદ મળે છે. ધર્મ એ આસ્થા અને આત્મવિશ્વાસ ની જોડતી કડી છે એની પાછળ નું રહસ્ય માત્ર ને માત્ર ઈશ્વર પ્રત્યેનું એકત્વ છે. મહાકુંભ એ ઈવેન્ટ નથી એ ચમત્કાર છે જેને જ્યોતિષ શાસ્ત્ર અનુસાર ગ્રહો ના રાશિ ભ્રમણ થી થતો ઈશ્વરીય સંયોગ સમજો. એવું માનવામાં આવે છે કે મહા કુંભના મેળામાં શાહી સ્નાન બાદ સમગ્ર પાપ નાશ પામી ને વ્યક્તિ મોક્ષ ના માર્ગે જાય છે.

પ્રશ્ન એ થાય કે કુંભ સ્નાન વખતે એવું તે શું થાય કે જે અન્ય સમય માં ના થાય? વાત તો સાચી છે.પ્રયાગ તીર્થ માં ત્રિવેણી સંગમ “ગંગાજી,યમુનાજી અને સરસ્વતીજી” નો સંગમ નિયમિત રૂપે થાય છે એટલે કે મહાકુંભમેળા બાદ પણ સંગમ માં સ્નાન થઈ શકતું હોય તો ભીડભાડ માં જઈને શું કામ? આ વાત પાછળ ખાસ રહસ્ય છુપાયેલું છે. ભાગવતજી અનુસાર સમુદ્ર મંથન વખતે દેવો અને દાનવો એ ભેગા મળી ને સાગર નું ખૂબ મંથન કર્યું મંથન દરમિયાન સાગર માંથી જાત ભાત ની ચીજ વસ્તુઓ નીકળી હતી.ઉછેશ્રવા ઘોડો,ઐરાવત હાથી, કલ્પવૃક્ષ,કૌસ્તુભમણિ,લક્ષ્મીજી,વારુની,હળાહળ ઝેર વગેરે નીકળ્યું હતું.લક્ષ્મીજી એ ભગવાન વિષ્ણુ ના ગળા માં વરમાળા પહેરાવી ને એને વરી ગયા, વારૂણી દાનવો એ ગ્રહણ કરી લીધી, હળાહળ ઝેર મહાદેવજી એ ગ્રહણ કર્યું, ઊછેશ્રવા ઘોડો અને ઐરાવત હાથી ઈન્દ્ર એ લઈ લીધો આમ સાગર માંથી જે કંઈ પણ નીકળ્યું એ દેવો દાનવો વહેંચો લીધું. છેલ્લે અમૃત નીકળતા દેવો દાનવો વચ્ચે અમૃત માટે યુદ્ધ થયું,અમૃત નો ઘડો નીકળતા વિષ્ણુ ભગવાન એ એને પોતાની પાસે રાખી ને દેવો દાનવોને સરખે ભાગે વહેંચવા મોહિની રૂપ ધારણ કરીને નીકળ્યા. ભગવાન મોહિની એ પ્રથમ દેવો ને અમૃત આપીને અમર બનાવી દીધા.

રાહુ અને કેતુ મોહિની સ્ત્રીની ચાલાકી સમજી ગયા એટલે ગુપચુપ દેવો ની પંક્તિ માં બેસી ગયા. આ બન્ને પણ દેવો ની માફક અજર અમર બની ગયા. દેવોની રીતસર ની ચાલાકી નિહાળતા દાનવો મોહિની ભગવાન પાસેથી અમૃત નો કુંભ લેવા ઝપાઝપી કરતા હતા ત્યારે ભગવાન ના વાહન ગરુડજી એ અમૃત નું પાત્ર ચાંચમાં લઈને ઊંચે આકાશ માં ઉડવા લાગ્યા. જ્યારે ગરુડ જી ઊંચે આકાશ માં અમૃત કુંભ લઈને ઉડતા હતા ત્યારે ધરતી પર ચાર જગ્યા એ અમૃત ઢોળાયું હતું. આ અમૃત પ્રયાગ રાજ તીર્થ,હરિદ્વાર માં ગંગાજી,નાસિક માં ગોદાવરી જી અને ઉજજૈન માં ક્ષિપ્રા નદી આ ચારેય સ્થળે ગરુડ જી ની ચાંચ માં પકડેલા અમૃત કુંભ નું અમૃત ઢોળાયું હતું. આ કારણો સર ચારેય સ્થળ અત્યંત પવિત્ર અને પાપ માંથી મુક્તિ અપાવતા સ્થળો છે. મહાકુંભ મેળો એ ગ્રહો ના સંયોગ થી યોજાતો હોવાથી મહા કુંભ નું મહત્વ છે.. ચાલો મહા કુંભ બ્રહ્મા, વિષ્ણુ ,મહેશ ના દર્શન કરવા

# ‘તેરા બાપ હિંદુસ્તાન’

## ભારત-પાકિસ્તાન પર અક્ષય-વીરની વોર ફિલ્મ, ‘સ્કાય ફોર્સ’નું ટ્રેલર રિલીઝ; દેશભક્તિની ઝલક છલકાઈ




બોલિવૂડ સ્ટાર અક્ષય કુમાર વર્ષ 2025માં તેની પ્રથમ ફિલ્મ સાથે સ્ક્રીન પર આવવા માટે તૈયાર છે. એક્ટરની ફિલ્મ ‘સ્કાય ફોર્સ’ પ્રજાસત્તાક દિવસના અવસરે 24 જાન્યુઆરી, 2025ના રોજ થિયેટરોમાં રિલીઝ કરવામાં આવશે. આ ફિલ્મ ભારતના પ્રથમ અને સૌથી ઘાતક હવાઈ હુમલાની સ્ટોરી છે. તે 1965ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન પાકિસ્તાનના સરગોધા એરબેઝ પરના જવાબી હુમલાને દર્શાવે છે.

(એજન્સી) મુંબઈ | તા.05

‘સ્કાય ફોર્સ’નું ટ્રેલર રિલીઝ આજે ‘સ્કાય ફોર્સ’નું ટ્રેલર રિલીઝ થયું છે. આ ફિલ્મમાં એક્ટર એરફોર્સ ઓફિસરની ભૂમિકામાં જોવા મળશે. જેમાં અક્ષય કુમારની સાથે જાહ્નવી કપૂરનો રૂમર્ડ બોયફ્રેન્ડ વીર પહાડિયા પણ જોવા મળશે. બંને કલાકારોએ હેલિકોપ્ટરમાં પોતાની જબરદસ્ત એન્ટ્રી કરીને ચાહકોનું દિલ જીતી લીધું છે. ટ્રેલરમાં જબરદસ્ત એક્શન સિક્વન્સ અને ઈમોશનલ ડ્રામા જોવા મળી રહ્યો છે, જે દર્શકોની અપેક્ષાઓ વધારે છે. ‘સ્કાય ફોર્સ’ માત્ર એક્શન અને રોમાંચથી ભરેલી નથી, પરંતુ તે ભારતીય વાયુસેનાની હિંમત અને બહાદુરીને પણ સલામ કરે છે. ફિલ્મના ટ્રેલરને સોશિયલ મીડિયા પર જબરદસ્ત પ્રતિસાદ મળી રહ્યો છે. દર્શકો અને વિવેચકો બંને દ્વારા તેની પ્રશંસા કરવામાં આવી રહી છે. ફિલ્મની સ્ટાર કાસ્ટ મેડૉક ફિલ્મ્સના બેનર હેઠળ અભિષેક, અનિલ કપૂર અને સંદીપ કેવલાની દ્વારા ‘સ્કાય ફોર્સ’નું નિર્દેશન કરવામાં આવ્યું છે. આ ફિલ્મ જિયો સ્ટુડિયો હેઠળ દિનેશ વિજન, અમર કૌશિક અને જ્યોતિ દેશપાંડે દ્વારા બનાવવામાં આવી રહી છે. વીર પહાડિયા આ ફિલ્મથી બોલિવૂડમાં ડેબ્યૂ કરવા જઈ રહ્યો છે. ઉપરાંત એક્ટ્રેસમાં સારા અલી ખાન અને નિમરત કૌર પણ મહત્ત્વની ભૂમિકામાં જોવા મળશે.

અક્ષય કુમારનું વર્કફ્રન્ટ એક્ટર પાસે ફિલ્મોની લાઈન છે. ‘સ્કાય ફોર્સ’ પછી, ‘વેલકમ ટુ ધ જંગલ’, ‘હાઉસફુલ 5’ અને ‘જોલી એલએલબી 3’ જેવી ફિલ્મો પાઈપલાઈનમાં છે. આ સિવાય અક્ષયે ડિસેમ્બર 2024માં જ તેની ફિલ્મ ‘ભૂત બંગલા’નું શૂટિંગ પણ શરૂ કર્યું હતું. આ ફિલ્મ 2 એપ્રિલ, 2026ના રોજ સિનેમાઘરોમાં આવશે.

# ‘ધક ધક ગર્લ’ ‘ફ્લોપ’ એક્ટ્રેસમાંથી બની ‘હિટ’ એક્ટ્રેસ!

## ઈન્દ્ર કુમારે કહ્યું- ઈન્ડસ્ટ્રીના લોકો માધુરીને અનલકી માનતા, ફિલ્મમાં કાસ્ટ પણ તૈયાર નહોતા






(એજન્સી) મુંબઈ | તા.05

ડિરેક્ટર ઈન્દ્ર કુમારે ખુલાસો કર્યો છે કે માધુરી દીક્ષિતની કોઈ પણ ફિલ્મ 80ના દાયકામાં ચાલી ન હતી. તે જે ફિલ્મમાં જોવા મળી તે ફ્લોપ થઈ ગઈ. આ કારણે ઈન્ડસ્ટ્રીના લોકો તેને અભાગી માનવા લાગ્યા. ડિરેક્ટરે તેમને તેમની ફિલ્મોમાં કાસ્ટ કરવામાં અચકાતા હતા. સિદ્ધાર્થ કાનનને આપેલા ઈન્ટરવ્યુમાં ઈન્દ્ર કુમારે કહ્યું - તે સમયે આમિર ખાન પાસે એક જ હિટ ફિલ્મ હતી - ‘કયામત સે કયામત તક’. જ્યારે માધુરીની એક પણ ફિલ્મ હીટ રહી ન હતી. તે અનલકી કહેવાતી. મેં તેમને આમિર ખાન સાથે ફિલ્મ ‘દિલ’માં સાઈન કરી ત્યારે પણ બધુ બરાબર હતું. પણ જ્યારે મેં તેમને ફિલ્મ ‘બેટા’ માટે સાઈન કર્યા ત્યારે બધાએ કહ્યુ- તું પાગલ થઈ ગયો છે. તેમની કોઈ ફિલ્મ ચાલી રહી નથી.

ઈન્દ્ર કુમારે માધુરી પર વિશ્વાસ વ્યક્ત કર્યો હતો તેમણે આગળ કહ્યું - તે સમયે એક ઈન્ટરવ્યુ આવ્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે માધુરી એક ખરાબ એક્ટ્રેસ છે. તે જે પણ ફિલ્મમાં હોય તે ફ્લોપ જાય છે. તેમ છતાં મેં માધુરી સાથે 1988માં ‘બેટા’ અને ‘દિલ’ બંને ફિલ્મોમાં કામ કરવાનું શરૂ કર્યું. મને તેમના પર વિશ્વાસ હતો. મારું ‘દિલ’ કહેતું હતું કે તેમનામાં કંઈક છે, કંઈક ખાસ છે. ‘તેઝાબ’ અને ‘રામ લખન’ની સફળતા બાદ માધુરી હિટ એક્ટ્રેસ બની ઈન્દ્ર કુમારે એમ પણ જણાવ્યું કે બે બ્લોકબસ્ટર હિટ ફિલ્મો ‘તેઝાબ’ અને ‘રામ લખન’ આપ્યા બાદ તેમનું ફ્લોપ ટેગ ગાયબ થઈ ગયું.

### એક્ટર 17 વર્ષ નાની ગર્લફ્રેન્ડને પ્રોટેક્ટ કરતો જોવા મળ્યો

# હ્રિતિક-સબા ન્યૂ યર સેલિબ્રેટ કરીને મુંબઈ પરત ફર્યા



(એજન્સી) મુંબઈ | તા.05

હ્રિતિક રોશને તેની ગર્લફ્રેન્ડ સબા આઝાદ સાથે દુબઈમાં નવું વર્ષ ઉજવ્યું. હવે બંને મુંબઈ પરત ફર્યા છે. આ દરમિયાન તે એરપોર્ટ પર રોમેન્ટિક મૂડમાં જોવા મળ્યો હતો. બંનેનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેને જોઈને ફેન્સ પોતાની પ્રતિક્રિયા આપી રહ્યા છે.

હ્રિતિક અને સબા આજે એટલે કે રવિવારે સવારે મુંબઈ એરપોર્ટ પર જોવા મળ્યા હતા. વીડિયોમાં જોઈ શકાય છે કે હ્રિતિક સબાના ખભા પર હાથ રાખીને ચાલી રહ્યો હતો. આ દરમિયાન એક્ટર સબા આઝાદને પ્રોટેક્ટ કરતા પણ જોવા મળ્યો હતો.

2014માં હ્રિતિક અને સુઝેનના છૂટાછેડા થઈ ગયા હતા હ્રિતિક રોશન અને સુઝેન ખાનના વર્ષ 2014માં છૂટાછેડા થઈ ગયા હતા. પત્નીથી અલગ થયા બાદ હ્રિતિક છેલ્લા બે વર્ષથી સબા આઝાદને ડેટ કરી રહ્યો છે. હ્રિતિક અને સબા વચ્ચે 17 વર્ષનો તફાવત છે.

હૃતિક ‘વોર 2’માં જોવા મળશે ફિલ્મોની વાત કરીએ તો હૃતિક રોશન છેલ્લે દીપિકા પાદુકોણ સાથે ફિલ્મ ‘ફાઈટર’માં જોવા મળ્યો હતો. હાલમાં રિતિક ‘વોર 2’નું શૂટિંગ કરી રહ્યો છે. આમાં તે જુનિયર એનટીઆર સાથે જોવા મળશે. જુનિયર એનટીઆર આ ફિલ્મથી બોલિવૂડમાં ડેબ્યૂ કરશે.

# ગોવિંદા પત્ની સુનીતા સાથે નથી રહેતા?

## એક્ટરની પત્નીએ ખુલાસો કરતા કહ્યું- તેને વાતો કરવી ગમે છે, મને શાંતિ જોઈએ છે



(એજન્સી) મુંબઈ | તા.05

ગોવિંદાની પત્ની સુનીતા આહુજાએ હાલમાં જ એક ઈન્ટરવ્યુમાં ગોવિંદા સાથે જોડાયેલી ઘણી રસપ્રદ વાતો જણાવી હતી. તેણે જણાવ્યું કે જ્યારે તે ગોવિંદાને પહેલીવાર મળી ત્યારે તે ટોમબોય હતી અને તેથી જ ગોવિંદા તેને છોકરો જ માનતો હતો. સુનીતાએ એમ પણ જણાવ્યું કે તે બંને અલગ-અલગ રહે છે.

હિન્દી રશ સાથે વાત કરતાં ગોવિંદાની પત્ની સુનીતાએ કહ્યું, અમારી પાસે બે ઘર છે. અમારા એપાર્ટમેન્ટની સામે એક બંગલો છે. ફ્લેટમાં મારું મંદિર છે અને મારા બાળકો રહે છે. અમે ફ્લેટમાં રહીએ છીએ, જ્યારે તે (ગોવિંદા) તેની મીટિંગ પછી મોડો આવે છે. તેને વાતચીત કરવાનું પસંદ છે, તેથી તે 10 લોકોને ભેગા કરશે અને તેમની સાથે વાતચીત કરશે. જ્યારે હું, મારો પુત્ર અને મારી પુત્રી સાથે રહીએ છીએ. પરંતુ આપણે ઓછી વાત કરીએ છીએ, કારણ કે મને લાગે છે કે જો તમે વધારે બોલો છો તો તમે તમારી શક્તિનો વ્યય કરો છો.

સુનીતાએ એમ પણ કહ્યું કે ગોવિંદા હંમેશા કામ કરે છે અને તેની પાસે રોમાન્સ માટે સમય નથી. એટલા માટે મેં કહ્યું કે, હવેનાં જન્મમાં તમે મારા પતિ ન બનતા. તે વેકેશન પર નથી જતો. હું એક એવી વ્યક્તિ છું જે મારા પતિ સાથે બહાર જઈને શેરીઓમાં પાણીપુરી ખાવા માગે છે. તેણે કામમાં ઘણો સમય પસાર કર્યો. મને એક પણ દાખલો યાદ નથી જ્યારે અમે બંને મૂવી જોવા બહાર ગયા હોય.

સુનીતાએ કહ્યું કે તે ગાવિંદાના કરિયરના પીક દિવસોમાં અફેરની અફવાઓથી પરેશાન ન હતી. તેણે કહ્યું, પહેલાં મને કોઈ વાંધો નહોતો. પરંતુ હવે, જ્યારે તે 60 વર્ષનો છે, ત્યારે મને ડર લાગે છે. જ્યારે તે નાનો હતો, ત્યારે તે એટલું કામ કરતો હતો કે તેની પાસે અફેર માટે સમય નહતો, પરંતુ હવે મને ડર લાગે છે કારણ કે તે ફ્રી બેસે છે, શું કરવું તે જાણતો નથી.

ગોવિંદાએ તેની પત્ની સુનીતા સાથે બે લગ્ન કર્યા છે ગોવિંદા એકમાત્ર એવો એક્ટર છે જેણે લગ્નના 18 વર્ષ બાદ પોતાની પત્ની સુનીતા સાથે સંપૂર્ણ વિધિ-વિધાન સાથે ફરીથી લગ્ન કર્યા. ગોવિંદાની માતા નિર્મલા દેવી ઈચ્છતી હતી કે તે 49 વર્ષની ઉંમરે ફરીથી લગ્ન કરે. પોતાની માતાની ઈચ્છા પૂરી કરવા માટે ગોવિંદાએ બરાબર એ જ કર્યું.

# તૃપ્તિ 'એનિમલ'ને એન્ટી ફેમિનિસ્ટ ફિલ્મ નથી માનતી

## :તેણે કહ્યું- હું ફિલ્મોને ટેગ નથી આપતી, જે રોલ મને ગમે તે જ કરું છું...



(એજન્સી) મુંબઈ | તા.05

તૃપ્તિ ડિમરીએ વર્ષ 2023માં આવેલી ફિલ્મ ’એનિમલ’માં ઝોયાની ભૂમિકા ભજવી હતી, જેણે તેને બોલિવૂડમાં એક અલગ ઓળખ આપી હતી. તાજેતરનાં એક ઈન્ટરવ્યૂ દરમિયાન, તૃપ્તિએ જણાવ્યું કે તેણે ’એનિમલ’ શા માટે કરી, જેને કેટલાક લોકો એન્ટી ફેમિનિસ્ટ ફિલ્મ માને છે. જ્યારે આ પહેલા તેણે ઘણી મજબૂત મહિલાઓના પાત્રો ભજવ્યાં હતાં.

ફિલ્મફેર સાથે વાત કરતાં તૃપ્તિ ડિમરીએ કહ્યું, ’હું ’એનિમલ’ને એન્ટી ફેમિનિસ્ટ ફિલ્મ માનતી નથી. હું ફિલ્મોને આવા ટેગ આપતી નથી. જ્યારે મેં ’બુલબુલ’ અને ’કાલા’ ફિલ્મો કરી ત્યારે મને લાગતું ન હતું કે હું ફેમિનિસ્ટ ફિલ્મ કરી રહી છું. હું માત્ર પાત્રો સાથે જોડાયેલી હતી અને ડિરેક્ટર પર વિશ્વાસ રાખતી હતી અને મને લાગ્યું કે આ કરવું યોગ્ય છે.

તૃપ્તિએ કહ્યું, જ્યારે મને ’એનિમલ’ ઓફર કરવામાં આવી ત્યારે હું સંદીપ સરને મળી ન હતી અને સ્ટોરી વિશે ઘણું સાંભળ્યું હતું. પરંતુ તેણે મારા પાત્ર વિશે જણાવ્યું. મારા માટે ખાસ વાત એ હતી કે અત્યાર સુધી મેં હંમેશા સારા અને પ્રેમાળ પાત્રો ભજવ્યા છે, જેમાં લોકો અંતમાં સહાનુભૂતિ દર્શાવે છે. મને લાગ્યું કે આ એક સારી તક છે જ્યાં હું કંઈક અલગ કરી શકું.

તૃપ્તિએ કહ્યું, સંદીપ સરે મને મારા પાત્ર વિશે એક રસપ્રદ વાત કહી. તે ઈચ્છતા હતા કે મારી આંખોમાં નિર્દોષતા અને દયા દેખાય. પરંતુ મારી અંદર એક ધ્યેય હોવો જોઈએ, જે મારે હાંસલ કરવાનો છે. એ ધ્યેય સુધી કેવી રીતે પહોંચવું એ મારું કામ હતું. મને તે પડકારજનક અને રસપ્રદ લાગ્યું તેથી મેં હા પાડી.

તૃપ્તિના કહેવા પ્રમાણે, ફિલ્મ માટે હા કહેવાનું આ એકમાત્ર કારણ નહોતું. તેના બદલે, દરેક વ્યક્તિ મોટી ફિલ્મ કરવાનું સપનું જુએ છે. તે સમય સુધી તેણે ’બુલબુલ’, ’કાલા’ જેવી ફિલ્મો કરી હતી અને તેને જે ફિલ્મો ઓફર થઈ રહી હતી તે સમાન પ્રકારની હતી. આવી સ્થિતિમાં, તેને લાગ્યું કે આ ખૂબ જ સારી તક છે, તેથી તેણે હા પાડી. આ ફિલ્મોમાં તૃપ્તિ ડિમરી જોવા મળી છે તૃપ્તિ દિમરી ’એનિમલ’, ’કાલા’, ’બુલબુલ’, ’બેડ ન્યૂઝ’ અને ’વિકી વિદ્યા કા વો વાલા’ વીડિયો જેવી ફિલ્મોમાં જોવા મળી છે.

# ‘અનુપમા’ હવે નહીં દેખાય...?

## શો છોડવા પર રૂપાલી ગાંગુલીએ તોડ્યું મૌન, કહ્યું- શોને મારી જરૂર નહીં હોય તો પણ હું મેકર સાથે લડીને તેનો ભાગ રહીશ...

(એજન્સી) મુંબઈ | તા.05

ટીવી શો અનુપમા છેલ્લા કેટલાક સમયથી હેડલાઈન્સમાં છે. દરમિયાન, એવા અહેવાલો આવ્યા હતા કે શોની મુખ્ય એક્ટ્રેસ રૂપાલી ગાંગુલી (અનુપમા) શો છોડી રહી છે. હવે રૂપાલીએ આ અહેવાલોને નકારી કાઢ્યા છે અને કહ્યું છે કે તે અંત સુધી અનુપમાનો ભાગ રહેશે.

રૂપાલીએ કહ્યું, વાહ, લોકો ખરેખર ખૂબ જ કલ્પના કરે છે. પરંતુ મારા અને શો વિશે વાત કરવા બદલ આભાર. હું શું કહું? મારા પતિ અને હું બંને માનીએ છીએ કે રાજનજીએ મને એક અલગ ઓળખ, પ્લેટફોર્મ અને સ્થાન આપ્યું છે. હું તેને આ જીવનમાં ક્યારેય ચૂકવી શકીશ નહીં.

રૂપાલીએ વધુમાં કહ્યું કે, ‘અનુપમા’ મારા માટે માત્ર એક શો નથી, પરંતુ તે મારા માટે એક લાગણી છે. આ મારું ઘર છે, મારું બીજું ઘર છે, મારા બધા બાળકો અહીં છે, અને આખું યુનિટ એક પરિવાર જેવું બની ગયું છે. તો શું કોઈ પોતાનો પરિવાર, પોતાનું ઘર છોડી શકે ખરા? અને ભગવાન ના કરે, જીવનમાં આવું ક્યારેય થાય. રૂપાલીના જણાવ્યા મુજબ, જો રાજનજી ક્યારેય કહે કે તેને હવે જરૂર નથી, તો તે તેની સાથે લડી શકે છે, અથવા તેની સાથે દલીલ કરી શકે છે અને કહી શકે છે - પ્લીઝ અનુપમામાં રહેવા દો. ગમે તેટલી મુશ્કેલીઓનો સામનો કરવો પડે, હું અંત સુધી આ શો છોડીશ નહીં.

આ મામલે નિર્માતા દીપા શાહી અને રાજન શાહીએ પોતાની પ્રતિક્રિયા આપી છે. તેણે કહ્યું, ‘અમે સ્પષ્ટ કરવા માગીએ છીએ કે આ અફવાઓમાં કોઈ સત્ય નથી. ‘અનુપમા’ હંમેશા એક એવો શો રહ્યો છે જે વાસ્તવિક લાગણીઓ અને સંબંધોને દર્શાવે છે, અને તેની સફળતા અમારા અદ્ભુત કલાકારો અને ક્રૂની સખત મહેનત તેમજ અમારા પ્રેક્ષકોના પ્રેમ અને સમર્થનને કારણે છે.

અમે સમજીએ છીએ કે આ શો અમારા દર્શકો માટે કેટલો ખાસ છે અને અમે ઈચ્છીએ છીએ કે તમે હંમેશા અમારી સાથે રહો. જો ક્યારેય કોઈ મોટી વાત કહેવા જેવી હશે, તો અમે તમને સીધી માહિતી આપીશું.

# ‘સલમાન ખાને પરાણે દારૂ પીવડાવવાનો પ્રયાસ કર્યો હતો’

## સોનુ સૂદે કહ્યું- 4 વર્ષથી રોટલી ખાધી નથી, ક્યારેય દારૂ પણ નથી પીધો; હું હેલ્ધી ડાયટ લઉં છું



(એજન્સી) મુંબઈ | તા.05

એક્ટર સોનુ સૂદે તાજેતરમાં ખુલાસો કર્યો છે કે તેણે લગભગ 4 વર્ષથી રોટલી ખાધી નથી. સોનુએ એ પણ જણાવ્યું કે તેણે આજ સુધી દારૂ પીધો નથી. એકવાર સલમાન ખાને તેને ચાલાકીથી દારૂ પીવડાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેણે પીધો નહોતો.

જિસ્ટને આપેલા એક ઈન્ટરવ્યૂમાં સોનુ સૂદે પોતાના ડાયટ વિશે વાત કરતા કહ્યું- હું વેજિટેરિયન છું. મારું ડાયટ ખૂબ કંટાળાજનક છે. જ્યારે પણ કોઈ મારા ઘરે આવે છે, ત્યારે તે કહે છે કે હોસ્પિટલ જેવું ખાવાનું લાગે છે. હું તેમને કહું છું કે આ જ મારી થાળી છે. તમે લોકો જે ઈચ્છો તે ખાઓ. મારા સિવાય બધા નોન-વેજ ખાય છે. દરેક માટે સારું ભોજન તૈયાર કરવામાં આવે છે. અમારી પાસે સૌથી સારા કુક છે.

સોનુએ 4 વર્ષથી રોટલી ખાધી નથી તેણે આગળ કહ્યું- હું ખૂબ જ સિમ્પલ ખાવાનું ખાઉં છું. મને જે મળે તે ખાઈ લઉં છું. ખાવામાં વધારે નખરા નથી કરતો. છેલ્લા 4 વર્ષથી મેં રોટલી ખાધી નથી. જોકે હું ક્યારેક ક્યારેક મકાઈની રોટલી ખાઉં છું. હું નાસ્તામાં આમલેટ, સલાડ, એવોકાડો કે પપૈયા ખાઉં છું. બપોરે હું એક નાની વાટકી દાળ અને ભાત ખાઉં છું. પણ હા હું હેલ્ધી ડાયટ લઉં છું.

‘સલમાને દારૂ પીવડાવવાનો પ્રયાસ કર્યો હતો’ સોનુ સૂદે એ પણ જણાવ્યું કે તેણે ક્યારેય દારૂ પીધો નથી. તેણે કહ્યું- હું બિલકુલ પીતો નથી. ઘણા કો-એક્ટરે મને દારૂ પીવડાવવાનો પ્રયાસ કર્યો છે. ઘણા લોકોએ મારા સામાન્ય પીણાંમાં આલ્કોહોલ ભેળવવાનો પ્રયાસ કર્યો છે. સલમાન ભાઈને મને ડ્રિંક પીવડાવવાનો ખૂબ જ શોખ હતો. તે કહેતો - એક કામ કર, તેના રેડ બુલમાં દારૂ મિક્સ કરી દો. પછી તે મને ગ્લાસ આપતા અને જોતા રહેતા કે હું પી રહ્યો છું કે નહીં. પણ હું ચોરીછૂપીથી ગ્લાસને બદલાવી દેતો. જ્યારે કોઈ વ્યક્તિ દારૂ પીવાનો શોખીન હોય છે, ત્યારે તે ઈચ્છે છે કે અન્ય લોકો પણ પીવે, જે સારું છે. પરંતુ મેં ક્યારેય પીધું નથી, મને તે કરવાનું મન થયું નથી.



સોનુ ફિલ્મ ‘ફતેહ’ દ્વારા દિગ્દર્શક તરીકે ડેબ્યૂ કરી રહ્યો છે એક્ટર સોનુ સૂદ આગામી ફિલ્મ ‘ફતેહ’ દ્વારા ડિરેક્શનમાં ડેબ્યૂ કરવા જઈ રહ્યો છે. તેણે ફિલ્મની સ્ટોરી પણ લખી છે. સોનુ પણ લીડ રોલમાં જોવા મળશે. આ ફિલ્મ 10 જાન્યુઆરી, 2025ના રોજ રિલીઝ થશે.

# IND vs AUS: બોર્ડર ગાવસ્કર ટ્રોફીમાં હાર અપાવનાર આ 5 ગુનેગાર

**ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર ગાવસ્કર ટ્રોફીની છેલ્લી મેચ સિડનીમાં રમાઈ હતી. ઓસ્ટ્રેલિયાએ આ મેચ 6 વિકેટથી જીતીને સિરીઝ 3-1થી કબજે કરી લીધી હતી. આ સિરીઝમાં ટીમ ઈન્ડિયાના પાંચ ખેલાડીઓ એવા હતા જેમનું પ્રદર્શન ખૂબ જ ખરાબ રહ્યું હતું. જ્યારે પણ ટીમને આ ખેલાડીઓ પાસેથી સારા પ્રદર્શનની અપેક્ષા હતી ત્યારે આ ખેલાડીઓએ દરેક વખતે નિરાશ કર્યા હતા.**

## વિરાટ કોહલી




ટીમ ઈન્ડિયાના સૌથી સિનિયર ખેલાડી વિરાટ કોહલીને ભારતીય બેટિંગની મહત્વની કડી માનવામાં આવે છે, પરંતુ કોહલીએ આ શ્રેણીમાં ઘણી નિરાશ કરી. કોહલીએ પર્થ ટેસ્ટની બીજી ઈનિંગમાં સદી ફટકારી હતી, પરંતુ ત્યારપછી દરેક વખતે આ જ ભૂલ કરીને કોહલી આઉટ થયો હતો. પૂર્વ દિગ્ગજોએ પણ કોહલીના આ ખરાબ પ્રદર્શનની નિંદા કરી હતી, પરંતુ કોહલીએ પોતાની ભૂલમાંથી કંઈ શીખ્યું નથી. કોહલીએ સિડની ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં 17 રન અને બીજી ઈનિંગમાં માત્ર 6 રન બનાવ્યા હતા.

## રોહિત શર્મા




કેપ્ટન રોહિત શર્મા માટે આ પ્રવાસ ઘણો ખરાબ રહ્યો છે. જેના કારણે તેણે પોતાને સિડની ટેસ્ટથી દૂર રાખવો પડ્યો હતો. રોહિત પ્રથમ મેચ રમી શક્યો ન હતો, પરંતુ બીજી મેચમાં તેણે વાપસી કરી હતી. રોહિત આખી સિરીઝમાં ફ્લોપ સાબિત થયો હતો. આ શ્રેણીમાં તેના બેટમાંથી એક પણ અડધી સદી જોવા મળી નથી

## શુભમન ગિલ




ટીમ ઈન્ડિયાના યુવા બેટ્સમેન ગિલ આ સિરીઝમાં ત્રણ મેચ રમ્યા હતા, પરંતુ એક પણ મેચમાં તેના બેટથી સારી ઈનિંગ જોવા મળી ન હતી. ગિલ આ શ્રેણીમાં એક પણ અડધી સદી ફટકારી શક્યો નથી. સિડની ટેસ્ટમાં રોહિતની જગ્યાએ ગિલને રમવાની તક મળી હતી, પરંતુ મેચની પ્રથમ ઈનિંગમાં ગિલે માત્ર 20 રન અને બીજી ઈનિંગમાં માત્ર 13 રન બનાવ્યા હતા.

## કેએલ રાહુલ




કેએલ રાહુલે પર્થ ટેસ્ટમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું, ત્યારબાદ રાહુલ આગામી મેચમાં પણ ઓપનિંગ કરતો જોવા મળ્યો હતો. રાહુલે શ્રેણીની બાકીની ચાર મેચોમાં ઘણી નિરાશ કરી હતી. સિડની ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં રાહુલે માત્ર 4 રન બનાવ્યા હતા જ્યારે બીજી ઈનિંગમાં કેએલએ 13 રન બનાવ્યા હતા.

## મોહમ્મદ સિરાજ



આ શ્રેણીમાં મોહમ્મદ સિરાજનું પ્રદર્શન કંઈ ખાસ નહોતું. જસપ્રીત બુમરાહ સિવાય આ શ્રેણીમાં અન્ય કોઈ ઝડપી બોલર પોતાની છાપ છોડી શક્યો નથી. સિરાજે સિડની ટેસ્ટમાં ચોક્કસપણે સારી બોલિંગ કરી હતી પરંતુ જો આખી સિરીઝમાં તેના પ્રદર્શન પર નજર કરીએ તો તે કંઈ ખાસ નહોતું. સિરાજે સિડની ટેસ્ટમાં 4 વિકેટ લીધી હતી.

# 'રોહિત શર્માએ ટીમને...' હિટમેનને લઈને ગૌતમ ગંભીરનું મોટું નિવેદન


(એજન્સી) મુંબઈ | તા 05

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર ગાવસ્કર ટ્રોફી પૂર્ણ થઈ ગઈ છે. સિરીઝની છેલ્લી મેચ સિડનીમાં રમાઈ હતી. ઓસ્ટ્રેલિયાએ આ મેચ 6 વિકેટથી જીતીને સિરીઝ 3-1થી જીતી લીધી હતી. રોહિત શર્માએ પોતાને સિડની ટેસ્ટમાંથી બહાર રાખવાનો નિર્ણય લીધો હતો કારણ કે તે આખી શ્રેણીમાં રન બનાવી શક્યો ન હતો. જે બાદ રોહિતે પોતાને બહાર રાખ્યો અને શુભમન ગિલને સિડની ટેસ્ટમાં રમવાની તક આપી ગચીય હવે ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે રોહિતના આ નિર્ણયને લઈને મોટું નિવેદન આપ્યું છે. સિડની ટેસ્ટ પછી મુખ્ય કોચ ગૌતમ ગંભીરે કહ્યું કે રિપોર્ટ લખતી વખતે વધુ સંવેદનશીલતા રાખવામાં આવી શકતી હતી. જ્યારે કોઈ કેપ્ટન આવો નિર્ણય લે છે ત્યારે મને નથી લાગતું કે તે ખોટુ છે. મને લાગે છે કે દરેક વ્યક્તિએ ટીમને પ્રથમ સ્થાન આપવું જોઈએ અને રોહિતે પણ




એવું જ કર્યું. ગૌતમ ગંભીરનું માનવું છે કે રોહિતે ટીમને પોતાની પહેલા મૂકી અને દરેકે તેના નિર્ણયનું સન્માન કરવું જોઈએ. મહત્વનું છે કે આ બોર્ડર ગાવસ્કર ટ્રોફીમાં કેપ્ટન રોહિત શર્માનું પ્રદર્શન ઘણું ખરાબ રહ્યું હતું. દરેક મેચમાં રોહિત રન બનાવવા માટે તડપતો જોવા મળ્યો હતો. રોહિત પર્થ ટેસ્ટ રમી શક્યો ન હતો, પરંતુ એડિલેડ ટેસ્ટમાં પુનરાગમન કર્યું હતું. રોહિત એડિલેડમાં છઠ્ઠા નંબર પર બેટિંગ કરતો જોવા મળ્યો હતો. રોહિતે આ મેચની પ્રથમ ઈનિંગમાં માત્ર 3 રન અને બીજી ઈનિંગમાં માત્ર 6 રન બનાવ્યા હતા. આ પછી તેણે ગાબા ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં 10 અને બીજી ઈનિંગમાં બેટિંગ કરવાની તક મળી ન હતી. આ પછી રોહિત મેલબોર્ન ટેસ્ટમાં ઓપનિંગ કરતો જોવા મળ્યો હતો, પરંતુ રોહિત ઓપનિંગમાં પણ નિષ્ફળ ગયો હતો. રોહિતે મેલબોર્ન ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં 3 રન અને બીજી ઈનિંગમાં 9 રન બનાવ્યા હતા. આ સિરીઝમાં રોહિતનો સર્વશ્રેષ્ઠ સ્કોર માત્ર 10 રન હતો. આ જ કારણ હતું કે રોહિતે પોતાને સિડની ટેસ્ટથી દૂર રાખવાનો નિર્ણય લીધો હતો.

# ટીમ ઈન્ડિયાનું સપનું રોળાયુ, સિડનીમાં મળી શરમજનક હાર




(એજન્સી) મુંબઈ | તા 05

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર-ગાવસ્કર ટ્રોફી (BGT) 2024-25ની પાંચમી અને અંતિમ મેચ સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાઈ હતી. આ મેચમાં ભારતીય ટીમને 6 વિકેટથી હારનો સામનો કરવો પડ્યો હતો. ઓસ્ટ્રેલિયાની ટીમને જીતવા માટે 162 રનનો ટાર્ગેટ હતો, જે તેણે રમતના ત્રીજા દિવસ (5 જાન્યુઆરી)ના બીજા સત્રમાં હાંસલ કર્યો હતો. આ જીત સાથે ઓસ્ટ્રેલિયાએ પાંચ મેચની ટેસ્ટ શ્રેણી 3-1થી કબજે કરી લીધી છે. ઓસ્ટ્રેલિયાએ 9 વર્ષ બાદ ભારત સામે ટેસ્ટ શ્રેણી જીતી છે. આ સિરીઝ જીતવાની સાથે જ કાંગારુ ટીમે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)ની ફાઈનલમાં પણ એન્ટ્રી લીધી હતી. હવે WTC ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાનો મુકાબલો દક્ષિણ આફ્રિકા સામે થશે. WTCના વર્તમાન ચક્રની ફાઈનલ આગામી વર્ષે 11-15 જૂન દરમિયાન ક્રિકેટ લોર્ડ્સના મક્કા ખાતે રમાશે. ભારતીય ટીમ સતત બે ફાઈનલ રમી હતી, જ્યાં તેને પહેલા ન્યુઝીલેન્ડ અને પછી ઓસ્ટ્રેલિયા સામે હારનો સામનો કરવો પડ્યો હતો. હવે ભારતીય ટીમનું ત્રીજી વખત WTC ફાઈનલમાં પહોંચવાનું સપનું ચકનાચૂર થઈ ગયું છે.

## બોર્ડર ગાવસ્કર ટ્રોફી પર ઓસ્ટ્રેલિયાનો કબ્જો

સિડની ટેસ્ટમાં ભારતીય ટીમનો બીજો દાવ 157 રનમાં સમેટાઈ ગયો હતો. આ મેચમાં ભારતીય ટીમે તેની પ્રથમ ઈનિંગમાં 185 રન બનાવ્યા હતા. જવાબમાં ઓસ્ટ્રેલિયાનો પ્રથમ દાવ પણ 181 રનમાં સમેટાઈ ગયો હતો. એટલે કે પ્રથમ દાવના આધારે ભારતને ચાર રનની લીડ મળી છે. ભારતે પર્થમાં પ્રથમ ટેસ્ટ મેચ 295 રને જીતી લીધી હતી. ત્યારબાદ ઓસ્ટ્રેલિયાએ એડિલેડ ટેસ્ટ 10 વિકેટે જીતી હતી. આ પછી બ્રિસબેન ટેસ્ટ ડ્રો રહી હતી. જ્યારે ઓસ્ટ્રેલિયાએ મેલબોર્ન ટેસ્ટ 184 રને જીતી હતી.

# બેલિંઘમની લેટ સ્ટ્રાઈકના રિયલ મેડ્રિડની વેલેન્સિયા પર રોમાંચક જીત

(એજન્સી) મુંબઈ | તા 05

લા લીગા ફુટબોલ ટૂર્નામેન્ટમાં રિયલ મેડ્રિડે વેલેન્સિયા સામે 2-1થી નાટકીય જીત મેળવી હતી. ટ્વિસ્ટ્સ અને ટર્ન્સથી ભરપૂર મેચમાં મળેલી જીતથી રિયલ મેડ્રિડને ભારે રાહત થઈ હતી. મેચમાં એક પેનલ્ટી મિસ થઈ હતી તો ખેલાડીને રેડ કાર્ડ પણ મળ્યું હતું. રિયલ મેડ્રિડના ખેલાડી જ્યૂડ બેલિંઘમે મેચમાં પેનલ્ટી પર ગોલ કરવાની તક ગુમાવી હતી પરંતુ ટીમ માટે અંતે તેણે જ નિર્ણાયક ગોલ કર્યો હતો. વિનિસિયસ જૂનિયરને મચમાં રેડ કાર્ડ મળ્યુ હતું જે કારણે માત્ર 10 ખેલાડીઓ સાથે રમી રહેલી રિયલ મેડ્રિડની ટીમે તે બાદ પણ શાનદાર પ્રદર્શન કરીને મેચ જીતવામાં સફળ રહી હતી. આ વિજયની સાથે જ 2019 બાદ રિયલ મેડ્રિડ સતત પરાજયથી બચવામાં સફળ રહ્યું હતું. હાલ રિયલ મેડ્રિડના 43 પોઈન્ટ છે અને તે એટલેટિકોથી બે પોઈન્ટ આગળ છે, જોકે તેમણે એક મેચ વધારે પણ રમી છે. વેલેન્સિયાના મેસ્ટાલ્લા સ્ટેડિયમમાં રમાયેલી પોઈન્ટ ટેબલમાં નીચેથી બીજી અને ઉપરથી બીજા સ્થાને રહેલી ટીમો વચ્ચેની મેચમાં સંઘર્ષરત વેલેન્સિયાની ટીમે 27મી મિનિટમાં ગોલ કર્યો હતો. હ્યુગો ડુરોએ ટીમને આ સફળતા અપાવી હતી. જે બાદ રિયલ મેડ્રિડે પોતાની તીવ્રતા બીજા હાફમાં વધારી હતી અને મેચની પંચાવનમી મિનિટમાં કિલિયન મબાપેએ પેનલ્ટી મેળવી હતી પરંતુ બેલિંઘમ તેને ગોલમાં પરિવર્તિત કરી શક્યો નહોતો. 79મી મિનિટમાં વિનિસિયસ જૂનિયરને રેડ કાર્ડ બતાવાયું હતું. ક્રોએશિયાના કાર્લોએ મેડ્રિડ માટે બરાબરી કરતો ગોલ કર્યો હતો મેચની અંતિમ વ્હીસલ પહેલા બેલિંઘમે ગોલ ફટકારીને ટીમને જીત અપાવી હતી.

# રિકલ્ટનની બેવડી સદીના જોરે સા. આફ્રિકાના 615 રન

પાકિસ્તાન અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની ટેસ્ટ સિરીઝની બીજી મેચમાં દક્ષિણ આફ્રિકાએ ઓપનર રેયાન રિકલ્ટનની બેવડી સદી (259) તેમજ સુકાની ટેન્ડા બાવુમા (106) અને કાઈલ વેરીન (100)ની શતકીય ઈનિંગના જોરે પોતાના પહેલા દાવમાં પાકિસ્તાન સામે 615 રનનો તોતિંગ સ્કોર ઊભો કર્યો હતો. રિકલ્ટન, બાવુમા અને કાઈલ ઉપરાંત દક્ષિણ આફ્રિકાના માર્કો યાનસેને પણ 62 રનની આક્રમક ઈનિંગ રમીને પાકિસ્તાની બોલર્સને મેદાનની ચારેય તરફ ફટકાર્યા હતા. યાનસેને 54 બોલની પોતાની ઈનંગમાં આઠ બાઉન્ડ્રી અને 3 સિક્સર ફટકારી હતી જ્યારે કેશવ મહારાજે ચાર બાઉન્ડ્રી અને બે સિક્સરની મદદથી 35 બોલમાં 40 રન ફટકાર્યા હતા. વેરીને પોતાની શતકીય ઈનિંગમાં 9 બાઉન્ડ્રી અને પાંચ સિક્સર જ્યારે બાવુમાંએ 9 બાઉન્ડ્રી અને બે સિક્સર ફટકારી હતી. રિકલ્ટને પોતાની બેવડી સદીની ઈનિંગમાં 343 બોલ રમીને 29 બાઉન્ડ્રી તેમજ 3 સિક્સર ફટકારી હતી. પાકિસ્તાન વતી મોહમ્મદ અબ્બાસ અને સલમાન આગાએ સૌથી વધારે 3-3 વિકેટ ખેરવી હતી.

# સૌરવ ગાંગુલીની પુત્રી સના ગાંગુલીની કારને અકસ્માત



(એજન્સી) મુંબઈ | તા 05

ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીની પુત્રી સના ગાંગુલી શુક્રવારે સાંજે કોલકાતામાં એક માર્ગ અકસ્માતમાંથી બચી ગઈ હતી. પ્રાપ્ત અહેવાલ મુજબ, તેમની કારને બેહાલા ચોરાસ્તા વિસ્તારમાં કોલકાતા-રાયચક રોડ પર બસે પાછળથી અથડાઈ હતી. ડાયમંડ હાર્બર રોડની ઠાકુરપુકુર લેન પર સાંજે લગભગ 6.30 વાગ્યે આ અકસ્માત થયો હતો. સનાની કારને બસે ટક્કર મારતા મામૂલી નુકસાન થયું છે અને તે સંપૂર્ણપણે સુરક્ષિત છે. અકસ્માત સમયે સના કારની અંદર હતી અને તેના ડ્રાઈવરે ડહાપણ બતાવીને ચાલતી બસનો પીછો કર્યો હતો. બસને સાઢાર બજાર પાસે રોકી દેવામાં આવી હતી. સના ગાંગુલીએ સતર્કતા બતાવી અને તરત જ પોલીસને જાણ કરી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી બસ ચાલકને કસ્ટડીમાં લીધો હતો. જોકે આ મામલે ગાંગુલી પરિવાર દ્વારા કોઈ ઔપચારિક ફરિયાદ નોંધાવવામાં આવી નથી. સના ગાંગુલી સૌરવ ગાંગુલી અને ડોના ગાંગુલીની એકમાત્ર પુત્રી છે. તેમણે કોલકાતાના લોરેટો હાઉસમાંથી શાળાનો અભ્યાસ પૂર્ણ કર્યો અને યુનિવર્સિટી કોલેજ લંડનમાંથી અર્થશાસ્ત્રમાં ડિગ્રી મેળવી. હાલમાં, સના લંડન સ્થિત કન્સલ્ટિંગ ફર્મ Inoverve માં સલાહકાર તરીકે કામ કરી રહી છે. આ પહેલા, તેણીએ Enactus જેવી સામાજિક સાહસિકતા સંસ્થાઓમાં પૂર્ણ-સમય કામ કર્યું છે. સના ગાંગુલી સામાજિક મુદ્દાઓ પર પણ સક્રિય છે. ઓગસ્ટ 2023માં, તે તેના માતા-પિતા સાથે કોલકાતાના રેપ ઘટનામાં કેન્ડલ માર્ચમાં ગઈ હતી.

# સીરીઝ હાર્યા બાદ પણ બુમરાહે જીત્યો મોટો એવોર્ડ

(એજન્સી) મુંબઈ | તા 05

ટીમ ઈન્ડિયાને બોર્ડર-ગાવસ્કર ટ્રોફી 2024-25માં 1-3થી હાર મળી છે. સીરિઝની પહેલી મેચ જીત્યા બાદ પણ ટીમ ઈન્ડિયા રિટેન કરી શકી નહિ. પરંતુ ભારતીય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ માટે આ સીરિઝ ખુબ ખાસ રહી છે. તેમણે દરેક મેચમાં શાનદાર પ્રદર્શન કર્યું છે અને સૌથી વધારે વિકેટ પણ લીધી છે. પરંતુ અન્ય ખેલાડીઓએ તેને સાથ આપ્યો નહિ. ભલે ટીમ ઈન્ડિયા આ સીરિઝ હારી ગઈ હોય પરંતુ સીરિઝનો સૌથી મોટો એવોર્ડ બુમરાહને મળ્યો છે. એટલે કે, તેના પ્રદર્શન માટે તેને પ્લેયર ઓફ ધ સીરિઝ તરીકે પસંદ કરવામાં આવ્યો છે. જસપ્રીત બુમરાહ આ સીરિઝમાં સૌથી સફળ બોલર રહ્યો છે.તેમણે 5 મેચમાં કુલ 32 વિકેટ લીધી છે. આ સીરિઝમાં, બુમરાહે ત્રણ વખત



એક ઈનિંગમાં 5 વિકેટ લેવાની સિદ્ધિ હાંસલ કરી હતી અને બુમરાહ સિવાય, બોર્ડર-ગાવસ્કર ટ્રોફી 2024-25માં કોઈપણ બોલર 25 વિકેટનો આંકડો પાર કરી શક્યો ન હતો. પેટ કમિન્સ 25 વિકેટની સાથે આ સીરિઝમાં બીજો સૌથી વધારે વિકેટ લેનાર બોલર બન્યો છે. જસપ્રીત બુમરાહ ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ તેના ઘરમાં એક ટેસ્ટ સિરિઝમાં સૌથી વધારે વિકેટ લેનાર ભારતીય બોલર બન્યો છે. તેમણે બિશન સિંહ બેદીનો 47 વર્ષ જૂનો રેકોર્ડ તોડી નાંખ્યો છે. બેદીએ વર્ષ 1977-78માં ઓસ્ટ્રેલિયામાં એક ટેસ્ટ સીરિઝમાં 31 વિકેટ લીધી હતી. આવું પહેલી વખત થયું છે.જ્યારે કોઈ ભારતીય બોલરે તેના ઘરની બહાર એક ટેસ્ટ વિકેટમાં આટલી વિકેટ લીધી છે. આ સાથે જસપ્રીત બુમરાહે એક બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં સૌથી વધારે વિકેટ લેવા મામલે ભારતીય રેકોર્ડની બરાબરી કરી લીધી છે.આ સિરીઝ દરમિયાન, બુમરાહ એશિયન ખેલાડી તરીકે સૌથી વધુ 5 વિકેટ ઝડપનાર SENA દેશોમાં ત્રીજો બોલર પણ બન્યો.

# દેવજીત સૈકિયા BCCIના સેક્રેટરી બની શકે



(એજન્સી) મુંબઈ | તા 05

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના વચગાળાના સેક્રેટરી દેવજીત સૈકિયા બોર્ડના આગામી સેક્રેટરી હશે. તેમણે સેક્રેટરી પદ માટે ઉમેદવારી નોંધાવી છે. નામાંકન માટેની છેલ્લી તારીખ 4 જાન્યુઆરી હતી, તેમના સિવાય અન્ય કોઈએ ઉમેદવારી ફોર્મ ભર્યું ન હતું. BCCIમાં સેક્રેટરી અને ટ્રેઝરરના પદ માટે 12 જાન્યુઆરીએ પેટાચૂંટણી યોજાશે. અન્ય કોઈ ઉમેદવાર ન હોવાથી સૈકિયા સેક્રેટરી પદ પર ચાલુ રહેશે. તેમણે ડિસેમ્બરમાં જય શાહ પાસેથી પદભાર સંભાળ્યો હતો, જેઓ હવે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)ના અધ્યક્ષ બન્યા છે. BCCIના ટ્રેઝરર (ખજાનચી) પદ માટે માત્ર એક જ નામાંકન દાખલ કરવામાં આવ્યું હતું. પ્રભતેજસિંહ ભાટિયાએ આ પદ માટે ઉમેદવારી નોંધાવી હતી, આથી પેટાચૂંટણીમાં તેઓ પણ બિનહરીફ ચૂંટાશે તે નિશ્ચિત છે. 4 જાન્યુઆરીએ સાંજે 5 વાગ્યા સુધીમાં નામાંકન ભરવાના હતા. 6 જાન્યુઆરી સુધી નામાંકનની ચકાસણી થશે, ત્યારબાદ 12 જાન્યુઆરીએ ચૂંટણી યોજાશે. BCCIએ હજુ સુધી પેટાચૂંટણી યોજવા માટે સત્તાવાર મંજૂરી લીધી નથી. જોકે 12મી જાન્યુઆરીએ જ બોર્ડની ખાસ સામાન્ય સભા છે. BCCI પેટાચૂંટણી માટે ચૂંટણી પંચના ભૂતપૂર્વ વડા એ.કે. જ્યોતિ ચૂંટણી અધિકારી છે. તેઓ ચૂંટણીનું સંચાલન કરશે. દેવજીત સૈકિયાને 6 ડિસેમ્બરે જ BCCIના વચગાળાના સેક્રેટરી બનાવ્યા હતા. તેઓ આસામ ક્રિકેટ એસોસિયેશનના સભ્ય છે. જેમણે જય શાહનું સ્થાન લીધું.

# એક દાયકા બાદ ભારતે ગુમાવી બોર્ડર-ગાવસ્કર ટ્રોફી, ઓસ્ટ્રેલિયા આ શ્રેણી 1-3થી જીત્યું

(એજન્સી) મુંબઈ | તા 05

બોર્ડર-ગાવસ્કર ટ્રોફી 2024-25ની છેલ્લી મેચમાં ટીમ ભારતને હારનો સામનો કરવો પડ્યો છે. આ હાર સાથે ભારતીય ટીમે શ્રેણી 1-3થી ગુમાવી દીધી. ઓસ્ટ્રેલિયાએ 10 વર્ષ પછી બોર્ડર-ગાવસ્કર ટ્રોફી જીતી છે. આ પહેલા તે સતત 4 સિરીઝમાં હારી ગયુ હતુ. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર-ગાવસ્કર ટ્રોફી 2024-25ની છેલ્લી મેચ સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાઈ હતી. આ મેચમાં ઓસ્ટ્રેલિયાએ ટીમ ઈન્ડિયા સામે એકતરફી જીત મેળવી. આ સાથે ભારતીય ટીમ આ શ્રેણી 1-3થી હારી ગઈ છે. જણાવી દઈએ કે, ટીમ ઈન્ડિયાએ 5 મેચની સિરીઝની શરૂઆત જીત સાથે કરી હતી. પરંતુ આ પછી ભારતીય ટીમ એક પણ મેચ જીતી શકી ન હતી, જેના કારણે તેને શ્રેણીમાં હારનો સામનો કરવો પડ્યો અને ઓસ્ટ્રેલિયાની લાંબી રાહનો અંત આવ્યો છે. ટીમ ઈન્ડિયા માટે આ હાર ખૂબ જ દુઃખદાયક છે. ભારતીય ટીમ 10 વર્ષ બાદ બોર્ડર-ગાવસ્કર ટ્રોફી હારી છે. આ પહેલા ટીમ ઈન્ડિયા 2014-15 બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં હારી ગઈ હતી, જ્યારે ઓસ્ટ્રેલિયા 2-0થી જીત્યું હતું. આ પછી બંને ટીમો વચ્ચે 4 સિરીઝ રમાઈ અને દરેક વખતે ટીમ ઈન્ડિયા જીતી, જેમાંથી તેણે ઓસ્ટ્રેલિયાને તેના જ ઘરમાં બે વખત હરાવ્યું. પરંતુ આ વખતે ભારતીય ટીમ આ સિદ્ધિનું પુનરાવર્તન કરી શકી નથી, જેના કારણે ઓસ્ટ્રેલિયાએ એક દાયકા પછી બોર્ડર-ગાવસ્કર ટ્રોફી જીતી લીધી. ભારતીય બોલરોએ પ્રથમ દાવમાં સારી બોલિંગ કરી હતી, જેના કારણે ટીમને 4 રનની લીડ મળી હતી. પરંતુ બીજા દાવમાં પણ ભારતીય બેટ્સમેનો ફ્લોપ રહ્યા હતા. આ વખતે પણ માત્ર ઋષભ પંતનું બેટ કામ કરતું હતું. રિષભ પંતે 33 બોલમાં 61 રનની ઝડપી ઈનિંગ રમી હતી, પરંતુ આ પછી પણ ભારતીય ટીમ માત્ર 157 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી અને ઓસ્ટ્રેલિયાને 162 રનનો ટાર્ગેટ આપ્યો હતો.

## શ્વાસ લેવામાં તકલીફ, ફ્લૂ-કોરોના જેવાં લક્ષણો, ભારત પણ સતર્ક...

# ચીનમાં HMPV વાઈરસે કહેર મચાવ્યો : વધુ એક મહામારીનું સંકટ

(એજન્સી) ચીન | તા 05

વિશ્વભરમાં 70 લાખથી વધુ લોકોના મોતનો કારણ બનેલો જીવલેણ કોવિડ -19 મહામારી ફાટી નીકળ્યાનાં પાંચ વર્ષ પછી, ચીનમાં વધુ એક વાઈરસે કહેર મચાવ્યો છે. તેને હ્યુમન મેટાપ્યુમોવાયરસ અથવા HMPV કહેવામાં આવે છે. આ વાઈરસથી સંક્રમિત દર્દીઓમાં શ્વાસ લેવામાં તકલીફ અને ફ્લૂ જેવાં લક્ષણો જોવા મળે છે. ચીનમાં HMPV વાઈરસનું સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યું છે અને મોટાભાગે બાળકો અને વૃદ્ધો તેની ઝપેટમાં આવી રહ્યાં છે.

આનાથી કોવિડ-19 પછીના બીજા સ્વાસ્થ્ય સંકટની ગંભીર ચિંતા ઊભી થઈ છે, જેના કારણે પડોશી દેશોને પરિસ્થિતિ પર નજીકથી નજર રાખવા મજબૂર કર્યા છે. ગયા મહિને ચીને ન્યુમોનિયા સહિત શિયાળાના રોગો માટે મોનિટરિંગ સિસ્ટમ શરૂ કરી હતી. ચીનના આરોગ્ય અધિકારીઓ હાલમાં HMPVને કોવિડ-19 વાઈરસની જેમ મહામારી માની રહ્યા નથી. ડ્રેગને ડિસેમ્બર 2024માં કહ્યું હતું કે તે આ રોગ સામે લડવા માટે પ્રોટોકોલ લગાવવા જઈ રહ્યો છે.

ચીનના રોગ નિયંત્રણ અને નિવારણ માટેના રાષ્ટ્રીય વહીવટીતંત્રે જણાવ્યું હતું કે તે શ્વાસોચ્છવાસની તકલીફો ધરાવતા ફ્લૂના દર્દીઓના કેસોની જાણ કરવા, ચકાસણી કરવા અને હેન્ડલ કરવા માટે લેબોરેટરીઓ માટે એક પ્રક્રિયા લાગુ કરશે. એક સત્તાવાર નિવેદન દર્શાવે છે કે 16 થી 22 ડિસેમ્બરના સપ્તાહમાં ચીનમાં શ્વસન સંબંધી રોગોની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે. SARS-CoV-2 (COVID-19) નામના હેન્ડલ પરથી X પર કરવામાં આવેલી એક પોસ્ટમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે ચીને ઈમર્જન્સી જાહેર કરી દીધી છે.

HMPV સિવાય, ઈન્ફ્લ્યુએન્ઝા એ, માયકોપ્લાઝ્મા ન્યુમોનિયા અને કોવિડ-19 વાઈરસ સહિત અન્ય ઘણા વાઈરસ ચીનમાં ઝડપથી ફેલાઈ રહ્યા હોવાનો દાવો કરવામાં આવે છે. એક સોશિયલ મીડિયા હેન્ડલે એવો પણ અહેવાલ આપ્યો છે કે ચીનમાં બાળકોની હોસ્પિટલોમાં ન્યુમોનિયા અને 'વ્હાઈટ લંગ'ના કેસોની સંખ્યામાં અચાનક વધારો થયો છે. ચીનના નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલે જણાવ્યું હતું કે તે દેશમાં શ્વસન અને મોસમી ઈન્ફ્લ્યુએન્ઝાના કેસોની બારીકાઈથી દેખરેખ રાખે છે અને આંતરરાષ્ટ્રીય એજન્સીઓના સંપર્કમાં છે.



### શું HMPV એ COVID-19 જેવો જ છે?

HMPV ફ્લૂ જેવાં લક્ષણોનું કારણ બને છે. વાઈરસ સામાન્ય રીતે ઉપલા શ્વસન માર્ગને અસર કરે છે પરંતુ કેટલીકવાર નીચલા શ્વસન માર્ગના સંક્રમણનું કારણ બની શકે છે. શિયાળામાં અને વસંતઋતુના પ્રારંભમાં HMPV ચેપ વધુ સામાન્ય છે. જ્યારે HMPV અને SARS-CoV-2 (COVID-19 માટે જવાબદાર વાઈરસ) અલગ-અલગ વાઈરલ સાથે સંબંધીત છે, તેઓમાં આશ્ચર્યજનક સમાનતા છે. બંને વાઈરસ મુખ્યત્વે માનવ શ્વસનતંત્રને નિશાન બનાવે છે, જે હળવાથી ગંભીર ચેપનું કારણ બને છે.

એચએમપીવી, કોવિડ-19ની જેમ, શ્વાસોચ્છવાસના ડ્રોપલેટ્સ (બોલતી વખતે અથવા ઉધરસ ખાતી વખતે મોંમાંથી નીકળતાં ટીપાં)ના સંપર્ક દ્વારા ફેલાય છે. બંને વાઈરસના ચેપનાં લક્ષણો સમાન છે, જેમ કે તાવ, ઉધરસ, ગળામાં દુખાવો અને શ્વાસ લેવામાં તકલીફ. કોરોના વાઈરસની જેમ, HMPV પણ બાળકો, વૃદ્ધો અને નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકોને અસર કરે છે. હ્યુમન મેટાપ્યુમોવાઈરસ (HMPV) એ એક વાઈરસ છે જેનાં લક્ષણો સામાન્ય શરદીનાં લક્ષણો જેવાં જ હોય છે.

## માલદીવ્સે વોશિંગ્ટન પોસ્ટના અહેવાલને ખોટો ગણાવ્યો...

# જેમાં મોદી સરકારે મુઈઝ્ઝુના તખ્તાપલટની કોશિશ કરી હોવાનો દાવો કરવામાં આવેલો

નવી દિલ્હી | માલદીવ્સે વોશિંગ્ટન પોસ્ટના અહેવાલને ખોટો ગણાવ્યો છે. ભારતની મુલાકાતે આવેલા માલદીવ્સના વિદેશ મંત્રી અબ્દુલ્લા ખલીલે શનિવારે એક ન્યૂઝ ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું કે કેટલાક લોકો બંને દેશોના સંબંધોમાં તિરાડ પેદા કરવા માગે છે. અમે તે સમાચાર જોયા છે. અમને ખબર નથી કે તેને આ માહિતી ક્યાંથી મળી. ખલીલે કહ્યું- આ અહેવાલ નકલી, ખોટો અને પાયાવિહોણો છે. આ અહેવાલમાં કોઈ સત્યતા નથી. માલદીવ્સ અને ભારત બંને સરકાર સમજે છે કે અમે અમારી વચ્ચે સારા અને મજબૂત સંબંધો બનાવવા માટે કામ કરી રહ્યા છીએ.

અબ્દુલ્લા ખલીલ ભારતના પ્રવાસે છે. તેઓ શુક્રવારે ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરને મળ્યા હતા. આ દરમિયાન ભારત અને માલદીવ્સ વચ્ચે દ્વિપક્ષીય વેપારમાં સ્થાનિક ચલણના ઉપયોગને પ્રોત્સાહિત કરવાની વાત થઈ હતી. જયશંકરે કહ્યું કે ભારત હંમેશા માલદીવ્સની સાથે ઊભું રહ્યું છે.




### ભારતે કહ્યું- વોશિંગ્ટન પોસ્ટની કોઈ વિશ્વસનીયતા નથી

ભારતે શુક્રવારે આ અહેવાલને ખોટો ગણાવ્યો હતો અને વોશિંગ્ટન પોસ્ટની વિશ્વસનીયતા પર સવાલ ઉઠાવ્યા હતા. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું- તમે તેમની પ્રવૃત્તિમાં પેટર્ન જોઈ શકો છો. તેમના પર વિશ્વાસ કરવો કે નહીં તે હું તમારા પર છોડી દઉં છું. જ્યાં સુધી અમારો સંબંધ છે, અમે માનીએ છીએ કે તેની કોઈ વિશ્વસનીયતા નથી. રિપોર્ટમાં દાવો- ભારતે ચૂંટણીને પ્રભાવિત કરવાનો પ્રયાસ કર્યો 30 ડિસેમ્બરના રોજ પ્રકાશિત વોશિંગ્ટન પોસ્ટના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે ભારતે માલદીવ્સમાં યોજાયેલી ચૂંટણીને પ્રભાવિત કરવાનો પ્રયાસ કર્યો હતો. મોદી સરકાર ઈચ્છતી હતી કે ભારત તરફી ઈબ્રાહિમ સોલિહ ચૂંટણી જીતે. જ્યારે મુઈઝ્ઝુએ ચૂંટણી જીતી ત્યારે મોદી સરકારે એક ભારત તરફી નેતાને માલદીવ્સના રાષ્ટ્રપતિ બનાવવાનો પ્રયાસ કર્યો.

એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે ભારતની ગુપ્તચર એજન્સી RAWએ માલદીવ્સના વિપક્ષી પક્ષના નેતાઓ સાથે રાષ્ટ્રપતિ મુઈઝ્ઝુને હટાવવા અંગે ચર્ચા કરી હતી. વોશિંગ્ટન પોસ્ટે દાવો કર્યો હતો કે તેની પાસે ડેમોક્રેટિક રિન્યુઅલ ઈનિશિયેટિવ નામના કેટલાક દસ્તાવેજો છે. મુઈઝ્ઝુને સત્તા પરથી હટાવવાની યોજના છે. રિપોર્ટ અનુસાર મુઈઝ્ઝુને સત્તા પરથી હટાવવા માટે 40 સાંસદોને લાંચ આપવાની યોજના બનાવવામાં આવી હતી. તેમાં મુઈઝ્ઝુની પાર્ટીના સાંસદો પણ છે. રિપોર્ટ અનુસાર, સાંસદો સિવાય સેના અને પોલીસના 10 વરિષ્ઠ અધિકારીઓ અને કેટલાક અપરાધી ગેંગને પણ પૈસા આપવાની યોજના બનાવવામાં આવી હતી.

### પૂર્વ રાષ્ટ્રપતિ નશીદે કહ્યું- ભારત આવું ક્યારેય નહીં કરે

જોકે, માલદીવ્સના પૂર્વ રાષ્ટ્રપતિ અને વિપક્ષી પાર્ટીના નેતા મોહમ્મદ નશીદે પણ આ અહેવાલને નકારી કાઢ્યો હતો. તેમણે કહ્યું હતું કે તેઓ આવા કોઈ ષડયંત્રથી વાકેફ નથી અને ભારત આવા ષડયંત્રને ક્યારેય સમર્થન આપશે નહીં. તેમણે કહ્યું કે ભારત ક્યારેય આવું પગલું નહીં ભરે, કારણ કે તે હંમેશા માલદીવ્સના લોકતંત્રનું સમર્થન કરે છે. ભારતે ક્યારેય અમારા પર શરતો લાદી નથી.

## 32થી વધુ ઘાયલ; બલૂચ આર્મીએ હુમલાની જવાબદારી લીધી

# પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં બસ પર આતંકી હુમલો: 4નાં મોત થયાં



ઈસ્લામાબાદ | શનિવારે બલૂચિસ્તાન લિબરેશન આર્મી (BLA)ના આતંકીઓએ પાકિસ્તાનના પશ્ચિમી પ્રાંત બલૂચિસ્તાનના તુર્બત શહેરમાં એક બસમાં બ્લાસ્ટ કર્યો હતો. જેમાં 4 લોકોનાં મોત થયા છે. આ સિવાય 32 અન્ય ઘાયલ છે. આ ઘાયલોમાંથી 5ની હાલત ગંભીર છે. હુમલામાં SSP રેન્કના વરિષ્ઠ પોલીસ અધિકારી અને તેમનો પરિવાર પણ ઘાયલ થયો હતો. પોલીસે આશંકા વ્યક્ત કરી છે કે બળવાખોરોએ એસએસપીને નિશાન બનાવવાના ઈરાદે બસ પર હુમલો કર્યો હતો. હાલ ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે.

હુમલા બાદ BLAના પ્રવક્તાએ એક વીડિયો જાહેર કર્યો અને હુમલાની જવાબદારી સ્વીકારી. અગાઉ ગયા મહિને પણ અહીં બોમ્બ વિસ્ફોટમાં બે લોકોનાં મોત થયા હતા. શનિવારે પાકિસ્તાનના પેશાવરના તહકલ વિસ્તારમાં બે જૂથો વચ્ચે ગોળીબારમાં 5 લોકોનાં મોત થયા હતા. આ સિવાય 6 અન્ય લોકો પણ ઘાયલ થયા છે. પોલીસના જણાવ્યા અનુસાર આ મામલો પરસ્પર અદાવતનો છે.

સ્થળ પર ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. જે લોકો ફરાર છે તેમની શોધખોળ કરવામાં આવી રહી છે. પોલીસના જણાવ્યા અનુસાર, એક પક્ષ લગ્ન સમારોહમાંથી પરત ફરી રહ્યો હતો ત્યારે તેઓનો સામનો બીજી પાર્ટી સાથે થયો હતો, ત્યારબાદ બંને પક્ષો વચ્ચે ગોળીબાર થયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, બંને પક્ષો વચ્ચે અગાઉ ઝઘડો ચાલતો હતો. આ મામલો પ્રોપર્ટી અને જૂના હત્યા કેસ સાથે જોડાયેલો છે. હાલ પોલીસ આ મામલાની તપાસમાં વ્યસ્ત છે. હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી.

# અફઘાનિસ્તાનમાં ફરી જોરદાર ભૂકંપ, 4.3ની તીવ્રતાએ ધરા ધ્રૂજી ઊઠતાં લોકો ફફડી ઊઠ્યા




(એજન્સી) કાબૂલ | તા 05

છેલ્લા કેટલાક સમયથી અફઘાનિસ્તાનમાં અનેક ભૂકંપના આંચકા અનુભવાયા છે અને આજે ફરી એકવાર વહેલી સવારે 4.3ની તીવ્રતાને ધરા ધ્રૂજી ઊઠતાં લોકો ફફડી ગયા હતા. જોકે આ ભૂકંપને કારણે હજુ સુધી કોઈ મોટી જાનહાનિના અહેવાલ સામે આવ્યા નથી. માહિતી અનુસાર આજે આવેલા ભૂકંપનું કેન્દ્ર પૃથ્વીની અંદર 170 કિ.મી. ઊંડાઈએ હતું. ઉલ્લેખનીય છે કે આ પહેલા 27 ડિસેમ્બરે પણ અફઘાનિસ્તાનમાં જોરદાર ભૂકંપના આંચકા અનુભવાયા હતા. એક પછી એક ભૂકંપના ઝટકાને કારણે લોકોમાં ડર બેસી ગયો છે. આ વખતે પણ સામાન્ય ઝટકો હોવા છતાં લોકો ડરના માર્યા ઘરની બહાર દોડી આવ્યા હતા.

## મેલોની ટ્રમ્પ અને યુરોપના સંબંધો ગાઢ બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે તેમ વિશ્લેષકો માને છે


# ઈટાલીનાં PM મેલોનીએ મસ્કની પ્રશંસા કરી કહ્યું : અમારા મૈત્રી સંબંધો છે

(એજન્સી) રોમ | તા 05

ઈટાલીનાં વડાપ્રધાન જ્યોર્જીયા મેલોનીએ એલન મસ્કની ભરપૂર પ્રશંસા કરી છે તેઓએ મસ્કને એક જીનીયસ કહેવા સાથે કહ્યું હતું કે ટ્રમ્પને તેઓએ સાથ આપ્યો છે તેથી તેમની છબી મોન્સ્ટર સમાન બનાવી દેવાઈ છે.

આ સાથે તેઓએ મસ્ક સાથેની તેઓની મૈત્રીનો પણ ઉલ્લેખ કર્યો હતો, અને કહ્યું હતું કે એ અબજોપતિ ટેક એન્ટ્રેપ્રેન્યોરનાં તેઓ પ્રશંસક છે. તેઓ ડોનાલ્ડ ટ્રમ્પનાં શાસનમાં મહત્ત્વની ભૂમિકા નિભાવી શકે તેમ છે. તે ભૂમિકા તેઓ ભજવશે જ.

એક ઈન્ટરવ્યુમાં મેલોનીએ કહ્યું હતું કે અમારા બંને વચ્ચે બહુ સારા સંબંધો પણ છે. મસ્ક એક ગિફ્ટેડ વ્યક્તિ છે. તેઓને મળવું ઘણું રોમાંચક છે. તેઓ આપણા યુગની એક મહાન વ્યક્તિ છે. ઈનોવેટર છે, તેઓએ તેમની નજર ભવિષ્ય પર રાખી છે. ઈટાલીનાં વડાપ્રધાને તેમ પણ કહ્યું કે મને તે જાણી હાસ્ય આવે છે કે જેઓ ગઈકાલ સુધી તેઓની તારીફ કરતા હતા તેઓ જ આજે તેઓને મોન્સ્ટર (રાક્ષસ) કહી રહ્યા છે. તેનું કારણ તે છે કે તેમ કહેનારાઓએ ખોટો રાજકીય માર્ગ લીધો છે. મેલોનીએ જે ટીપ્પણી કરી છે તેથી તે સાંભળતાઓ જાગે છે કે તેઓ ટ્રમ્પ સરકાર અને યુરોપને નજીક લાવવામાં મહત્વની ભૂમિકા નિભાવી શકશે. બે વર્ષ પૂર્વે દેશનાં વડાપ્રધાન થયાં તે પછી તેઓ ઝડપભેર રાજનેતા તરીકે આગળ આવ્યાં છે. રશિયા-યુક્રેન યુદ્ધમાં રશિયાની વિરૂદ્ધ યુક્રેનને કટ્ટર સમર્થન આપવા માટે પશ્ચિમના નેતાઓએ તેઓની ખુલ્લાં મને પ્રશંસા કરી હતી. તે ઉપરાંત તેઓએ ટ્રમ્પ અને હંગેરીના વડાપ્રધાન



વિક્ટર ઓરવાન જેવા જમણેરીઓ અને જમણેરી સંપ્રભુતાવાદીઓ (પ્રભુત્વ ઈચ્છતા નેતાઓ પ્રમુખો કે વડાપ્રધાનો) સાથે પણ સરસ સંબંધો રાખ્યા છે. તે સર્વવિદિત છે કે ટ્રમ્પ અને મસ્ક બંને કટ્ટર જમણેરીઓ છે. બીજી તરફ મસ્ક પણ મેલોનીના પ્રશંસક છે. સપ્ટેમ્બરમાં તેમની અને મેલોની વચ્ચે રોમાન્ટિક સંબંધો હોવાની અફવાને ફગાવી દીધી હતી. તેઓએ કહ્યું હતું કે મેલોની બહાર છે તે કરતાં હૃદયથી વધુ સુંદર છે. જ્યારે મેલોનીએ કહ્યું હતું કે સ્ત્રીપુરૂષની મૈત્રીને ખોટા દ્રષ્ટિકોણથી જોવા ન જોઈએ તે મૈત્રી શુદ્ધ હૃદયની પણ હોઈ શકે.

# ટ્રમ્પને પ્રમુખપદના શપથ પહેલાં સજા સંભળાવાય તેવી શક્યતા

(એજન્સી) ન્યૂયોર્ક | તા 05

અમેરિકામાં બીજી વખત પ્રમુખપદના શપથ લેવા જઈ રહેલા ડોનાલ્ડ ટ્રમ્પની મુશ્કેલીઓ વધી ગઈ છે. ન્યૂયોર્કની કોર્ટે ડોનાલ્ડ ટ્રમ્પને હશ મની કેસમાં દોષિત ઠેરવ્યા છે અને પ્રમુખપદે શપથ પહેલાં જ ડોનાલ્ડ ટ્રમ્પને અમેરિકન કોર્ટ હશ મની કેસમાં સજા સંભળાવે તેવી શક્યતા છે. ૨૦ જાન્યુઆરીએ પ્રમુખપદના શપથ પહેલાં ટ્રમ્પને ૧૦ જાન્યુઆરીએ કોર્ટ સજા સંભળાવે તેવી સંભાવના છે. જોકે, કોર્ટે સંકેત આપ્યા છે કે ટ્રમ્પને જેલ નહીં જવું પડે. આ સાથે અમેરિકન ઈતિહાસમાં પહેલી વખત કોઈ ચૂંટાયેલા પ્રમુખે કોર્ટનો સામનો કરવો પડશે.

ડોનાલ્ડ ટ્રમ્પના કેસની સુનાવણી કરી રહેલા ન્યાયાધીશ જુઆન એમ. મર્ચેને ચૂંટાયેલા પ્રમુખને જેલ થશે તેવી અટકળોને ફગાવી દીધી છે. તેમનું કહેવું છે કે ટ્રમ્પને જેલ કે દંડ કશું જ નહીં થાય. ૧૦ જાન્યુઆરીએ થનારી સુનાવણી દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પને સશરત છોડી મૂકવામાં આવી શકે છે. જોકે, ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના પહેલા દોષિત પ્રમુખ બનશે તે લગભગ નિશ્ચિત મનાય છે. આ સિવાય આગામી સુનાવણી માટે ડોનાલ્ડ ટ્રમ્પ કોર્ટમાં વ્યક્તિગત હાજર નહીં રહે. તેઓ વર્ચ્યુઅલ હાજરી આપશે.

ટ્રમ્પના કેસની સુનાવણી કરી રહેલા જજ જુઆન મર્ચેને સંકેત આપ્યા હતા કે તેઓ ભૂતપૂર્વ અને ભાવી પ્રમુખને શરતી ડિસ્ચાર્જ તરીકે ઓળખાતી સજા આપશે, જેમાં પ્રતિવાદી ફરીથી ધરપકડ ટાળે તો કેસ રદ થઈ જાય છે. જોકે, ડોનાલ્ડ ટ્રમ્પે પ્રમુખપદની મુક્તિના ધોરણે પોતાની સામેનો કેસ રદ કરવા અને આ કેસમાં ચૂકાદો ના આવે તે માટે જજ મર્ચેન પર દબાણ કર્યું હતું, પરંતુ તેઓ ટ્રમ્પના દબાણને વશ થયા નહોતા. જજે કહ્યું કે, તેમને ટ્રમ્પને સજા સંભળાવવામાં કોઈ કાયદાકીય અવરોધ જોવા મળ્યો નથી. તેથી ૨૦ જાન્યુઆરીએ ટ્રમ્પ પ્રમુખપદના શપથ લે તે પહેલાં જ તેઓ તેમને સજા કરી શકે છે.

આ પહેલાં ટ્રમ્પને સજાની તારીખ ઘણી વખત બદલવામાં આવી હતી. અગાઉ ૧૧ જુલાઈ ૨૦૨૩ના રોજ ટ્રમ્પને સજાની તારીખ નિશ્ચિત કરાઈ હતી, પરંતુ તેમના વકીલોની વિનંતી પર કાર્યવાહી બે વખત સ્થગિત કરવામાં આવી હતી. છેવટે પ્રમુખપદની ચૂંટણી પછી નવેમ્બરના અંતમાં તારીખ નક્કી કરાઈ હતી. જોકે, ત્યાર બાદ ટ્રમ્પ ચૂંટણી જીતી ગયા અને મર્ચેને કાર્યવાહી અટકાવી દીધી, જેથી તેઓ આગળ શું કરવું તે અંગે વિચારી શકે. જજ મર્ચેન ટ્રમ્પને સજાની જાહેરાત ના કરે ત્યાં સુધી આ અંગે કશું કહી શકાય તેમ નથી. જોકે તેમણે તેમણે કાયદા મુજબ પ્રોસેક્યુટર્સ અને ટ્રમ્પને તેમની વાત કહેવાની તક આપવી પડશે.

# ભારતમાં જે વ્યક્તિને લઈને હોબાળો મચ્યો એને જો બાઈડેને સર્વોચ્ચ નાગરિક સન્માન આપ્યું

(એજન્સી) વોશિંગ્ટન | તા 05

અમેરિકન પ્રમુખ જો બાઈડેને 14 લોકોને પ્રતિષ્ઠિત પ્રેસિડેન્શિયલ મેડલ ઓફ ફ્રીડમથી સન્માનિત કર્યા છે, જેમાં ભૂતપૂર્વ વિદેશ સચિવ હિલેરી ક્લિન્ટન, ફેશન ડિઝાઈનર રાલ્ફ લોરેન, ફૂટબોલ સુપરસ્ટાર લિયોનેલ મેસી, પૂર્વ સંરક્ષણમંત્રી દિવંગત એશ્ટન કાર્ટર અને ઈન્વેસ્ટર જ્યોર્જ સોરોસનો પણ સમાવેશ થાય છે. બાઈડેને શનિવારે અમેરિકન પ્રમુખના સત્તાવાર નિવાસસ્થાન અને કાર્યાલય વ્હાઈટ હાઉસ ખાતે એવોર્ડ વિજેતાઓને અમેરિકાના સર્વોચ્ચ નાગરિક સન્માનથી સન્માનિત કર્યા.



વ્હાઈટ હાઉસે કહ્યું કે આ પ્રતિષ્ઠિત પુરસ્કાર એવા વ્યક્તિઓને આપવામાં આવે છે કે જેમણે અમેરિકાની સમૃદ્ધિ, મૂલ્યો અથવા સુરક્ષા, વૈશ્વિક શાંતિ અથવા અન્ય મહત્વપૂર્ણ સામાજિક, જાહેર અથવા ખાનગી પ્રયાસોમાં યોગદાન આપ્યું છે. વ્હાઈટ હાઉસે કહ્યું કે આ એવોર્ડ માટે પસંદ કરાયેલ બિલ ક્લિન્ટન, લોરેન, મેસ્સી, કાર્ટર અને સોરોસ સહિત 19 વ્યક્તિઓ એવા મહાન લીડર છે જેમણે અમેરિકા અને વિશ્વને એક સારી જગ્યા બનાવી છે. ખરેખર તો અમેરિકન પ્રમુખ જો બાઈડેને 19 લોકોને દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન રાષ્ટ્રપતિ મેડલ ઓફ ફ્રીડમથી સન્માનિત કર્યા છે. જેમાં પૂર્વ યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ હિલેરી ક્લિન્ટન, અભિનેતા માઈકલ જે. ફોક્સ, U2 રોક બેન્ડ ફ્રન્ટમેન બોનો, અનુભવી નિવૃત્ત બાસ્કેટબોલ ખેલાડી ઈરવિન મેજિક જોન્સન અને અન્યનો સમાવેશ થાય છે. જ્યારે સમારંભ દરમિયાન તેમના નામની જાહેરાત કરવામાં આવી ત્યારે હિલેરી ક્લિન્ટને ઉપસ્થિત લોકો તરફથી સ્ટેન્ડિંગ ઓવેશન પ્રાપ્ત કર્યું હતું.

ઓપન સોસાયટી ફાઉન્ડેશનના સ્થાપક જ્યોર્જ સોરોસને પણ પ્રેસિડેન્શિયલ મેડલ ઓફ ફ્રીડમ એનાયત કરવામાં આવ્યો છે. તેમના પુત્ર એલેક્સ સોરોસે તેમના વતી સન્માન સ્વીકાર્યું. મરણોપરાંત એવોર્ડ મેળવનારાઓમાં ભૂતપૂર્વ એટર્ની જનરલ રોબર્ટ ફ્રાન્સિસ કેનેડી, ભૂતપૂર્વ યુએસ સેક્રેટરી ઑફ ડિફેન્સ એશ્ટન બાલ્ડવિન કાર્ટર, મિસિસિપી ફ્રીડમ ડેમોક્રેટિક પાર્ટીના સ્થાપક ફેની લૌ હેમર અને મિશિગનના ભૂતપૂર્વ ગવર્નર જ્યોર્જ રોમનીનો સમાવેશ થાય છે.

# છત્તીસગઢના અબુઝમાડમાં સુરક્ષાદળોએ કર્યું એન્કાઉન્ટર, 4 નક્સલીઓ ઠાર, 1 હેડ કોન્સ્ટેબલ શહીદ

(એજન્સી) અબૂઝમાડ | તા.05

છત્તીસગઢના અબૂઝમાડ ક્ષેત્રમાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે થયેલી અથડામણમાં ચાર નક્સલવાદીઓ ઠાર થયા છે. તેમના શબ જપ્ત કરવામાં આવ્યા છે. આ અથડામણમાં સુરક્ષા દળોએ એક-47 અને એસએલઆર સહિત ઓટોમેટિક હથિયારો પણ જપ્ત કર્યા છે.દંતેવાડા ડીઆજીના હેડ કોન્સ્ટેબલ સન્નુ કરમ આ અથડામણમાં શહીદ થયા છે. સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ હજી ચાલુ છે. જેમાં ડીઆરજી (ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ) અને એસટીએફ (સ્પેશિયલ ટાસ્ક ફોર્સ)ના જવાનો તૈનાત છે.

આ અથડામણ છત્તીસગઢના નક્સલ પ્રભાવિત નારાયણપુર અને દંતેવાડા જિલ્લા સુધી વિસ્તરી છે. પોલીસ કર્મીઓએ જણાવ્યા મુજબ, આ અથડામણ નારાયણપુર-અબુઝમાડ બોર્ડર પરથી શરૂ થઈ છે. આ ઓપરેશનમાં આસપાસના ચાર જિલ્લાના સુરક્ષાદળો સામેલ છે.

પોલીસ કર્મીઓએ જણાવ્યું હતું કે, નક્સલ વિરોધી અભિયાનમાં ડીઆરજી અને એસટીએફની સંયુક્ત ટીમને



અબુઝમાડ જિલ્લામાં રવાના કરી હતી. આ ટીમ સાંજે 6.00 વાગ્યે નક્સવાદ પ્રભાવિત વિસ્તારમાં પ્રવેશતાં જ નક્સલવાદીઓએ ગોળીબાર શરૂ કર્યો હતો. જેના જવાબમાં સુરક્ષાદળોએ કાર્યવાહી કરી હતી.

## છત્તીસગઢમાં પત્રકારની હત્યામાં 3ની ધરપકડ

છત્તીસગઢમાં તંગદિલી સતત વધી રહી છે. શુક્રવારે બીજાપુર જિલ્લામાં પત્રકાર મુકેશ ચંદ્રાકરની હત્યા થઈ હતી. તેનો મૃતદેહ બીજાપુર શહેરના ચટ્ટાનપારા બસ્તીમાં સુરેશ ચંદ્રાકરની માલિકીના પરિસરમાં એક સેપ્ટિક ટેન્કમાંથી મળી આવ્યો હતો. આ મામલે ત્રણ આરોપી મુકેશના પિતરાઈ ભાઈ રિતેશ ચંદ્રાકર, દિનેશ ચંદ્રાકર અને મહેન્દ્ર રામટેકેની ધરપકડ કરવામાં આવી છે. તપાસ કાર્યવાહી માટે એક સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમની પણ રચના કરવામાં આવી છે. મુકેશ ચંદ્રાકર 1 જાન્યુઆરીની રાતથી ગુમ હતો. મુખ્ય આરોપી સુરેશ ચંદ્રાકર કોંગ્રેસનો નેતા અને કોન્ટ્રાક્ટર છે. પરંતુ કોંગ્રેસે દાવો કર્યો છે કે, સુરેશ ભાજપમાં સામેલ થયો હતો. સુરેશ હાલ ફરાર છે.

ફાયર વિભાગે ઘરના સભ્યોને સુરક્ષિત બહાર કાઢ્યા

# મધ્યપ્રદેશમાં ચાર્જિંગ વખતે EVની બેટરીમાં બ્લાસ્ટ, 11 વર્ષની બાળકીનું મોત, 2 ઈજાગ્રસ્ત

(એજન્સી) રતલામ | તા.05

મધ્યપ્રદેશના રતલામના લક્ષ્મણપુર પીએનટી કોલોની સ્થિત એક મકાનમાં મોટો અકસ્માત થયો છે. ચાર્જિંગ માટે મૂકેલા સ્કૂટરમાં આગ લાગી ગઈ હતી. સ્કૂટરની બાજુમાં જે એક્ટિવા પાર્ક કરેલું હતું તે પણ આગની લપેટમાં આવી ગયું હતું. અકસ્માતમાં એક 11 વર્ષની બાળકીનું મોત થઈ ગયું અને અન્ય બે લોકો ઈજાગ્રસ્ત થયાં છે. મળતી માહિતી મુજબ, પીએનટી કોલોનીમાં રહેતાં ભગવતી મૌર્ય અને તેના પરિવારના લોકો ઈ-સ્કૂટર ચાર્જિંગમાં મૂકીને સુઈ ગયા હતાં. રાત્રે ચાર્જિંગ પૂરુ થયાં



બાદ તેમાં એકાએક આગ લાગી ગઈ અને તેના કારણે બાજુમાં પડેલી એક્ટિવા પણ આગની લપેટમાં આવી ગઈ. આગ લાગતા સમયે ઘરમાં તમામ સભ્ય સૂઈ રહ્યા હતાં. ધુમાડો થવાથી બાળકીની ઊંઘ ખુલી તો તેણે મદદ માટે બૂમ પાડી. આસપાસના લોકોએ આગ ઓલવવાનો પ્રયાસ શરૂ કર્યો અને ફાયર વિભાગને આ વિશે સૂચના આપી. ફાયર વિભાગે ઘરના સભ્યોને સુરક્ષિત બહાર કાઢ્યા, પરંતુ 11 વર્ષની બાળકી અંતરા ચૌધરી અંદર જ રહી ગઈ હતી. થોડીવાર બાદ બાળકીને પણ બહાર કાઢવામાં આવી, પરંતુ ત્યાં સુધી તે એટલું બળી ગઈ હતી કે તેની અંદર જ મોત થઈ ગઈ હતી. અંતરા પોતાની માતા સોનાલીની સાથે પોતાના નાના ભગવતી મૌર્યના ઘરે આવી હતી. તેને રવિવારે સવારે ગુજરાતના વડોદરામાં પરત આવવાનું હતું.

## મધ્ય પ્રદેશના સિંગરોલીમાં સેપ્ટિક ટેન્કમાંથી 4 યુવકના મૃતદેહ મળ્યા

### ઘરેથી ન્યૂ યરની પાર્ટી કરવા નીકળ્યા હતા

(એજન્સી) સિંગરોલી | તા.05

મધ્ય પ્રદેશના સિંગરોલીમાં એક ઘરની સેપ્ટિક ટાંકીમાંથી ચાર મૃતદેહ મળી આવ્યા હતા. આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ હતી. માહિતી મળતાં જ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને તપાસ શરૂ કરી હતી. પોલીસના જણાવ્યાનુસાર, શનિવારે (ચોથી જાન્યુઆરી) આ અંગે માહિતી મળી હતી, ત્યારબાદ સેપ્ટિક ટેન્ક ખોલવામાં આવી હતી. તેમાં ચાર યુવકોના મૃતદેહ મળી આવ્યા હતા. ઘટના અંગે માહિતી એકત્ર કરવામાં આવી રહી છે. પરિવારજનો પાસેથી પણ માહિતી લેવામાં આવી રહી છે. સ્થાનિક લોકોની પૂછપરછ દરમિયાન પોલીસને પ્રાથમિક માહિતી મળી હતી કે ચારેય યુવકો નવા વર્ષની પાર્ટી કરતા જોવા મળ્યા હતા. મૃતકો પૈકી એક મકાનમાલિકનો પુત્ર છે જેની પાછળ સેપ્ટિક ટેન્ક આવેલી છે. તેણે મકાન ભાડે આપ્યું હતું અને પરિવાર સાથે અન્ય જગ્યાએ રહેતો હતો. મકાનમાલિકના જણાવ્યા અનુસાર, તેમનો પુત્ર પહેલી જાન્યુઆરીએ ત્રણ મિત્રો સાથે ઘર છોડી ગયો હતો. તે આમાંથી બે યુવકોને ઓળખતો ન હતી. પાર્ટી સેલિબ્રેટ કરીને ચારેય લાપતા હતા. ટાંકીમાંથી દુર્ગંધ આવતા ગ્રામજનોએ પોલીસને જાણ કરી હતી.

શોકગ્રસ્ત પરિવાર પ્રત્યે મારી દિલથી સંવેદના."

## જમ્મુ-કાશમીરમાં મોટી દુર્ઘટના, કિશ્તવાડમાં ખીણમાં ખાબકી કાર, 4નાં કમકમાટીભર્યા મોત, 2 ઈજાગ્રસ્ત

(એજન્સી) કિશ્તવાડ | તા.05

જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડ જિલ્લામાં રવિવારે એક વાહન ખીણમાં ખાબકતાં ચાર લોકોના કમકમાટીભર્યા મૃત્યુ થયા હતા. જ્યારે અન્ય બે લાપતા હોવાની જાણકારી મળી રહી છે. પોલીસે જણાવ્યું કે, પદ્દારથી માસુ ગામ તરફ જતી એક કાર દુર્ઘટનાગ્રસ્ત થતાં ખીણમાં ખાબકી હતી. દુર્ઘટનામાં ચાર મુસાફરો મૃત્યુ પામ્યા હતા જ્યારે અન્ય બે ગુમ છે. ગુમ થયેલા લોકોની શોધખોળ શરૂ કરી દેવામાં આવી હતી. મૃતકોની ઓળખ રાજ કુમાર, મુકેશ કુમાર, હકીકત સિંહ અને સતીશ કુમાર તરીકે થઈ હતી. આ લોકો ગઢ, પદ્દાર, કિશ્તવાડના રહેવાસી છે.કેન્દ્રીય મંત્રી ડો જીતેન્દ્ર સિંહે ટ્વિટર પર આ મામલે એક પોસ્ટ કરી હતી કે "હમણાં જ એ જાણીને દુઃખ થયું કે એક કારના ગમખ્વાર અકસ્માતમાં મુસાફરી કરી રહેલા ચાર મુસાફરો ઘટનાસ્થળે જ મૃત હાલતમાં મળી આવ્યા. ડ્રાઈવર સહિત અન્ય બે વ્યક્તિઓનો હજુ સુધી પત્તો લાગ્યો નથી. શોકગ્રસ્ત પરિવાર પ્રત્યે મારી દિલથી સંવેદના."



## બસ આટલું લખી IIT ઈન્દોરના વિદ્યાર્થીએ ગળે ફાંસો ખાધો

### 'ઓનલાઈન બેટિંગ એપ નશા જેવી છે...'

(એજન્સી) દેહરાદૂન | તા. 05

વિદ્યાર્થીએ વોટ્સએપ પર સ્ટેટસ પર લખ્યું હતું કે, 'ઓનલાઈન બેટિંગની એપ નશા સમાન છે. હું આમાં ફસાઈ ગયો છું, તેથી આ પગલું ભરી રહ્યો છું.'સિમરોલ પોલીસે શનિવારે (ચોથી જાન્યુઆરી) વિદ્યાર્થીના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. તેમજ પરિવારને જાણ કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, 17 વર્ષીય રોહિત મૂળ તેલંગાણાના નાલગોંડા જિલ્લાનો રહેવાસી હતો. તે આઈઆઈટીમાં બી. ટેકના પહેલા વર્ષમાં હતો અને કેમ્પસમાં વિક્રમ સારાભાઈ હોસ્ટેલમાં રહેતો હતો.

રોહિત રૂમમાં હતો. લગભગ 8.30 વાગ્યે તેના મિત્રો આવ્યા અને તેને જમવા માટે ડાઈનિંગ હોલમાં જવાનું કહ્યું, પરંતુ રોહિતે ના પાડી. જ્યારે મિત્રો રાત્રિભોજન કરીને પાછા ફર્યા તો તેઓએ જોયું કે રોહિત લટકતો હતો. વિદ્યાર્થીઓએ આ અંગે હોસ્ટેલના વોર્ડનને જાણ કરી હતી. પોલીસ પણ પહોંચી અને મૃતદેહને બહાર કાઢ્યો અને પોસ્ટમોર્ટમ માટે જિલ્લા હોસ્પિટલમાં લઈ ગયો. શનિવારે પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું.

પોલીસે રોહિતના રૂમમાં સ્યુસાઈડ નોટ શોધી હતી, પરંતુ તે મળી ન હતી.

## ભાજપ-કોંગ્રેસ વચ્ચે શું તફાવત છે?

# રાહુલ ગાંધીએ IIT મદ્રાસના વિદ્યાર્થીના સવાલનો આપ્યો જવાબ



કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ શનિવારે IIT મદ્રાસના વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન રાહુલે કહ્યું કે, ખાનગીકરણ અને નાણાકીય પ્રોત્સાહનો દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રાપ્ત કરી શકાતું નથી. તેમણે શિક્ષણ પર વધુ ખર્ચ કરવા અને જાહેર સંસ્થાઓને મજબૂત કરવા માટે સરકારોના મહત્વ વિશે વાત કરી હતી.

### ગુણવત્તાયુક્ત શિક્ષણની ગેરેન્ટી આપવી એ સરકારની જવાબદારી

IIT મદ્રાસના વિદ્યાર્થીઓ સાથે યોજાયેલી બેઠકમાં રાહુલ ગાંધીએ ઘણા મુદ્દાઓ પર વાતચીત કરી હતી. લોકસભામાં વિપક્ષના નેતાએ શિક્ષણ પ્રણાલીમાં સુધારો કરવા માટે થનારા ફેરફારો વિશે પણ વાત કરી હતી. રાહુલે કહ્યું કે, 'મારું માનવું છે કે, કોઈ પણ સરકારની સૌથી મોટી જવાબદારી પોતાના લોકોને ગુણવત્તાયુક્ત શિક્ષણની ગેરેન્ટી આપવી જોઈએ. તેને ખાનગીકરણ અને નાણાકીય પ્રોત્સાહનો દ્વારા પ્રાપ્ત ન કરી શકાય. આપણે શિક્ષણ અને સરકારી સંસ્થાઓને મજબૂત કરવા માટે ઘણા પૈસા ખર્ચવાની જરૂર છે.'

### ભાજપ-કોંગ્રેસ વચ્ચે શું તફાવત છે?

રાહુલે વિદ્યાર્થીઓ સાથે પોતાની વાતચીતનો એક વીડિયો X પર પણ પોસ્ટ કર્યો હતો. વિદ્યાર્થીઓએ રાહુલને પૂછ્યું કે કામ કરવાની રીતમાં કોંગ્રેસ અને ભાજપમાં શું તફાવત છે? તેના પર રાહુલે કહ્યું કે, કોંગ્રેસ સામાન્ય રીતે માને છે કે સંસાધનોની વહેંચણી વધુ ન્યાયી રીતે થવી જોઈએ અને વિકાસ વ્યાપક અને સમાવેશી હોવો જોઈએ.

રાહુલે કહ્યું કે, ભાજપ વિકાસને લઈને માત્ર આક્રમક છે, પરંતુ તે આર્થિક દૃષ્ટિકોણથી 'ટ્રિપલ ડાઉન'માં વિશ્વાસ રાખે છે. આપણે સામાજિક મોરચે પણ કામ કરવું પડશે, લોકો જેટલા ઓછા લડશે તેટલું દેશ માટે સારું રહેશે.

### શિક્ષા પ્રણાલીમાં સમસ્યાઓ

રાહુલે કહ્યું કે, 'આંતરરાષ્ટ્રીય સંબંધોના મોરચે પણ કોંગ્રેસના અન્ય દેશો સાથે જે રીતે સંબંધો હતા, ભાજપના શાસનમાં કદાચ કેટલાક મતભેદો છે. દેશની શિક્ષણ વ્યવસ્થા જે રીતે ગોઠવવામાં આવી છે તેમાં ગંભીર સમસ્યાઓ છે. આપણી શિક્ષણ પ્રણાલી બાળકોના વિચારને ખીલવા નથી દેતી.'

### બાળકો જે કરવા માગે છે તે કરવા દો

કોંગ્રેસ સાંસદે વધુમાં કહ્યું કે, કન્યાકુમારીથી કાશ્મીર સુધીની ભારત જોડો યાત્રા દરમિયાન મેં હજારો બાળકો સાથે વાત કરી અને તેમને પૂછ્યું કે તમે શું બનવા માગો છે. વિદ્યાર્થીઓએ મને કહ્યું કે, અમે વકીલ, ડૉક્ટર, એન્જિનિયર અથવા જવાન બનવા માગીએ છીએ. આના પર રાહુલે કહ્યું કે, એવું ન હોઈ શકે કે દેશમાં માત્ર પાંચ જ કામ હોય, પરંતુ આપણી શિક્ષણ વ્યવસ્થા આના પર ભાર આપી રહી છે. તેમણે કહ્યું કે શિક્ષણ પ્રણાલીએ બાળકોને જે કરવું હોય તે કરવા દેવું જોઈએ અને તેમને ઘણી વસ્તુઓનો અનુભવ કરવા દેવો જોઈએ.

## નવી હળિયાદ ગામના મહિલ મંડળની બહેનો દેલવાડા ગામે ગુપ્ત પ્રયાગ વૃદ્ધાશ્રમની મુલાકાતે

બગસરાના જુની - નવી હળિયાદ ગામના મહિલા મંડળના બહેનોએ ઉના તાલુકાના દેલવાડા ગામે ગુપ્ત પ્રયાગ વુધ્ધાશ્રમની મુલાકાતે લય વડિલો સાથે સત્સંગ કરી એક લાગણી સભર પારીવારીક દ્રશ્યો જોવા મળ્યા..

અશોક મણવર | અમરેલી

અમરેલીના બગસરા શહેરમાં વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ દ્વારા મહિલા સશક્તિકરણની વિવિધ પ્રવૃતિઓ ચાલી રહી છે ત્યારે સંયુક્ત કુટુંબો તુટી રહ્યા છે જુની પેઢી અને નવી પેઢી વચ્ચે અંતર વધી રહ્યું છે, પરીણામે કુટુંબ પારીવારીક સંબંધો સામે અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે તેવા સમયે વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી દેવચંદભાઈ સાવલિયાના માર્ગ દર્શન હેઠળ અનેક કાર્યક્રમોનુ આયોજન કરાયું છે ત્યારે મહિલા મંડળની બહેનો દ્વારા માવતરના ઘેર કાર્યક્રમ ચાલી રહ્યો છે જેમાં બગસરા તાલુકાના જુની - નવી હળિયાદ ગામના મહિલા મંડળની બહેનો દ્વારા ઉના તાલુકાના દેલવાડા ગામે ગુપ્ત પ્રયાગ વુધ્ધાશ્રમની મુલાકાત લીધી જ્યાં વડિલો સાથે સત્સંગ કરી એક લાગણીસભર પારીવારીક વાતાવરણ વચ્ચે આમ લોક સંવેદના જગાડવા માટે આ એક નવતર અભિગમથી અનેક બહેનોના જીવનમા હકારાત્મક અભિગમ વિકસે રહ્યો છે, પરીણામે વૈચારિક પરિવર્તન પણ જોવા મળે છે પારીવારીક ભાવના મજબૂત બનાવવા માટેના નવતર પ્રયાસના સારા પરીણામો જોવા મળી હોવાનું દેવચંદભાઈ સાવલિયાએ જણાવ્યું.




## દિલ્હીના યુવકે બ્રાઝિલિયન મોડેલ બની ડેટિંગ એપથી 700 યુવતીઓને ફસાવી

નવી દિલ્હી | ડેટિંગ એપ પર અનેક ફ્રોડ ચાલી રહ્યા છે, આવુ જ એક ફ્રોડ કે છેતરપિંડીની ઘટના દિલ્હીમાં સામે આવી છે. દિલ્હી પોલીસે એક ૨૩ વર્ષના યુવકની ધરપકડ કરી છે. આ યુવકે પોતાની મૂળ ઓળખ છુપાવીને પોતાને વિદેશી મોડલ બતાવી ઓનલાઈન અનેક યુવતીઓને ફસાવી હતી. યુવતીઓ સાથે દોસ્તી કર્યા બાદ તેની ગુપ્ત તસવીરો કે વીડિયો મંગાવતો હતો, જે મળી ગયા બાદ યુવતીઓ પાસેથી રૂપિયા માગતો હતો, જો રૂપિયા ના આપે તો તસવીરો-વીડિયો વાયરલ કરવાની ધમકી આપતો હતો. દિલ્હી પોલીસે તુષાર બિષ્ટ નામના આરોપીની ધરપકડ કરી હતી.

# કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ નારાજ, પત્નીને ટિકિટ ન આપતાં દિગ્ગજ નેતાએ પાર્ટીને 'રામ-રામ' કર્યા, ભાજપમાં જોડાયા

(એજન્સી) ઉત્તરાખંડ | તા. 05

ઉત્તરાખંડમાં 23 જાન્યુઆરીના રોજ નગર નિગમની ચૂંટણી યોજાવાની છે. આ ચૂંટણીમાં પ્રદેશ કોંગ્રેસના એક દિગ્ગજ નેતાની પત્નીને ટિકિટ ન મળતાં તેમણે પક્ષ સાથે છેડો ફાડી નાખ્યો છે. આ દિગ્ગજ નેતા પ્રદેશ કોંગ્રેસના ઉપાધ્યક્ષ મથુરા દત્ત જોષી છે. મથુરા દત્ત જોષી શનિવારે મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીની ઉપસ્થિતિમાં ભાજપમાં સામેલ થયા હતાં. તદુપરાંત કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય તથા રાજ્યના મંત્રી બિટ્ટુ કર્ણાટક અને કોંગ્રેસ નેતા જગત સિંહ ખાટી પણ ભાજપમાં જોડાયા છે. બિટ્ટુ કર્ણાટક રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી હરિશ રાવતના અંગત સભ્યો પૈકી એક છે. કોંગ્રેસના આ ત્રણેય નેતાઓ ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામી તથા ભાજપ પ્રદેશ અધ્યક્ષ મહેન્દ્ર ભટ્ટની ઉપસ્થિતિમાં ભાજપમાં જોડાયા હતાં.

**પત્નીને ટિકિટ ન મળતા નાખુશ** | કોંગ્રેસે મથુરા દત્ત જોષીની પત્નીને ટિકિટ ન આપતાં મથુરા પક્ષથી નાખુશ થયા હતા. મથુરા દત્ત જોષીએ જણાવ્યું કે, 'હું 1978માં કોંગ્રેસ પક્ષ સાથે જોડાયો હતો. બૂથ સ્તરથી માંડી સંગઠ બનાવવામાં મદદ કરી હતી. પક્ષ હંમેશાથી કામ કરાવતો રહે છે, પરંતુ ક્યારેય તેનુ ઈનામ આપતો નથી.'

**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**

નં. WR-ADI0COMM(2PRM)/1/2020-25303 તારીખ: 02.01.2025

**પાર્કિંગ કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી**

અમદાવાદ ડિવિઝન ના નીચે મુજબના આઈઆરઈપીએસ વેબસાઈટ પર પહેલે થી પ્રકાશિત કરવામાં આવેલ, કેટલોગ માટે પાર્કિંગ કોન્ટ્રાક્ટ્સની ઈ-હરાજી માટે બીડ્સ આમંત્રિત કરવામાં આવેછે.

| કેટલોગ નં | કોન્ટ્રાક્ટનો પ્રકાર | કેટેગરી | સ્ટેશનનું નામ | ઈ-હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| પાર્કિંગ-એડીઆઈ-24 | પે એન્ડ પાર્ક | પાર્કિંગ | કલોલ | લોટ્સ માટે ઈ-હરાજી તા.16-01-2025 ના 13:00 કલાકે શરૂ થશે. |

નોંધઃ 1. પ્રસ્તાવિત બિડર્સને IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ-હરાજી લિઝીંગ મોડ્યુલની મુલાકાત લેવાની અને હરાજીમાં ભાગ લેતાં પહેલાં તેમને પોતાને રજીસ્ટર્ડ કરાવવાની વિનંતી કરવામાં આવે છે. 2. નિર્ધારીત હરાજી થી સંબંધિત કોઈપણ પૂછપરછ માટે, કૃપા કરી srdcm@adi.railnet.gov.in ખાતે અમારો સંપર્ક કરો.

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly 286

# ઉ. ગુજરાતમાં 21.10 કિલોમીટરની હાફમેરેથોન દોડ યોજાઇ

મહેશ સોલંકી | પાલનપુર

ઉત્તર ગુજરાતમાં પ્રથમ વખત પાલનપુરના બાલારામથી 21.10 કિલોમીટરની હાફમેરેથોન દોડ રવિવારે યોજાઇ હતી. બાલારામથી રામપુરા સુધી 3,10 અને 21.10 કિલોમીટરની હાફમેરેથોન દોડમાં 21.10 કિલોમીટરમાં 230,10 કિલોમીટરમાં 620 અને 3 કિલોમીટરમાં 650 દોડવીરો ભાગ લીધો હતો. રોટરી ક્લબ પાલનપુર સીટી દ્વારા યુવા પેઢીનાં ફિટનેસ અને જાગૃત કરવા માટે દોડનું આયોજન કરવામાં આવ્યું છે.ઉત્તર ગુજરાતમાં પ્રથમ વખત રવિવારે આંતરરાષ્ટ્રીય ધારા ધોરણ પ્રમાણે 21.10 કિલોમીટરની હાફમેરેથોન દોડ યોજાઇ હતી.જે બાલારામથી ઉકરડા થઈને રામપુરા 10.5 કિલોમીટર પુરું થાયુ હતુ. અને ત્યાંથી બાલારામ સુધી પરત આવતા 21.10 કિલોમિટર દોડ પૂરી થઈ હતી. બાલારામથી રામપુરા સુધી 3,10 અને 21.10 કિલોમીટરની હાફમેરેથોન દોડમાં 21.10 કિલોમીટરમાં 230 દોડવીરો,10 કિલોમીટરમાં 620 અને 3 કિલોમીટરમાં 650 દોડવીરો ભાગ લીધો હતો.ગિનીશ બુક ઓફ વર્ડ રેકોર્ડનાં પ્રતિનિધિ કે જેમણે લીમકાબુક રેકોર્ડ,નેશનલ રેકોર્ડ, અને ગુજરાતના પહેલા આર્યનમેન અને દોડના રેસ ડાયરેક્ટર અમદાવાદનાં લિહાશભાઈ ત્રિવેદી ખાસ ઉપસ્થીત રહ્યા હતા.ખાસ મહત્વની વાત છે કે, જે દોડવીરો દોડ્યા હતા તેમને ચીપ વાળો બીબ લગાવવામાં આવી હતી.જેનાથી દોડવીરની નામથી લઈને દોડવા સુધીની સંપૂર્ણ માહિતી ઓટોમેટિક ક્લિક થઈ હતી. આ દોડમાં અમદાવાદના 100 થી વધુ દોડવીરો પણ ભાગ લીધો હતો.ઉપરાંત 100 દિવ્યાંગ લોકો, 100 પોલીસ જવાનો, 20 બીએસએફ જવાનો પણ જોડાયા હતા. બનાસકાંઠા જિલ્લાના જિલ્લા જજ સુભદ્રા કે.બક્ષી દોડને લીલીઝંડી આપી હતી જેમાં ધારાસભ્ય અનિકેતભાઈ ઠાકર, રોટરી ક્લબ ના પ્રમુખ બકુલભાઈ શાહ, મંત્રી તરુણભાઈ ગુપ્તા સહિતના રોટરી ક્લબના હોદ્દેદારો હાજર રહ્યા હતા. તેમજ ડિસ્ટીક ગવર્નર ના હસ્તે વિજેતાઓને ઈનામ અને ટ્રોફી આપવામાં આવી હતી.

### ઉત્તર ગુજરાતમાં પ્રથમ વખત

પાલનપુરના બાલારામથી રામપુરા સુધી 3,10 અને 21.10 કિલોમીટરની હાફમેરેથોન દોડ યોજાઇ



## છોટુ બાબા 32 વર્ષથી નાહ્યા જ નથી! મહાકુંભમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા

(એજન્સી) પ્રયાગરાજ | તા. 05

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં આયોજિત મહાકુંભ મેળા 2025માં દેશ-વિદેશથી સાધુ-સંતો પધારી રહ્યાં છે. આ વચ્ચે આસામના કામાખ્યા પીઠથી આવેલા ગંગાપુરી મહારાજ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. 57 વર્ષીય ગંગાપુરી મહારાજને છોટુ બાબાના નામે પણ ઓળખવામાં આવે છે. શિયાળાની શરૂઆત થતાં જ ઘણા લોકો નાહવાનું બંધ કરી દેતા હોય છે ત્યારે, 3 ફૂટ 8 ઈંચના છોટે બાબાએ દાવો કર્યો છે કે, તેઓ 32 વર્ષથી નાહ્યા જ નથી. તેઓ કામાખ્યા પીઠના જૂના અખાડાના નાગા સંત છે. તેઓ તન કરતાં મનની શુદ્ધતામાં માને છે.

**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**

**વિદ્યુતીકૃત રેલવે ટ્રેકની આસપાસ પતંગ ચગાવવાના સંદર્ભમાં સાર્વજનિક સૂચના**

જાહેર જનતાને જાણ માટે સૂચના આપવામાં આવે છે કે અમદાવાદ ડિવિઝનના ગેરતપુર-અમદાવાદ-સાબરમતી-ગાંધીનગર, સાબરમતી-ખોડિયાર-કલોલ, ગાંધીનગર-કલોલ, કાલોલ-મેહસાણા, મેહસાણા-પાલનપુર, મેહસાણા-વડનગર-વરેઠા, મેહસાણા-વિરમગામ, પાલનપુર-સામાખિયાળી, મેહસાણા-પાટણ-ભીલડી, ઝૂંડ-ખારાઘોડા અને ચાંદલોડિયા-વિરમગામ- સામાખિયાળી, સામાખિયાળી-ગાંધીધામ-કંડલા, આદિપુર-ભુજ, આદિપુર-મુન્દ્રા પોર્ટ અને અમદાવાદ- હિંમતનગર સેકશનો પર ઓવરહેડ વોલ્ટેજ વિદ્યુત તારોના માધ્યમથી 25000 AC વોલ્ટ પર રેલવે ટ્રેકને વિદ્યુતીકૃત કરવામાં આવેલ છે. ત્યાં ઓવરહેડ ટ્રેકશન તારોમાં ફસાયેલ પતંગો અને દોરાને હટાવવા માટેનું કાર્ય જોવા મળે છે. જેનાથી માનવ જીવનને નુકશાન થઈ શકે છે. 25000 વોલ્ટ ઓવર હેડ ટ્રેકશન તારોથી ફસાયેલ પતંગો અને દોરાને નિકાળતા સમયે માનવ જીવન માટે જોખમ બની રહે છે અને ઓવરહેડ ટ્રેકશન તાર તૂટી શકે છે. જેનાથી રેલવે આવાગમન ગંભીરરૂપથી બંધ થઈ શકે છે અને માનવજીવનને નુકશાન પહોંચી શકે છે. તદ્ઉપરાંત આ પણ સૂચના આપવામાં આવે છે કેટલાક પતંગના દોરા ધાતુ પાઉડર કોટિંગથી યુક્ત હોય છે. જે કારણે ઓવર હેડ ટ્રેકશન તારો (OHE)ની આસ-પાસ પતંગ ચગાવતી સમયે માનવ જીવનને નુકશાન પહોંચી શકે છે. અંતમાં જાહેર જનતાથી વિનંતી છે કે તે રેલવે ટ્રેકની સમીપ પતંગ ચગાવવા/ રેલવેના હાઈ વોલ્ટેજ ટ્રેકશન તારો પરથી પતંગ કાઢવી/દોરા પર ધાતુ પાઉડર કોટિંગનો ઉપયોગ કરવાથી બચો કેમકે તેનાથી માનવ જીવનને જોખમ થઈ શકે છે તથા અન્ય લોકોને પણ આવું ન કરવા સલાહ આપવામાં આવે છે.

ધન્યવાદ તારીખ: 01.01.2025

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly 284

સિટી એક્સપ્રેસ
MONDAY 06 JANUARY-2025
AHMEDABAD

## પત્નીને ભરણપોષણની રકમ ના આપતા જવું પડયું જેલમાં

અમદાવાદ | વટવા ખાતે સ્મૃતિ વિહાર સોસાયટી, પીડી પંડ્યા કોલેજ રોડ, ઘોડાસર, અમદાવાદ ખાતે પોતાના પરિવાર સાથે રહેતા ગુલશનકુમાર જયપ્રકાશ આસવાની (સિંધી)ને પોતાની પત્ની જ્યોતિબેન ગુલશન કુમાર આસવાની સિંધી સાથે અણબનાવ થતા, પતિ ઘર છોડીને ચાલ્યો ગયેલ હતો અને પત્ની જ્યોતિબેન નિરાધાર હાલતમાં વટવા ખાતે પોતાના માતાપિતા સાથે રહેતી હોય, મહિલાને પોતાના પતિ સાથે અણબનાવ થતા, અમદાવાદ એડી.ચીફ મેટ્રો. મેજી. કોર્ટમાં ભરણપોષણ માટે અરજી કરવામાં આવેલ હતી. નામદાર કોર્ટ દ્વારા મહિલાના પતિ ગુલશનકુમાર જયપ્રકાશ આસવાનીને ભરણપોષણની રકમ નક્કી કરી, ભરણપોષણ ચુકવવા હુકમ કરવામાં આવેલ હતો.

## માર્ગ મકાન વિભાગમાં ખાસ સચિવ તરીકે કાયમી નિમણૂક

ગાંધીનગર | માર્ગ મકાન વિભાગના સચિવ એ.કે.પટેલ જાન્યુઆરીના અંતે વયનિવૃત્ત થઈ રહ્યા છે. તે પહેલા સરકારે ખાસ સચિવ તરીકે પી.આર.પટેલિયાની કાયમી નિમણૂંક કરી છે.સામાન્ય વહિવટ વિભાગ- GADના અધિક મુખ્ય સચિવ- ACS કમલ દયાણીની સહીથી શનિવારે સાંજે પ્રસિધ્ધ નોટિફિકેશનમાં સ્ટાફ ટ્રેનિંગ કોલેજના ચીફ ઈજનેર પી.આર.પટેલિયાને માર્ગ મકાન વિભાગના ખાસ સચિવપદે પ્રમોટ કર્યાનુ જાહેર કર્યુ હતુ. ઉલ્લેખનિય છે કે, ગતવર્ષે વિભાગમાં ખાસ સચિવની જગ્યા ઉભી કર્યા બાદ પટેલિયા પાસે જ તેનો ચાર્જ હતો. આથી, છેક હવે જઈને સરકારે તેમને કાયમી નિમણૂંક આપી છે.



**પારદર્શી વહીવટની ગુલબાંગ છતાં... ઉચ્ચ અધિકારી પર કાર્યવાહી નહિવત**

# 10 વર્ષમાં AMCમાં રસીદકાંડથી લઈને ભરતીકાંડ સુધીનો સિલસિલો

(એજન્સી) અમદાવાદ I તા. 05

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પારદર્શી વહીવટ આપવાની સત્તાધારી ભાજપની ગુલબાંગ છતાં, છેલ્લા દસ વર્ષમાં વી. એસ. હોસ્પિટલના બોગસ રસીદકાંડથી લઈ ટેક્નિકલ સુપરવાઈઝર ભરતીકાંડ સુધીના બનાવોની હારમાળા જોવા મળી છે. વિપક્ષે શનિવારે (4 જાન્યુઆરી) મ્યુનિસિપલ કોર્પોરેશનના ભરતીકાંડના રાક્ષસની પ્રતિકૃતિ સાથે મેયરને આવેદનપત્ર આપી ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને સસ્પેન્ડ કરવાની માંગણી કરી હતી. મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રોડ તૂટવાનુ કૌભાંડ હોય કે 40 કરોડ રૂપિયાના ખર્ચથી બનાવવામાં આવેલા હાટકેશ્વર બ્રિજનું કૌભાંડ હોય. વિપક્ષ તરફથી થોડા સમય માટે દેખાવ કરવામાં આવ્યા બાદ વિપક્ષ, વહીવટી તંત્ર અને સત્તાધારી પક્ષ ત્રણેય અંદરોઅંદર સમજૂતી કરી લેતા હોય છે અને છેલ્લે પિસાવાનું તો પ્રજાને આવતું હોય છે.

અમદાવાદમાં વર્ષ- 2005થી ભાજપ સત્તાસ્થાને છે. વીસ વર્ષના સમયમાં અનેક નાના-મોટા કાંડ કે કૌભાંડ પણ થયા છે. તેમ છતાં કાંડ કે કૌભાંડમાં મ્યુનિસિપલ કોર્પોરેશન વહીવટીતંત્રમાં ફરજ બજાવતા કોઈ ઉચ્ચ અધિકારીને તાત્કાલિક ઘરે બેસાડી દેવામાં આવ્યા હોય તેવું AMC ના દસ વર્ષના ઈતિહાસમાં જોવા નથી મળ્યું. જયારે પણ હોબાળો થાય એ સમયે નાના કર્મચારી કે અધિકારીને સસ્પેન્ડ કરી વિવાદને સમાવવા વહીવટીતંત્ર અને સત્તાધારી પક્ષ પ્રયાસ કરતા હોય છે. ત્યારબાદ વિપક્ષને પણ પાછલે બારણે બેઠક કરી સમજાવી લેવામાં આવતો હોય છે. બદલાતા સમયની તાસિર કહો અથવા ઘટતી યાદશકિત, સમય જતાની સાથે બધા બધુ ભુલી જતાં હોય છે અને ફરી એકવખત ફરીથી રાબેતામુજબ કાંડ અને કૌભાંડનો સિલસિલો ચાલુ જ રહેતો હોય છે. વર્ષ 2013-14 માં મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત વી. એસ. હોસ્પિટલમાં બોગસ રસીદકાંડ બહાર આવ્યુ હતુ. જે પછી મ્યુનિ.તંત્ર તરફથી માત્ર જાણવાજોગ ફરિયાદ એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી હતી. હાલ આ મામલો કેટલે પહોંચ્યો એ મુદ્દે કોઈ બોલવા પણ તૈયાર નથી. કદાચ આ પારદર્શી વહીવટની પરિભાષા હશે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કાંડ અને કૌભાંડમાં સંડોવાયેલા કર્મચારી કે અધિકારીને સસ્પેન્ડ અથવા તો નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યા પછી ફરી પાછા નોકરીમાં હાજર કરવા માટે અગાઉથી જ બધી ગોઠવણ વહીવટીતંત્ર અને સત્તાધારીપક્ષ તરફથી કરવામાં આવતી હોય છે. દયાની અરજીના ઓઠા હેઠળ આક્ષેપિત કર્મચારી કે અધિકારી પાસેથી દયાની અરજી મંગાવી અપીલ સબ કમિટી સમક્ષ રજૂ કરવામાં આવતી હોય છે.

**AMC ના દસ વર્ષના કાંડ-કૌભાંડની યાદી**

| વર્ષ | કૌભાંડ |
|---|---|
| 2013 | વી. એસ. હોસ્પિટલ બોગસ રસીદકાંડ |
| 2016 | એલ.જી હોસ્પિટલમાં મોતિયાકાંડ |
| 2016 | જાન્યુઆરીમાં નગરી હોસ્પિટલમાં મોતિયાકાંડ |
| 2016 | બોડકદેવ સિવિક સેન્ટરમાં કેશ કૌભાંડ |
| 2017 | 400 કરોડના રોડ તૂટવાનું કૌભાંડ |
| 2017 | આઈ.ઓ.સીના બોગસ બિલ બનાવવાનું કૌભાંડ |
| 2019 | આસિ. મ્યુનિ. કમિશનરની ભરતીમાં કાંડ |
| 2022 | પ્રોપર્ટી ટેક્સમાં 200થી વધુ એન્ટ્રી ક્રેડિટ કરવાનું કૌભાંડ |
| 2023 | હાટકેશ્વર બ્રિજ મામલે તત્કાલિન સિટી ઈજનેર સસ્પેન્ડ |
| 2025 | ટેક્નિકલ સુપરવાઈઝર ભરતીકાંડ |

**સર્જનાત્મકતા દર્શાવવા માટે પ્લેટફોર્મ**

## વડાપ્રધાને એક્સ ઉપર અમદાવાદના ફ્લાવરશો ની ઝલકલોકો સમક્ષ મુકી

(એજન્સી) અમદાવાદ I તા.05



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદના ઈન્ટરનેશનલ ફ્લાવરશોની ઝલક વિડીયો સ્વરુપમાં એક્સ ઉપર લોકો સમક્ષ મુકી હતી. આ પ્રકારના શો સર્જનાત્મકતા દર્શાવવા માટે પ્લેટફોર્મ પુરુ પડે છે.મને આ શો માટે લગાવ છે.મેં મારા મુખ્યમંત્રીકાળમાં આ જોયો છે આ પ્રકારની અભિવ્યકિત વ્યકત કરી હતી.અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ત્રીજી જાન્યુઆરીથી ઈન્ટરનેશનલ ફ્લાવરશો શરુ થયો છે. આ શોને લઈ વડાપ્રધાને એક્સ ઉપર પોસ્ટ મુકી કહયુ, આવા શો કુદરતની સુંદરતાની ઉજવણી કરે છે અને ટકાઉપણા વિશે જાગૃતિને પ્રેરણા આપે છે.આ પ્રકારના શો સ્થાનિક ખેડૂતો, માળીઓ અને ઉત્સાહીઓને તેમની સર્જનાત્મકતા દર્શાવવા માટેનુ એક પ્લેટફોર્મ આપે છે.

**ઇસનપુર પોલીસે 10 દિવસમાં એનડીપીએસના ત્રણ કેસ કર્યા**

## ઇસનપુર પોલીસે રૂા. 83 હજારનું 8.320 ગ્રામ ડ્રગ્સ પકડયું



(એજન્સી) અમદાવાદ I તા.05

ઈસનપુર સહિત પૂર્વ વિસ્તારમાં યુવાધનને બરબાદીના માર્ગ દોરવા માટે અસામાજિક તત્વો નશીલા પદાર્થનું વેચાણ કરીને પકડીઓ બનાવીને વેચાણ કરી રહ્યા છે. ઈસનપુર પોલીસે ચોક્કસ બાતમી આધારે ઈસનપુર મિલ્લતનગર પાનવાળી ચાલીમાં ફિરદોસ નગરના મેદાનમાં દરોડો પાડયો હતો અને ઘરમાંથી રૂા. ૮૩ હજારના ૮.૩૨૦ગ્રામ એમ.ડી ડ્રગ્સ સાથે આરોપીને ઝડપી પાડયો હતો.

ચાની કીટલી ધરાવતો શખ્સ ઘરેથી ઈસનપુર પોલીસે ઘરમાં દરોડો પાડી ગાદલા નીચેથી રોકડા ૫૮ હજાર સહિત રૂા. ૧.૫૨ લાખનો મુદ્દમાલ કબજે કર્યો

ઈસનપુર વિસ્તારમાં રહેતા અને પાનવાળી ચાલીમાં ફિરદોસ નગરના મેદાનમાં ચાની કીટલી ધરાવતા શખ્સ નશીલા પદાર્થનું વેચાણ કરતા હોવાની માહિતી મળી હતી જેને લઈને પોલીસે પંચો સાથે રાખીને આરોપીના ઘરમાં દરોડો પાડયો હતો અને ઘરમાંથી ગાદલાની નીચેથી બેગમાં સંતાડેલો એમ.ડી.ડ્રગ્સનો જથ્થો કબજે કર્યો હતો.

આરોપીની રૂ. ૮૩ હજારના ૮.૩૨૦ગ્રામ એમ.ડી ડ્રગ્સ સાથે ધરપકડ કરી હતી, આરોપીની પૂછપરછમાં તે જુહાપુરાના એક શખ્સ પાસેથી ડ્રગ્ઝનો જથ્થો લાવ્યો હતો અને છુટક વેચાણ કરતો હતો. જેથી પોલીસે આરોપી પાસેથી રોકડા રૂા. ૫૮,૩૮૦ સહિત કુલ રૂા.૧.૫૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આરોપી છેલ્લા ઘણા સમયથી ચાની કીટલીની આડમાં ડ્રગ્સનો ધંધો કરતો હોવાની શંકા સેવાઇ રહી છે. મહત્વનું એ છે કે ઈસનપુર પોલીસે છેલ્લા ૧૦ દિવસમાં પંકચરની ટયુબ અને ડ્રગ્સ સહિત એનડીપીએસના ત્રણ કેસ કર્યા છે.

**કૌભાંડમાં જવાબદાર અધિકારીઓ સામે પણ પગલા લેવામાં આવે અને તેના પર કાર્યવાહી કરવામાં આવે**

# અમદાવાદ મહાનગર પાલિકાના પરિસરમાં થયો ‘રૂપિયાનો વરસાદ'! કોંગ્રેસનો ભરતી કાંડ મામલે વિરોધ

(એજન્સી) અમદાવાદ I તા.05

અમદાવાદ શહેરના મહાનગર પાલિકાના પરિસરમાં નોટોનો વરસાદ થયો હતો. વિપક્ષ કોંગ્રેસ દ્વારા એએમસી ભરતી પ્રક્રિયામાં કૌભાંડ અને ભ્રષ્ટાચાર થતો હોવાના આરોપ સાથે નકલી ચલણી નોટો લઈને ઉડાવવામાં આવી હતી. એએમસીની મુખ્ય બિલ્ડીંગ ખાતે પરિસરમાં બેસી વિરોધ પ્રદર્શન સાથે અનોખો વિરોધ નોંધાવ્યો હતો. એએમસીમાં દશમુખી રાવણના પોસ્ટર સાથે દસ રૂપિયા ભ્રષ્ટાચાર થયા હોવાનો આરોપ વિપક્ષે લગાવ્યો હતો. વિપક્ષની માંગણી હતી કે, ટેકનિકલ સુપરવાઈઝરની ભરતી પ્રક્રિયામાં થયેલા કૌભાંડમાં જવાબદાર અધિકારીઓ સામે પણ પગલાં લેવામાં આવે અને તેના પર કાર્યવાહી કરવામાં આવે.



એએમસી વિપક્ષ નેતા શહેજાદ ખાન પઠાણે જણાવ્યું હતું કે, “અમદાવાદ મહાનગર પાલિકાની ઈજનેર વિભાગની ટેકનિકલ સુપરવાઈઝરની ભરતીમાં થયેલી ગેરરીતિમાં હજુ પણ મોટા અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી નથી. માત્ર હેડ ક્લાર્ક જેવા અધિકારીઓ સામે કાર્યવાહી અને પોલીસ ફરિયાદ કરી મોટા અધિકારીઓને બચાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. એએમસી છેલ્લા વર્ષોમાં થયેલી તમામ ભરતી પ્રક્રિયાની તપાસની માંગણી કરીએ છીએ. અમદાવાદ મહાનગર પાલિકા ભ્રષ્ટાચારનું કેન્દ્ર બન્યું છે. તેથી તેના વિરોધમાં એએમસી પરિસરમાં પૈસાની નોટો ઉડાવી વિરોધ નોંધાવ્યો છે.”

વધુમાં શહેજાદ ખાન પઠાણે જણાવ્યું હતું કે, “ભરતી પ્રક્રિયામાં ગેરરીતિ થઈ છે તેના માટે ડેપ્યુટી કમિશનર આર્જવ શાહ પણ જવાબદાર છે તેમને તાત્કાલિક સસ્પેન્ડ કરવા જોઈએ. અગાઉ પણ ફાયર વિભાગની ભરતી કરવા બાબતે જેની સામે વિજિલન્સ તપાસ લાંબા સમયથી ચાલતી હતી. તેઓને રાતોરાત ક્લીનચીટ આપી પ્રમોશનથી નવાજવામાં આવ્યા છે. ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર અને આસિસ્ટન્ટ કમિશનર જેવી પોસ્ટની બાબતે મ્યુ. તંત્ર લેખિત પરીક્ષા લઈને મેરિટ લિસ્ટ તૈયાર કર્યા બાદ ભરતી કરવામાં આવે છે.”

વધુમાં શહેજાદ ખાન પઠાણે જણાવ્યું હતું કે, “ભરતી પ્રક્રિયામાં ગેરરીતિ થઈ છે તેના માટે ડેપ્યુટી કમિશનર આર્જવ શાહ પણ જવાબદાર છે તેમને તાત્કાલિક સસ્પેન્ડ કરવા ભરતી કૌભાંડ મુદ્દે મેયર પ્રતિભાબહેન જૈને પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, “કમિશનરને પત્ર લખવામાં આવ્યો છે કે જે કસૂરવાર હોય તેની સામે કાર્યવાહી કરવામાં આવે, પરીક્ષામાં થયેલી ગેરરીતિની જાણ થતાં શાસકો દ્વારા જ નિર્ણય લઈ જવાબદાર અધિકારી સામે કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસ ફરિયાદ પણ એએમસીએ નોંધાવી છે. વધુ તપાસ પોલીસ કરી રહી છે.” નોંધનીય છે કે, એએમસીની ઈજનેર વિભાગના ટેકનિકલ સુપરવાઈઝરની ૭૩ બેઠક માટે પરીક્ષા અને ભરતી પ્રક્રિયા કરાઈ હતી.

## દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં આવેલા જોધપુર વોર્ડમાં રુપિયા નવ કરોડના ખર્ચે લાયબ્રેરી બનશે

(એજન્સી) અમદાવાદ I તા.05

અમદાવાદના દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં આવેલા જોધપુર વોર્ડમાં રુપિયા નવ કરોડના ખર્ચે લાયબ્રેરી બનાવવા રોડ કમિટીએ દરખાસ્ત મંજૂર કરી છે. લાયબ્રેરીમાં સ્ટડીરુમ ઉપરાંત લેકચરરુમ ,આઉટડોર કાફે સહીતની સુવિધા ઉપલબ્ધ કરાવાશે.જોધપુર વોર્ડમાં આવેલી ટી.પી.સ્કીમ નંબર-૨૪ના ફાઈનલ પ્લોટ નંબર-૪૮માં ૧૯૩૪ ચોરસમીટરના પ્લોટ એરીયામાં બેઝમેન્ટ ઉપરાંત ગ્રાઉન્ડ,ફર્સ્ટ અને સેકન્ડ ફલોર ઉપર વિવિધ પ્રકારની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે.સ્ટોરરુમ,સર્વરરુમ ઉપરાંત ગ્રાઉન્ડ ફલોર ઉપર વીસ બેઠક ધરાવતુ આઉટડોરકાફે બનાવવામાં આવશે.પહેલા માળ ઉપર બોર્ડરુમ,લાયબ્રેરી, ત્રીસબેઠક સાથેનો કેઝયુઅલરુમ, મેલ અને ફીમેલ રુમ તૈયાર કરવામાં આવશે.બીજા માળ ઉપર લાયબ્રેરી ઉપરાંત ત્રીસ બેઠક સાથેનો ટ્રેનિંગ કમ સ્ટડીરુમ,૬૦ બેઠક સાથેનો લેકચરરુમ તેમજ દસ બેઠક ધરાવતો ઓનલાઈન સ્ટડીરુમ અને ત્રીસ બેઠક ધરાવતો કેઝયુઅલ રીડીંગરુમ તૈયાર કરાવવામાં આવશે.

**જવાબદાર તંત્ર દ્વારા અપાયેલું નવી લાઇનનું તકલાદી જોડાણ ગણતરીના કલાકોમાં છુટી જતાં**

# સે-12/13ના અન્ડરપાસ વિસ્તારમાં ભર શિયાળે જળબંબાકાર

(એજન્સી) ગાંધીનગર I તા.05

સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત પાટનગરમાં મીટર મુકીને ૨૪ કલાક પાણી આપવાની યોજનામાં થતી તકલાદી કામગીરી સરકારને છાશવારે નીચાજોણું કરાવે છે. રાત્રે હયાત લાઇન સાથે નવી લાઇન જોડયા બાદ સવારે પાણી છોડવાની સાથે જ જોડાણ છુટી જવાથી સેક્ટર ૧૨-૧૩ના અન્ડરપાસ આસપાસ વિસ્તારમાં ચારો તરફ પાણી ફરી વળ્યા હતાં. ગણતરીના દિવસોમાં જ ફરી જળબંબાકારની સ્થિતિથી સ્થાનિક રહેવાસીઓ અને વાહન ચાલકોમાં આક્રોષ ભભૂકી ઉઠયો હતો.

પાણી પુરવઠા વિભાગ દ્વારા પાણી વિતરણ વ્યવસ્થાનું નવું નેટવર્ક ઉભુ કરાઇ રહ્યું છે. આ કામગીરી ધીમી ગતિએ થવાના કારણે યોજના વિલંબે ચાલી રહી છે અને તેની નોંધ મુખ્યમંત્રી કાર્યાલય સુધી લેવામાં આવી છે. એકથી વધુ વખત આ યોજના પુરી કરવા માટેની સમય મર્યાદાના લંબાવવામાં આવી છે. ત્યારે કોન્ટ્રાક્ટરો દ્વારા કરવામાં આવી રહેલી કામગીરી અતંર્ગતના થુંકના સાંધા છાશવારે પોત પ્રકાશવા લાગ્યાં છે. સમયાંતરે વિવિધ સેક્ટરમાં કરવામાં આવતી ટેસ્ટિંગની કામગીરી વખતે પાઈપો ફાટી જવી અને કનેક્શન છુટી જવાના કારણે મોંઘા ભાવના પાણીનો તો મોટી માત્રામાં વેડફાટ થઇ રહ્યો છે. પહેલા નગરવાસીઓ પાણીની પાઈપ લાઈનો નાંખવા માટે કરાયેલા આડેધડ ખોદકામના કારણે હાલાકી વેઠતાં રહ્યા હતાં. ત્યાર બાદ અયોગ્ય પુરાણના કારણે પડતાં ભૂવાઓની હાલાકી વેઠી અને હજુ પણ સેક્ટરોમાં આ યોજનાઓનાં કારણે જ રોડના નવીનીકરણ નહીં થવાથી સમસ્યા વેઠી રહ્યાં છે. ત્યારે એક સપ્તાહ દરમિયાન જ સેક્ટર ૧૪માં ટેસ્ટિંગ ખતે પાણી પાણીના દશ્યો સર્જાયા બાદ શનિવારે સેક્ટર ૧૨, ૧૩ના અન્ડરપાસ આસપાસના વિસ્તારમાં ફરી ચોમેર પાણી ફરી વળ્યા હતાં.



### તૂટી ગયેલું નવું નક્કોર જોડાણ ફરીવાર જોડી દેવામાં આવ્યું

સેક્ટર ૧૨, ૧૩ના અન્ડરપાસ વિસ્તારમાં સવારે ભારે ચોમાસામાં ભરાતાં અને ચોમેર રેલાતા, ફેલાતાં પાણીના દશ્યો વગર ચોમાસે જોવામાં આવ્યા હતાં. હયાત લાઈન સાથે ૨૪ કલાક પાણી આપવા માટેની લાઈનને જોડવામાં આવી હતી. પરંતુ આ કામગીરી તકલાદી પુરવાર થઇ હતી. રાત્રે જોઈન્ટ માર્યા બાદ સવારે પાણી છોડવામાં આવ્યું તેની સાથે જ ધડાકાભેર નવો નક્કોર જોઈન્ટ ખુલી ગયો હતો. જોકે આ મુદ્દે અધિકારી સુત્રો દ્વારા જણાવવામાં આવ્યું કે બન્ને લાઈન પરનું આ જોડાણ ફરીવાર સ્થાપિત કરી દેવામાં આવ્યું છે

### ૨૦૦ કરોડ વધુનો ખર્ચ છતાં લાલિયાવાડીની સ્થિતિ

સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત રૂપિયા ૫૫૦ કરોડની યોજના અંતર્ગત શહેરમાં પાણી અને ગટરનું નવું નેટવર્ક સ્થાપવામાં આવી રહ્યું છે. તેમાં ૨૪ કલાક અને ત્રીજા માળ સુધી પીવાનું પાણી પહોંચાડવામાં આવશે તેવો દાવો પણ કરવામાં આવ્યો છે. પાણીનું નવું નેટવર્ક સ્થાપવા પાછળ રૂપિયા ૨૦૦ કરોડ ઉપરાંતનો ખર્ચ અંદાજ મુકવામાં આવેલો છે. પરંતુ પાણી પુરવઠા વિભાગનાં કથિત આંખ મીંચામણા વચ્ચે કોન્ટ્રાક્ટરો દ્વારા કામગીરીમાં ચલાવાયેલી લાલિયાવાડીથી આગામી દિવસોમાં પણ આવા દ્રશ્યો સર્જાતા રહી શકે તેમ છે.

# ગિફ્ટ સિટીમાં ભૂકંપના આંચકા મોકડ્રિલથી કર્મચારીઓમાં દોડાદોડ

## 28 મિનિટમાં 1700 કર્મચારીઓને બિલ્ડીંગમાંથી બહાર કાઢવામાં ફાયર બ્રિગેડને સફળતા મળી

**સ્થિતિ બેકાબૂ... ગાંધીનગર નજીક નવી ઊંચી ઈમારતો આકાર પામી રહી છે...**

(એજન્સી) ગાંધીનગર I તા.05

ગાંધીનગર શહેર નજીક આવેલી ગિફ્ટ સિટીમાં આજે ભૂકંપના આંચકા અને આગ સમયે કરવાની થતી બચાવ કામગીરી અંગે મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું અને ગિફ્ટ સિટીની ફાયર બ્રિગેડ દ્વારા ૨૮ મિનિટમાં ૧૭૦૦ જેટલા કર્મચારીઓને સલામત રીતે બહાર કાઢીને આ મોકડ્રીલને સફળ બનાવવામાં આવી હતી.

હાલમાં પાટનગર ગાંધીનગર શહેર સહિત આસપાસના વિસ્તારોમાં ઊંચી ઈમારતો આકાર પામી રહી છે ત્યારે અહીં આગ અકસ્માત કે ભૂકંપ જેવી ઘટનાઓ સંદર્ભે કેવી રીતના બચાવ કામગીરી કરવી તે માટે ફાયર બ્રિગેડ દ્વારા અવારનવાર મોકડ્રીલનું આયોજન કરવામાં આવતું હોય છે ત્યારે આજે સવારના સમયે ગાંધીનગર શહેર નજીક આવેલી વૈશ્વિક ઓળખ ધરાવતી ગિફ્ટ સિટીના ટાવર વનમાં ભૂકંપના આંચકાની સાથે આગ લાગી હોવાનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. બનાવની જાણ થતાં માત્ર ત્રણ મિનિટોમાં જ ગિફ્ટ સિટી ફાયર એન્ડ ઈમરજન્સી સવસના ચીફ ઓફિસર અમર પાંડે પોતાના કાફલા સાથે ઘટનાસ્થળે દોડી ગયા હતા. ઉપરાંત આપત્કાલીન સ્થિતિમાં કેઝયુલીટીમાં સમયસર



મેડિકલ સારવાર મળી રહે એ રીસ્પોન્સ ચેક કરવા મોક ડ્રીલમાં એમ્બ્યુલન્સ પણ બોલાવી લેવાઈ હતી. બાદમાં ફાયર બ્રિગેડની ટીમે બિલ્ડીંગમાં ફસાયેલા કર્મચારીઓને સલામત રીતે બિલ્ડિંગની બહાર કાઢવાની શરૂઆત કરી હતી. ભૂકંપની સાથે બિલ્ડીંગના ઈલેક્ટ્રીક રૂમની પેનલમાં આગ લાગવાનો મેસેજ પણ છોડવામાં આવ્યો હતો. જેથી ફાયરની ટીમ દ્વારા અત્યાધુનિક સાધનો સાથે બિલ્ડીંગના ઈલેક્ટ્રીક રૂમની આગ ઉપર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો અને માત્ર ૨૮ મિનિટનાં સમયગાળામાં બિલ્ડીંગમાંથી ૧૭૦૦થી વધુ કર્મચારીઓને સલામત રીતે બહાર કાઢી સુરક્ષિત સ્થળે ખસેડીને આગ ઉપર પણ કાબુ મેળવી લેવાયો હોવાનો રીપોર્ટ મોકડ્રીલ દરમિયાન કરાયો હતો.

**પોલીસે મહેસાણાના ત્રણ શખ્સો સામે ગુનો નોંધી ધરપકડ કરી**

# 1000નો મેમો આપતા ક્રેનમાંથી નીચે ઉતારી પોલીસ કર્મચારી માર્યા

(એજન્સી) અમદાવાદ I તા.05

એરપોર્ટમાં સરદાર પટેલના સ્ટેચ્યુ પાસે નો પાકગમાં ગાડી ઉભી રાખી હોવાથી ટ્રાફિક પોલીસે રૂા.૧૦૦૦નો ઓનલાઇન ઇ મેમો આપ્યો હતો. જેથી આરોપીઓએ ગાળો બોલીને ટ્રાફિક પોલીસ કર્મચારીને ક્રેનમાંથી ઉતારીને તેમની સાથે મારા મારી કરી હતી અને તમે પાંચ હજારની માંગણી કરી હોવાનો આક્ષેપ કરવા લાગ્યા હતા. આ અંગે ટ્રાફિક પોલીસ કોન્સ્ટેબલે એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણ આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. પાંચ હજારની માંગણી કરો છો તેવા આક્ષેપો સાથે દાદાગીરી કરી હતી પોલીસે મહેસાણાના ત્રણ શખ્સો સામે ગુનો નોંધી ધરપકડ કરી

ચિલોડામાં રહેતા અને ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં પોલીસ કોન્સ્ટેબલે એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં મહેસાણાના જિલ્લાના ત્રણ લોકો સામે ફરિયાદ નોંધાવી છે કે ફરિયાદી એરપોર્ટ પર અદાણી પ્રાઈવેટ ક્રેનમાં ઓપરેટર તરીકે નોકરી કરે છે. આજે સવારે તઓ ક્રેન લઇને એરપોર્ટ ઉપર પેટ્રોલીંગ કરી રહ્યાં હતા. જ્યારે એરપોર્ટ સરદાર પટેલ સ્ટેચ્યુ પાસેથી ક્રેન લઇ પાસર થઇ રહ્યાં હતા. ત્યારે મહેસાણા પાસિંગની ગાડી નો સ્ટોપમાં ઉભી હતી. જેથી તેઓ ક્રેન લઇ ગાડી પાસે ગયા ત્યારે ત્યાં ગાડીનો ડ્રાઈવર પણ ઉભો હતો. જેથી તેમણે ડ્રાઈવરનું લાયસન્સ માગતા ગિરીશ પટેલ લખેલ હતું. જેથી ટ્રાફિક પોલીસે તેમને રૂ. ૧૦૦૦ રૂપિયાનું ઇ ચલણ મેમો આપ્યો હતો. ત્યારે ગાડીમાં સાથે આવેલ યુવક કહેવા લાગ્યો હતો કે કેમ મેમો આપ્યો છે. બીજી ગાડીઓ ઉભી રહેલી છે તેમને કેમ મેમો આપતા નથી. ત્યારે ફરિયાદીએ કહ્યું કે, તમને મેમો આપી દીધો છે તમે જાવ. જે બીજા લોકો છે તેમની પાસે જઇ તેમને પણ મેમો આપીશું એટલું કહેતા જ ડ્રાઈવર અને યુવક બન્ને પોલીસને ગાળો આપવા લાગ્યા હતા. ઉપરાંત ક્રેનના ઇન્ચાર્જની ફેંટ પકડી ક્રેનમાંથી નીચે ઉતારીને માર મારીને બન્નેએ અન્ય હાજર પોલીસ જવાન સાથે મારા મારી કરી હતી અને ગાળો બોલીને બુમો પાડી કહેવા લાગ્યા હતા કે તમારે પાંચ હજાર રૂપિયા જોઇએ છે. તેવો આક્ષેપ કરવા લાગ્યા હતા. બીજી તરફ ઝપાઝપી થતા આસપાસના લોકો આવી ગયા હતા અને પોલીસ કંટ્રોલરૂમમાં ફોન કરતા એરપોર્ટ પોલીસ આવી ગઇ હતી. પોલીસે પોલીસ પર હુમલો કરનારા ત્રણયેને ઝડપી લીધા હતા.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...